સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 102 ■ વિક્રમ સંવત ૨૦૮૨

વૈશાખ સુદ - ૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 May 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20

શુક્રવાર, ૧ મે ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦



મેટિની પૂર્તિ ૭ ૮ ૯


# ક્રૂડ તેલના ભાવ ભડકે બળે છે: ૧૨૬ ડૉલર, ચાર વર્ષમાં સૌથી વધુ

**▶ હોર્મુઝની ખાડી ખોલવા ટ્રમ્પે હવે નવી યોજના બનાવી છે ▶ ક્રૂડ ૧૪૦ ડૉલરે પહોંચી શકે છે એવી ઈરાનની ચેતવણી**

તહેરાન: હોર્મુઝ સામુદ્રધુની પર ચાલી રહેલી નાકાબંધી વચ્ચે ગુરુવારે ક્રૂડ તેલની કિંમત છેલ્લાં ચાર વર્ષનો રેકોર્ડ તોડીને ૧૨૬ ડૉલર પ્રતિબેરલ પહોંચી ગઈ હતી. જોકે ગુરુવારે મોડી રાતે તેલના ભાવ પ્રતિ બેરલે ઘટીને ૧૦૯-૧૧૦ ડૉલર બોલાયા હતા. બીજી બાજુ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે હોર્મુઝની ખાડી ખોલવા માટેની નવી યોજના રજૂ કરી છે અને આના અંતર્ગત નાકાબંધી અમેરિકા ચાલુ રાખશે અને સાથીરાષ્ટ્રોની મદદથી ઇરાન પર ઇંધણ વેચતા રોકવા માટે દબાણ લાવવાનો સમાવેશ થાયછે.

ક્રૂડ તેલના ભાવમાં થયેલા વધારા અંગે પ્રતિક્રિયા આપતા ઇરાને કહ્યું હતું કે હોર્મુઝ સામુદ્રધુનીમાં અમેરિકા દ્વારા કરવામાં આવેલી નાકાબંધીની અમારા તેલ ઉત્પાદન પર તો કોઈ અસર નથી પડી, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ તેલની કિંમત વધી ગઈ છે.

આગામી દિવસોમાં ક્રૂડ તેલની કિંમત ૧૪૦ ડૉલર પ્રતિડૉલર થવાની શક્યતા હોવાનું ઇરાને કહ્યું હતું.

ક્રૂડ તેલની વધતી કિંમતથી પરેશાન અમેરિકાએ વિશ્વભરના દેશોને એક ગુપ્ત સંદેશો પાઠવ્યો છે કે હોર્મુઝ સામુદ્રધુનીમાં જહાજોની અવરજવર ફરી શરૂ કરવા એક આંતરરાષ્ટ્રીય સંગઠન બનાવવામાં આવે.

અમેરિકાના વિદેશ ખાતાનો આ સંદેશ એક સિક્રેટ ડિપ્લોમેટિક કેબલ મારફતે તમામ દેશોને મોકલવામાં આવ્યો છે.

અમેરિકા-ઈઝરાયલ-ઇરાન વચ્ચે ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયાના બે મહિના કરતાં પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ પણ હોર્મુઝ સામુદ્રધુની જહાજોની અવરજવર માટે બંધ છે અને તેને કારણે વિશ્વનો તેલ તેમ જ ગૅસનો ૨૦ ટકા પુરવઠો પ્રભાવિત થઈ રહ્યો છે.

આ કારણે વૈશ્વિક ઊર્જાની કિંમતમાં ઉછાળો જોવા મળી રહ્યો છે અને આર્થિક મંદીનું સંકટ તોળાઈ રહ્યું છે.

ઇરાન-અમેરિકા વચ્ચેના સંઘર્ષનો ઉકેલ લાવવા યોજાયેલ શાંતિમંત્રણા ઠપ થઈ ગઈ છે.

## પેટ્રોલ, ડીઝલનો ભાવ વધારો અનિવાર્ય: નાણાં મંત્રાલય

નવી દિલ્હી: કેન્દ્રના નાણાં મંત્રાલયે જણાવ્યું હતું કે પેટ્રોલ અને ડીઝલના વધેલા ખર્ચને ઘરેલુ અને ઔદ્યોગિક વપરાશકારો પાસેથી વસૂલવો 'અનિવાર્ય' બની ગયો છે. ટૂંકમાં નાણાં મંત્રાલયે એવો નિર્દેશ કર્યો હતો કે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારવાનું અનિવાર્ય છે.તેણે જણાવ્યું હતું કે અમુક દેશે ઊર્જા માટેના વધેલા ખર્ચનો આર્થિક બોજો ઘરેલુ અને વેપારી સંસ્થાઓ પર નાખવાનું શરૂ કરી દીધું છે. કેટલાક અન્ય દેશો ઊર્જાનો ભાવવધારો કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. આમ કરવું હવે અનિવાર્ય બની ગયું છે. કેન્દ્રના નાણાં મંત્રાલયે આર્થિક સમીક્ષાને લગતો માસિક અહેવાલ બુધવારે જાહેર કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે ઊર્જાનો પુરવઠો ખોરવાય ત્યારે ઊર્જાની માગ પણ ઘટવી જોઇએ. જો તેમ ન થાય તો દેશે ઊર્જા પુરવઠા માટેની ઊંચી કિંમત ચૂકવવી પડે છે. અહેવાલમાં મેક્રોઇકોનોમિકમાંની સ્થિરતા પર ભાર અપાયો હતો અને જણાવ્યું હતું કે ઊર્જાનો પુરવઠો ફરી યથાવત્ કરતા સરખો સમય લાગી શકે છે. તેણે જણાવ્યું હતું કે ઊર્જાનું ઉત્પાદન ફરી પ્રસ્થાપિત કરતા અને શિપિંગ ફરી શરૂ કરતા સારો એવો સમય લાગી જાય છે. અખાતના યુદ્ધને લીધે ખનિજ તેલનો ભાવ વધીને સરેરાશ બેરલ-દીઠ ૧૧૩ ડૉલર થઇ ગયો છે અને દુનિયાભરમાં ઊર્જાને લગતી કટોકટી સર્જાઇ છે. (એજન્સી)

## રેપ-પીડિતાના ગર્ભપાત માટેના કાયદામાં સુધારો કરે કેન્દ્ર: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે ૧૫ વર્ષની સગીરાના ૩૦ અઠવાડિયાના ગર્ભને પાડી નાખવાના પોતાના હુકમને બદલવાની એઈમ્સની અરજી સામે જોરદાર વાંધો લીધો હતો. સુપ્રીમ કોર્ટે કેન્દ્રને અનિચ્છનીય ગર્ભને કાઢવાની જેના પર બળાત્કાર થયો હોય એ પીડિતાને પરવાનગી આપવા માટે કાયદામાં ફેરફાર કરવા જણાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે જો બળાત્કારને લીધે કોઈ ગર્ભવતી થાય તો એ પીડિતા માટે ગર્ભપાત કરાવવા માટે સમયનું બંધન ન હોવું જોઈએ. કાયદો શરીરની રચનાને અનુરૂપ અને ઊભરતા સમય સાથે મેળ બેસાડનારો હોવો જોઈએ. મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે કહ્યું હતું કે આ કેસ સગીરા પરના બળાત્કારનો છે અને પીડિતાને ગર્ભ કાઢવાની છૂટ નહીં અપાય તો જીવન પર્યંત તેના પર લાંછન લાગશે અને તેને માનસિક યાતના ભોગવવી પડશે. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે જો માતાને કાયમી ખોડ ન થતી હોય તો ગર્ભપાત કરવો જ જોઈએ. સર્વોચ્ચ અદાલતે એઈમ્સને પીડિતાના માતાપિતાનું કાઉન્સેલિંગ કરવાનો આદેશ આપ્યો હતો તેમ જ કહ્યું હતું કે આ અંગેનો નિર્ણય પીડિતાનો હોવો જઈએ. સર્વોચ્ચ અદાલતે કહ્યુ હતું કે આ ક્યુરેટિવ પિટિશન કરાઈ છે. એ બાળકી હાલમાં ભણતી હોત, પરંતુ આપણે તેને માતા બનાવી રહ્યા છીએ. એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ એઈમ્સ વતી કહ્યું હતું કે હવે ગર્ભપાત કરવો સંભવ નથી. જો એમ કરાશે તો એ ખોડખાપણવાળું જીવંત બાળક બનશે. તેની સગીરા માતાને આરોગ્યના સવાલો ઊભા થશે અને તે ફરી ગર્ભ ધારણ નહીં કરી શકે.સર્વોચ્ચ અદાલતે ૨૪ એપ્રિલે સગીરાને ગર્ભપાત કરવાની છૂટ આપી હતી. (એજન્સી)

## વિમાનની ટિકિટમાંનો અણધાર્યો વધારો રોકવા કયાં પગલાં લીધાં?: સુપ્રીમ કોર્ટ

### સોગંદનામું નહિ નોંધાવવા બદલ કેન્દ્રની ટીકા

નવી દિલ્હી: દેશની ઍરલાઇન્સના વિમાનની ટિકિટ અને તેને આનુષંગિક ચાર્જીસમાંના અણધાર્યા વધારાને નિયંત્રણમાં રાખવા માર્ગદર્શિકા જાહેર કરવાની દાદ ચાહતી અરજીના સંબંધમાં કેન્દ્ર દ્વારા સોગંદનામું નહિ નોંધાવાતા સર્વોચ્ચ અદાલતે તેની ગુરુવારે આકરી ટીકા કરી હતી. ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બૅન્ચે કેન્દ્રને આ કિસ્સામાં સોગંદનામું શું કામ નહિ નોંધાવ્યું? અને હવે આ સોગંદનામું નોંધાવવા વધુ સમય શું કામ માગવામાં આવે છે? તેનું કારણ જણાવવા પણ આદેશ આપ્યો હતો.

સામાજિક કાર્યકર એસ. લક્ષ્મીનારાયણને કરેલી સંબંધિત અરજીના સંબંધમાં સર્વોચ્ચ અદાલતે ગયા વર્ષની ૧૭ નવેમ્બરે કેન્દ્ર અને અન્ય પક્ષકારોની પાસે જવાબ માગ્યો હતો.

અરજદારે જણાવ્યું હતું કે વિમાનની ટિકિટના અણધાર્યા વધારામાં પારદર્શકતા રાખવી જરૂરી છે અને મુસાફરોના હિતનું રક્ષણ થવું જોઇએ.

બૅન્ચ સમક્ષ ગુરુવારે સુનાવણી શરૂ થઇ કે તુરત વાદી પક્ષના વકીલે ફરિયાદ કરી હતી કે કેન્દ્રે હજી સુધી આ પ્રકરણમાં કોઇ જવાબ નથી આપ્યો.

દરમિયાન, કેન્દ્રના વકીલે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને લીધે સર્જાયેલી પરિસ્થિતિ પ્રત્યે બૅન્ચનું ધ્યાન દોર્યું હતું.

બૅન્ચે પ્રતિવાદીને સવાલો કર્યા હતા કે આ શું ચાલી રહ્યું છે? તમે આ કેસમાં સોગંદનામું શું કામ નથી નોંધાવતા? કેન્દ્રના વકીલે દલીલ કરી હતી કે સરકાર આ પ્રકરણમાં નિયમ ઘડી રહી છે.

બૅન્ચે જણાવ્યું હતું કે તમે પહેલાં સોગંદનામું નોંધાવો અને બધા રેકૉર્ડ રજૂ કરો. તમે સોગંદનામું શું કામ નથી નોંધાવતા? યુનિયનનું આ કિસ્સામાં શું વલણ છે? અમે તમને સોગંદનામું નોંધાવવા અત્યાર સુધીમાં ત્રણ વખત સમય આપ્યો હતો. (એજન્સી)

## શસ્ત્ર-સંરજામ ખરીદવા ટ્રમ્પે દોઢ ટ્રિલ્યન ડૉલર માગ્યા છે

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ૨૦૨૭ના નાણાકીય વર્ષ માટેના સંરક્ષણ અંદાજપત્રમાં ૧.૫ ટ્રિલ્યન અમેરિકન ડૉલરની માગણી કરી છે. આમાં ગોલ્ડન ડોમ ડિફેન્સ, ડ્રોનનું પ્રભુત્વ, આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ, ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિફેન્સ ઈન્ડસ્ટ્રિયલ બેઝની જોગવાઈનો સમાવેશ થાય છે. પેન્ટાગોને આ બજેટની માગણીને 'પ્રમુખના અગ્રતા ક્રમ' તરીકે ગણાવી હતી. ૨૦૨૭ના નાણાકીય વર્ષના સંરક્ષણ અંદાજપત્રમાં ટ્રમ્પે અગાઉ કૉંગ્રેસ પાસેથી ૮૯૨.૬ અબજ ડૉલરની માગણી કરી હતી. હવે ટ્રમ્પે ૧૫૦ અબજ ડૉલરના પૂરક બજેટની માગણી કરી છે જેથી અમેરિકના ઈતિહાસમાં પહેલી વાર અમેરિકાનું સંરક્ષણ બજેટ એક ટ્રિલ્યન ડૉલરના આંકડાને પાર કરશે.

સંરક્ષણ બજેટમાં ૬૫ અબજ ડૉલરની ફાળવણી પેન્ટાગોનની 'ગોલ્ડન ફલીટ (સુવર્ણ કાફલા)ની પહેલ માટે છે. આમાં જનરલ ડાયનેમિક્સ ઍન્ડ હન્ટિન્ગટન ઈનગોલ્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઉત્પાદિત ૧૮ વિમાનવાહક જહાજ અને ૧૬ સપોર્ટ શિપ (ટેકાના જહાજ) લેવામાં આવશે. ૧૯૬૨ પછી પહેલી વાર આટલાં બધાં યુદ્ધના જહાજોના બાંધકામનું બજેટ તૈયાર કરવામાં આવ્યુ છે. બજેટમાં લોકહીડ માર્ટિનના ૮૫ એફ-૩૫ ખરીદીને હવાઈ સંરક્ષણ મજબૂત કરવાની યોજના છે. આ જહાજ ખરીદવા અને સંશોધન અને વિકાસ કરવા ૧૦૨ અબજ ડૉલરની માગણી કરવામાં આવી છેગયા વર્ષની તુલનામાં આમાં ૨૬ ટકાનો વધારો છે.

**ચાણક્યનો વરતારો**

## બંગાળમાં મમતા-રાજનો અંત

નવી દિલ્હી: ચાણક્યે એક્ઝિટ પોલના આધારે કરેલા અનુમાનમાં ભાજપને આસામ અને પશ્ચિમ બંગાળમાં વિજયી બતાડવામાં આવ્યા છે, જ્યારે તાળિનાડુમાં ડીએમકેની જીતની આગાહી કરવામાં આવી છે. ચાણક્યના જણાવ્યા પ્રમાણે કેરળમાં એલડીએફ અને યુડીએફ વચ્ચે તીવ્ર રસાકસી છે.

ચાણક્યે બંગાળમાં ભાજપને ૧૯૨ બેઠક આપી છે, જ્યારે ૧૫ વર્ષથી રાજ કરતી તૃણમૂલ કૉંગ્રેસને ૧૦૦ સીટ આપી છે. બીજા ચાર પોલસ્ટરે પણ બંગાળમાં ભાજપનો હાથ ઉપર હોવાનું અનુમાન કર્યું છે. જો અનુમાન સાચું હશે તો ભાજપ પહેલી વાર બંગાળમાં રાજ કરશે.

તમિળનાડુમાં એમ. કે. સ્ટાલિનના નેતૃત્વ હેઠળના ડીએમકે આસાનીથી વિજયી થશે એવી આગાહી કરવામાં આવી છે. જ્યારે વિજયની આગેવાની હેઠળના નવોદિત પક્ષ ટીવીકેને એઆઈડીએમકેના જોડાણને ભોગે બેઠકો મળશે એવું અનુમાન કરાયું છે. ડીએમકેને ૨૪૩ કુલ બેઠકમાંથી ૧૨૩, એઆઈડીઅમકેને ૪૫ અને વિજયના ટીવીકેને ૬૩ સીટ આપવામાં આવી છે. ચાણક્યના અનુમાન પ્રમાણે આસામમાં ભાજપનો ભવ્ય વિજય થશે અને મુખ્ય પ્રધાન હેમંતા બિસ્વા સર્મા ફરી સત્તા પર આવશે. ચાણક્યે ભાજપને ૧૦૨ બેઠક અને કૉંગ્રેસના જોડાણને ૨૩ બેઠક આપી છે. કેરળમાં યુડીએફને સરેરાશ ૬૯ બેઠક અને એલડીએફને સરેરાશ ૬૪ બેઠક આપવામાં આવી છે. ■

## મતદાન મથકે સુરક્ષા વધારવા ક્યૂઆર કૉડ આધારિત આઈડી સિસ્ટમ અમલી

તિરુવનંતપુરમ: મતદાન મથકે સુરક્ષા વધારવા ક્યૂઆર કોડ આધારિત આઈડી સિસ્ટમ શરૂ કરવામાં આવી હોવાનું ચૂંટણી પંચે ગુરુવારે કહ્યું હતું.

ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યા અનુસાર કોઈ પણ અનધિકૃત વ્યક્તિને મતદાન મથકમાં પ્રવેશતાં અટકાવવા આ પગલું લેવામાં આવ્યું છે. આસામ, કેરલમ, તમિળનાડુ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરી વિધાનસભાની ચૂંટણીની ચાર મેએ મતગણતરી કરવામાં આવશે તે અગાઉ આ સિસ્ટમ અમલી બનાવી દેવામાં આવશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ભવિષ્યમાં યોજાનારી લોકસભા અને વિધાનસભાની તમામ ચૂંટણી માટે પણ આ સિસ્ટમ અમલમાં રહેશે. ચૂંટણી પંચે પરવાનગી આપી હશે તેવી તમામ વ્યક્તિ માટે ચૂંટણી મથકમાં પ્રવેશવા માટે ક્યૂઆર કોડ આધારિત ઓળખપત્ર ફરજિયાત રહેશે. (એજન્સી) ■

## બંગાળમાં ૨૨૬ બેઠક જીતીશું: મમતા બેનરજી

કોલકાતા: પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ શુક્રવારે આરોપ લગાવ્યો હતો કે ટીએમસી કાર્યકરોને નિરાશ કરવા માટે ''ભાજપના નિર્દેશ'' પર ઍક્ઝિટ પોલની આગાહીઓ પ્રસારિત કરવામાં આવી રહી છે, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે શાસક પક્ષ રાજ્યની ચૂંટણીમાં ૨૯૪ વિધાનસભા બેઠકમાંથી ૨૨૬ થી વધુ બેઠક જીતશે.

ચોથી મેના રોજ મતગણતરી પહેલા એક્સ પર પોસ્ટ કરાયેલા એક વિડિયો સંદેશમાં, બેનરજીએ દાવો કર્યો હતો કે ટેલિવિઝન ચેનલો ભાજપ કાર્યાલયમાંથી પ્રસારિત મતદાન પરિણામના અંદાજો ચલાવી રહી છે.

ટેલિવિઝન પર જે બતાવવામાં આવી રહ્યું છે તે બપોરે ૧.૦૮ વાગ્યે ભાજપ કાર્યાલયમાંથી પ્રસારિત કરવામાં આવ્યું હતું. તે પ્રસારિત થાય તે માટે પૈસા ચૂકવવામાં આવ્યા હતા. મારી પાસે ચોક્કસ માહિતી છે,'' એવો તેમણે આરોપ લગાવ્યો હતો.

પોતાના પક્ષની સંભાવનાઓ વિશે વિશ્વાસ વ્યક્ત કરતા, બેનર્જીએ કહ્યું કે ટીએમસી ૨૯૪ સભ્યની વિધાનસભામાં આરામથી બે તૃતીયાંશ મતનો આંકડો પાર કરશે.

આપણે ૨૦૨૬માં ૨૨૬ બેઠકનો આંકડો પાર કરીશું. કદાચ ૨૩૦ બેઠકનો આંકડો પણ પાર કરીશું. મને જનતાએ આપેલા જંગી જનાદેશમાં સંપૂર્ણ વિશ્વાસ છે, એવું મમતા બેનરજીએ કહ્યું.■

## યુપીના દિગંબર જૈન મંદિરમાં મહિલાઓ માટે ડ્રેસ કૉડ જાહેર

### સ્ત્રીઓને માથે ઓઢીને આવવા અને વેસ્ટર્ન આઉટફિટ નહિ પહેરવા ફરમાન

બાગપત (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના બાગપતમાંના દિગંબર જૈન મંદિરે મહિલાઓ માટે ડ્રેસ કૉડ જાહેર કર્યો હતો અને સ્ત્રીઓને વેસ્ટર્ન આઉટફિટ નહિ પહેરવા, સજ્જન નારીને શોભે એવા કપડાં પહેરવા અને માથે ઓઢીને જ મંદિરમાં પ્રવેશવાનો આદેશ આપ્યો હતો.

મંદિરના સંચાલકો દ્વારા થોડાં દિવસ પહેલાં આ આદેશ અપાયો હતો. તેઓએ જણાવ્યું હતું કે મહિલાઓએ હાફ-પૅન્ટ્સ, બરમુડા, મિનિ સ્કર્ટ્સ કે જીન્સ અને ટૉપ્સ જેવા વેસ્ટર્ન આઉટફિટ્સ પહેરીને મંદિરમાં નહિ આવવું.

દિગંબર જૈનો માટે બાગપતનું મંદિર ઘણું મહત્ત્વ ધરાવે છે. આ મંદિરમાં તીર્થંકર પાર્શ્વનાથની પ્રતિમા છે. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને દિલ્હી સહિતના રાજ્યોમાં રહેતા દિગંબર જૈનો માટે આ અગત્યનું ધાર્મિક સ્થળ ગણાય છે.

મંદિરની સમિતિના સભ્ય અંકુશ જૈને જણાવ્યું હતું કે મંદિરની પવિત્રતા જળવાઇ રહે, તે માટે આ પગલું ભરાયું છે. અમારો ઇરાદો કોઇ વ્યક્તિની સ્વતંત્રતા છીનવવાનો નથી. દિગંબર જૈન મંદિરના મેનેજર પ્રભાત જૈને જણાવ્યું હતું કે મંદિરની બહાર રખાયેલા બૉર્ડ પર મહિલાઓના ડ્રેસ કૉડને લગતી વિગત લખાઇ છે અને તેનું ચુસ્ત પાલન થાય, તેનું ધ્યાન રખાય છે. તેમણે જણાવ્યું હતું કે વેસ્ટર્ન કપડાં પહેરીને મંદિરમાં પ્રવેશવા આવનારી મહિલાઓને સંબંધિત માર્ગદર્શિકાને અનુસરવા વિનંતિ કરાય છે. મંદિરના સંચાલકોએ જણાવ્યું હતું કે લોકોની જીવનશૈલી બદલાઇ રહી છે, ત્યારે યુવા પેઢીમાં સાંસ્કૃતિક મૂલ્યો જાળવવા પ્રોત્સાહન આપવું જરૂરી છે. (એજન્સી)■

## આગોતરા જામીનની પવન ખેડાની અરજી પર નિર્ણય અનામત

નવી દિલ્હી: પોતાની વિરુદ્ધ ચાલી રહેલા ફોજદારી કેસ સંબંધિત કરેલી કથિત ટીપ્પણી સાથે સાંકળી લઈ કૉંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડા સુપ્રીમ કોર્ટમાં આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા શર્માને 'કન્સ્ટિટ્યૂશનલ કાઉબૉય કે રૅમ્બો' તરીકે ઓળખાવ્યા હતા. શર્માના પત્ની પાસે અનેક પાસપોર્ટ અને વિદેશમાં બેનામી સંપત્તિ ધરાવતી હોવાના કરેલા આક્ષેપ અંગેના ફોજદારી કેસને મામલે કોર્ટે પવન ખેડાના વચગાળાના જામીન અંગેનો ચુકાદો અનામત રાખ્યો હતો.

## ડાયાબિટીઝ, સ્થૂળતાના બનાવટી ઇન્જેક્શન્સનું કૌભાંડ પકડાયું

ગુરુગ્રામ: અહીંના સત્તાવાળાઓએ ડાયાબિટીઝ અને સ્થૂળતાની સારવાર માટેના મૌન્જારો (ટિર્ઝેપટાઇડ) ઇન્જેક્શન્સ ડુપ્લિકેટ (બનાવટી) બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો અને તેના સંબંધમાં બે જણની ધરપકડ કરવાની સાથે આખા દેશમાં આ બનાવટી ઇન્જેક્શન્સના બૅચ સામે સાવચેત રહેવાની ચેતવણી આપી હતી.

મૌન્જારો (ટિર્ઝેપટાઇડ) ઇન્જેક્શન્સની ઉત્પાદક ફાર્માસ્યૂટિકલ કંપની એલી લીલીના પ્રવક્તાએ આ સંબંધમાં જણાવ્યું હતું કે અમારી કંપનીની પ્રૉડક્ટ બ્રાન્ડના ડુપ્લિકેટ ઇન્જેક્શન્સની ઘટના ઘણી ગંભીર ગણાય અને બનાવટી ઇન્જેક્શન્સ પકડવા માટે સત્તાવાળાઓએ હાથ ધરેલી કાર્યવાહીને અમે આવકારીએ છીએ. (એજન્સી)■

## ઐતિહાસિક ક્ષણ: જમ્મુથી શ્રીનગર પ્રથમ વંદેભારત ટ્રેનને લીલી ઝંડી

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ: જમ્મુથી શ્રીનગર પ્રથમ વંદે ભારત ટ્રેન રવાના કરી રેલવેએ ગુરુવારે ઈતિહાસ રચ્યો હતો. આ સાથેજ કાશ્મીર ખીણ પ્રદેશ દેશના અન્ય હિસ્સાઓ સાથે જોડાઈ ગયો છે. જલદી જ દિલ્હીથી કાશ્મીર માટે પણ ટ્રેન શરૂ કરવામાં આવશે. કેન્દ્રના રેલવે ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે ગુરુવારે જમ્મુ તાવી રેલવે સ્ટેશનથી શ્રીનગર વંદે ભારત ટ્રેનને લીલીઝંડી આપી હતી.

૨૦ કૉચ ધરાવતી આ ટ્રેન જમ્મુ-કાશ્મીર વચ્ચે અત્યાધુનિક અને ઝડપી સેવા પ્રદાન કરશે. પ્રવાસીઓ હવે કોઈપણ પ્રકારના અવરોધ વિના શ્રીનગરથી જમ્મુનો પ્રવાસ કરી શકશે. આ સીધી ટ્રેનસેવા પ્રવાસીઓને ભરોસાપાત્ર, પરવડી શકે તેવો અને પ્રત્યેક મોસમમાં કામ આવે તેવો વિકલ્પ પૂરો પાડશે જેને કારણે કાયમ બિનભરોસાપાત્ર રહેતા શ્રીનગર-જમ્મુ હાઈવે પરની નિર્ભરતા ઘટશે તેમ જ પર્યટન અને વેપારી ગતિવિધિઓને પ્રોત્સાહન મળશે. આ ટ્રેનસેવાને કારણે યાત્રાનો સમય ઘટશે અને સ્થાનિક અર્થવ્યવસ્થા તેમ જ પર્યટનને પણ પ્રોત્સાહન મળશે. આ ટ્રેનને કારણે માત્ર સ્થાનિક લોકોને જ લાભ થશે એવું નથી, પરંતુ આને કારણે વૈષ્ણાદેવી જતા યાત્રાળુઓ માટે પણ યાત્રા વધુ સરળ અને સુખરૂપ બનશે. વિમાન મારફતે જમ્મુ પહોંચનાર કોઈ પણ વ્યક્તિ હવે જમ્મુ તાવીથી વંદે ભારતમાં બેસીને માર્ગમાં કાશ્મીરનું કુદરતી સૌંદર્ય માણી શકશે.




નવી શરૂઆત: જમ્મુ-શ્રીનગર વચ્ચે ગુરુવારે પ્રથમ વંદે ભારત ટ્રેન દોડાવવામાં આવી હતી. લીલીઝંડી દેખાડ્યા બાદ ટ્રેક પર દોડી રહેલી ટ્રેન. (એજન્સી)

## એરપોર્ટના રનવે પર અચાનક આવી ગયો વાંદરો: પાઈલટની સૂઝબૂઝથી ટળ્યો અકસ્માત

લખનઊ: લખનઊ એરપોર્ટ પર રનવે પર અચાનક એક વાનર આવી જતા એક અકસ્માત થતા થતા રહી ગયો હતો. ઇન્ડિગો ફ્લાઇટના પાઇલટે સમજદારી દાખવીને ઇમર્જન્સી બ્રેક લગાવતા તેમાં સવાર તમામ ૧૩૨ મુસાફરનો બચાવ થયો હતો.

આ ઘટનાથી એરપોર્ટ પર ખળભળાટ મચી ગયો હતો. આ ઘટના બન્યાના લગભગ દોઢ કલાક બાદ પ્રોટોકોલ અને નિરીક્ષણ પછી ઇન્ડિગોના પાઈલટે સુરક્ષિત રીતે ઉડાન ભરી હતી. જોકે, અગાઉ સમયસર બ્રેક લગાવવામાં ન આવી હોત તો મોટી દુર્ઘટના ઘટી હોત. બનાવ અંગે અધિકારીએ કહ્યું હતું કે આ ઘટના આજે સવારે ૮:૫૫ વાગ્યાની આસપાસ બની હતી, જ્યારે ઇન્ડિગો ફ્લાઇટ લખનઊના ચૌધરી ચરણ સિંહ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ટેક-ઓફફ માટે રનવે પર દોડી રહી હતી ત્યારે અચાનક ઉછળકૂદ કરતો એક વાંદરો તેની સામે આવી ગયો. આ જોઈને પાઇલટે તાત્કાલિક ઇમરજન્સી બ્રેક લગાવી, જેના કારણે મોટો અકસ્માત ટળી ગયો અને ૧૩૫ મુસાફરો અને ક્રૂના જીવ બચી ગયા હતા. મળતી માહિતી મુજબ ફ્લાઇટ રાયપુર જવાની હતી. ''ફોલો મી'' વાહન સાથે તહેનાત સુરક્ષા કર્મચારીઓએ તરત જ વાંદરાને રનવે પરથી ભગાડી દીધો. જોકે, વાંદરો લગભગ એક કલાક સુધી રનવે અને તેની આસપાસ ફરતો રહ્યો. બધી જરૂરી તપાસ પૂર્ણ કર્યા પછી અને વાંદરાને ભગાડ્યા બાદ, ફ્લાઇટ સવારે ૧૦:૦૫ વાગ્યે રાયપુર માટે રવાના થઈ.

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# એક્ઝિટ પોલે બંગાળમાં ભાજપને જીતાડી દીધો પણ પિક્ચર અભી બાકી હૈ

**પશ્ચિમ** બંગાળમાં બુધવારે બીજા તબક્કાના મતદાન સાથે પાંચ રાજ્યોની ચૂંટણીમાં મતદાન પૂરું થઈ ગયું ને હવે સૌની નજર ૪ મેના રોજ જાહેર થનારાં પરિણામો પર છે. આ પરિણામો શું હશે એ ખબર નથી પણ સોમવારે જાહેર થનારાં પરિણામો પહેલાં આવેલા એક્ઝિટ પોલ્સમાં તો અત્યારથી ભાજપનો જયજયકાર કરી દેવાયો છે. એક્ઝિટ પોલનો ઈતિહાસ ગરબડિયો છે છતાં તેના આધારે નેશનલ મીડિયા અને ખાસ તો ટીવી ચેનલોએ બંગાળમાંથી મમતા બેનરજીને વિદાય કરી દીધાં છે જ્યારે તમિળનાડુમાં સુપરસ્ટાર વિજયને કિંગ મેકર બનાવી દીધા છે.

મોટા ભાગના એક્ઝિટ પોલ્સની આગાહી છે કે, આસામમાં ભાજપ જીતની હેટ્રિક કરીને સત્તા જાળવશે જ્યારે પુડુચેરીમાં પણ ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએની ફરી સરકાર બનશે. તમિળનાડુમાં કોંગ્રેસના સાથી ડીએમકે સત્તા જાળવશે જ્યારે કેરળમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળનો યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) ડાબેરી મોરચાને પછાડીને સત્તા કબજે કરશે.

જો કે લોકોને સૌથી વધારે રસ પશ્ચિમ બંગાળમાં શું થશે એ જાણવામાં છે. બંગાળને લગતા મોટા ભાગના એક્ઝિટ પોલમાં બંગાળમાં સત્તા પરિવર્તનની આગાહી કરાઈ છે. મતલબ કે, ૧૫ વર્ષથી જામી પડેલાં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસની હાર થશે ને ભાજપ બાજી મારી જશે.

રસપ્રદ વાત એ છે કે, બધા પોલની સરેરાશ કાઢો તો મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ પાર્ટી સરકાર રચવાની વધારે નજીક હોવાનું તારણ નિકળે છે પણ મીડિયા મમતાનાં બિસ્તરાં પોટલાં બાંધીને બેસી ગયું છે. બંગાળમાં વિધાનસભાની કુલ ૨૯૪ બેઠકો છે ને તેમાંથી ભાજપ મહત્તમ ૧૭૧ બેઠકો જીતી શકે છે એવી આગાહી થઈ છે. સ્પષ્ટ બહુમતી માટે ૧૪૮ બેઠકો જોઈએ એ જોતાં ભાજપ ૧૭૧ બેઠકો જીતે તો પોતાની તાકાત પર સરકાર રચી શકે પણ આ આગાહી એક જ પોલમાં થઈ છે તેથી ભાજપ જીતશે જ એવું છાતી ઠોકીને કહી ના શકાય છતાં મીડિયા ૧૫ વર્ષ પછી મમતાની વિદાયનું કોરસ ગાઈ રહ્યું છે.

ચાર એક્ઝિટ પોલમાં પશ્ચિમ બંગાળમાં ભાજપને સૌથી વધારે બેઠકો મળશે એવી આગાહી થઈ છે. તેમાંથી પોલ ડાયરી એક્ઝિટ પોલની આગાહી છે કે, ભાજપને ૨૯૪માંથી ભાજપને ૧૪૨ થી ૧૭૧ બેઠકો મળી શકે છે જ્યારે સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ ૯૯ થી ૧૨૭ બેઠકો પર સમેટાઈ જશે. કોંગ્રેસ ૩ થી ૫ બેઠકો જ્યારે ડાબેરી મોરચો ૨ થી ૩ બેઠકો જીતશે એવી આગાહી છે.

મેટ્રિઝ એજન્સીના સર્વેમાં ભાજપને ૧૪૬ થી ૧૬૧ બેઠકો જ્યારે મમતા બેનરજીની પાર્ટીને ૧૨૫થી ૧૪૦ બેઠકો મળવાની આગાહી છે. ચાણક્ય સ્ટ્રેટેજીઝના એક્ઝિટ પોલમાં ભાજપ સ્પષ્ટ બહુમતી સાથે ૧૫૦ થી ૧૬૦ બેઠકો જીતશે અને તૃણમૂલ કોંગ્રેસને ૧૩૦થી ૧૪૦ બેઠકો જીતશે એવી આગાહી કરાઈ છે. પ્રજા પોલના એક્ઝિટ પોલમાં તો ભાજપને ૧૭૮ થી ૨૦૮ બેઠકો મળવાની આગાહી જ્યારે તૃણમૂલ કોંગ્રેસને માત્ર ૮૫ થી ૧૧૦ બેઠકો મળશે એવો દાવો કરાયો છે.

કેટલાક એક્ઝિટ પોલ બંગાળમાં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ ફરી સત્તામાં આવશે એવી આગાહી પણ કરે છે. પીપલ્સ પલ્સના સર્વેમાં મમતાની પાર્ટીને ૧૭૭થી ૧૮૭ જ્યારે ભાજપને ૯૫થી ૧૧૦ બેઠકોની આગાહી કરાઈ છે. જનમત પોલ્સમાં તો તૃણમૂલ કોંગ્રેસને ૧૯૫થી ૨૦૫ અને ભાજપને ૮૦થી ૯૦ બેઠકો મળવાની આગાહી કરાઈ છે. મતલબ કે, પાંચ-દસ બેઠકોનો ફરક પડશે, બાકી છેલ્લી ચૂંટણીમાં આવેલાં પરિણામોનું જ પુનરાવર્તન થશે.

ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ બંને માટે એક્ઝિટ પોલ ઉચાટ વધારનારા છે કેમ કે એક્ઝિટ પોલના કારણે કોને સ્પષ્ટ બહુમતી મળશે એ સ્પષ્ટ નથી. બંગાળમાં ૯૦ ટકાથી વધારે મતદાન થયું છે. આટલું જંગી મતદાન થયું તેના કારણે ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ બંને ગૂંચવાયેલાં છે કેમ કે ઊંચું મતદાન કોની તરફેણમાં થયું એ સ્પષ્ટ નથી. એક્ઝિટ પોલના કારણે ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ બંનેની મૂંઝવણ વધશે. અંતિમ પરિણામો જ આ મૂંઝવણ દૂર કરી શકે ને અત્યારે તો બંને પ્રાર્થના કરતાં હશે કે પોતાની તરફેણ કરતા એક્ઝિટ પોલ સાચા પડે ને હારની આગાહી કરતા પોલ ખોટા પડે.

બંગાળમાં ભરેલું નાળિયેર છે પણ બીજાં રાજ્યોમાં ઝાઝો ગૂંચવાડો નથી. આસામમાં ભાજપ કટ્ટરવાદી હિંદુત્વનું કાર્ડ સફળતાથી ખેલી રહ્યો છે. ભાજપના નેતા બાંગ્લાદેશી મુસ્લિમોનો ડર બતાવીને ગુજરાતની જેમ જ હિંદુઓને પોતાની તરફ વાળવામાં સફળ થયો છે તેથી ભાજપ તરફી માહોલ છે ને કોંગ્રેસ જીતે તો ચમત્કાર ગણાય એવી સ્થિતિ છે. આસામમાં ૧૦ વર્ષના ભાજપ શાસન સામે અસંતોષ કે આક્રોશ ઊભો કરવામાં કોંગ્રેસ નિષ્ફળ ગઈ છે તેથી આસામમાં ભાજપની જીતની હેટટ્રિકની આગાહીથી જરાય આશ્ચર્ય થતું નથી.

તમિળનાડુમાં પણ ડીએમકે મજબૂત છે તેના કરતાં વધારે તો એઆઈએડીએમકે નબળી છે તેથી એમ.કે. સ્ટાઇલલિનની ફરી સત્તામાં વાપસીની વાત સાવ અધ્ધરતાલ નથી લાગતી. એઆઈએડીએમકે પાસે હવે જયલલિતાના નેતૃત્વનો કરિશ્મા નથી ને તેના નેતા લડવામાંથી ઊંચા નથી આવતા તેથી ભાજપ સાથે જોડાણ છતાં એઆઈએડીએમકે ટક્કર આપવાની સ્થિતિમાં લાગતી નથી.

સ્ટાલિને હિંદીના વિરોધના બહાને તમિળોમાં ભાષાવાદનો ઉન્માદ પેદા કર્યો છે તેનો પણ ફાયદો મળશે જ. ભાજપ હિંદુત્વની પિપૂડી વગાડ્યા કરે છે ને બીજી તરફ તેના હિંદુત્વનો વિરોધ કરતી એઆઈએડીએમકે સાથે જોડાણ કર્યું છે. તેના કારણે એઆઈએડીએમકે ને ભાજપ બંનેનું બગડશે. તમિલ ફિલ્મોના સુપરસ્ટાર વિજયે હોહા બહુ કરી પણ એક્ટ્રેસ તૃષા કૃષ્ણન સાથેના તેના અફેરની વાતોના કારણે તેનો પ્રભાવ કેટલો પડશે એ શંકા છે. કેટલાક એક્ઝિટ પોલમાં વિજયની પાર્ટી સત્તા મેળવશે એવી આગાહી કરે છે. વિજયની પાર્ટી ડીએમકેને પછાડીને સત્તા મેળવે તો એ મોટો ચમત્કાર હશે.

કેરળમાં પિનારાયી વિજયને છેલ્લી ચૂંટણીમાં એક્ઝિટ પોલ્સને ખોટા પાડીને ડાબેરી મોરચાને ફરી સત્તા અપાવીને ઈતિહાસ રચેલો કેમ કે કેરળમાં વરસોથી કોઈ પાર્ટી કે મોરચો સળંગ બે વાર સત્તામાં નહોતો આવ્યો. આ વખતે પણ વિજયન એવા જ ચમત્કારની આશા રાખતા હશે પણ માહોલ જોતાં ફરી એવો ચમત્કાર થવાની શક્યતા નહિવત છે. કોંગ્રેસે કશું જોરદાર કર્યું નથી પણ વિજયનના ભ્રષ્ટાચાર અને બીજા વિવાદોના કારણે કોંગ્રેસ માટે બગાસું ખાતાં પતાસું મળ્યા જેવો ઘાટ થઈ શકે છે.

જો કે એક્ઝિટ પોલ્સનો ઈતિહાસ બહુ વખાણવા જેવો નથી. ભારતમાં દરેક વિધાનસભા મતવિસ્તારમાં ઓછામાં ઓછા બે-ત્રણ લાખ મતદારો હોય છે ને તેમાંથી બસો-ત્રણસો મતદારોને પૂછીને કરાતા એક્ઝિટ પોલ મોટા ભાગે ખોટા જ પડે છે. આ વખતે ઈતિહાસ દોહરાવાય છે કે એક્ઝિટ પોલ સાચા પડ્યાનો ચમત્કાર થાય છે એ પણ જોઈ લઈએ.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, શુક્રવાર, તા. ૧-૫-૨૦૨૬, આદ્યશંકરાચાર્ય કૈલાસગમન, મહારાજ શ્રી ઘેલારામ જયંતી પારસી ૧૦મો દએ માસારંભ

- ભારતીય દિનાંક ૧૧, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ સુદ -૧૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૫મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૪ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં,ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૨ , અમદાવાદ ક. ૦૬ મિ. ૦૮, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સાંજે ક. ૧૭-૩૭, સવારે ક. ૦૫-૪૧ (તા. ૨) • ઓટઃ સવારે ક. ૧૦-૨૬, મધ્યરાત્રે ક. ૦૦-૨૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, વૈશાખ શુક્લ – પૂર્ણિમા. વૈશાખ પૂર્ણિમા, બુદ્ધ પૂર્ણિમા, કુર્મ જયંતી, વૈશાખ સ્નાન સમાપ્ત. પારસી ૧૦મો દએ માસારંભ, વિંછુડો પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૬ (તા. ૨), ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૦.૦૦, મહારાષ્ટ્ર ગુજરાત દિન, આદ્યશંકરાચાર્ય કૈલાસગમન, મહારાજ શ્રી ઘેલારામ જયંતી (રાજકોટ), અન્વાધાન, બુધ પૂર્વમાં લોપ થાય છે.મે -૨૦૨૬નાં સંક્ષિપ્ત ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઉદય -અસ્તઃ તા. ૧ મે, ૨૦૨૬નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ મુંબઈ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૧૨, સૂર્યાસ્તઃ ક. ૧૮ મિ. ૫૮, ચંદ્ર ઉદયઃ ક. ૧૮-૪૯, ચંદ્ર અસ્તઃ મધ્યરાત્રિ પછી ક. ૦૫-૩૪ (તા. ૨) બુધ અસ્તઃ ક. ૧૭-૫૩, શુક્ર ઉદય ક. ૦૭-૫૩, અસ્તઃ ક. ૨૧-૦૦, મંગળ ઉદયઃ ક. ૦૪-૫૩, અસ્તઃ ક. ૧૭-૦૯, ગુરુ ઉદયઃ ક. ૧૦-૪૯, અસ્તઃ ક. ૨૩-૫૩, શનિ ઉદયઃ ક. ૦૪-૩૨, અસ્તઃ ક. ૧૬-૩૮ તા. ૧ મે સૂર્યોદયના સમયે મેષ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે તુલા રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય પ્રારંભે ભરણી નક્ષત્રમાં રહે છે. તા. ૧૧મીએ કૃત્તિકા, તા. ૨૫મીએ રોહિણી નક્ષત્રમાં આવે છે. સૂર્ય તા. ૧૫મીએ મેષમાંથી વૃષભ રાશિમાં આવે છે. મંગળ રેવતી નક્ષત્રમાંથી તા. ૧૧મીએ અશ્વિનીમાં, તા. ૨૯મીએ ભરણી નક્ષત્રમાં પ્રવેશે છે. મંગળ તા. ૧૧મીએ મીનમાંથી મેષ રાશિમાં પ્રવેશે છે. માર્ગી બુધ અશ્વિની નક્ષત્રમાં રહે છે. તા. ૭મીએ ભરણીમાં, તા. ૧૩મીએ કૃત્તિકામાં, તા. ૧૯મીએ રોહિણીમાં, તા. ૨૫મીએ મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશે છે. બુધ પ્રારંભે મેષ રાશિમાં રહે છે. તા. ૧૫મીએ વૃષભ રાશિમાં, તા. ૨૯મીએ મિથુન રાશિમાં પ્રવેશે છે. આમ બુધ શીઘ્ર ગતિએ, અતિચારી ગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ તા. ૧લીથી ૨૩ અસ્તનો રહે છે. તા. ૨૩મીએ બુધનો પશ્ચિમમા ઉદય થાય છે. માર્ગી ગુરુ સમગ્ર માસમાં મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. ગુરુ પુનર્વસુ નક્ષત્રમાં ભ્રમણ કરે છે.માર્ગી શનિ સમગ્ર માસમાં મીન રાશિમાં ભ્રમણ કરે છે. શનિ ઉત્તરાભાદ્રપદામાંથી તા. ૧૭મીએ રેવતી નક્ષત્રમાં પ્રવેશે છે. રાહુ કુંભ રાશિમાં શતતારા ભ્રમણ કરે છે. કેતુ સિંહ રાશિમાં મઘા નક્ષત્રમાં ભ્રમણ કરે છે.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, નવા વસ્ત્ર આભૂષણ, વાયુ દેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, હજામત, મહેંદી લગાવવી, વાહન, માલ લેવો, દુકાન વેપાર, રત્નધારણ, પશુ લે-વેંચ, બી વાવવું, વૃક્ષ રોપવા નવી તિજોરીની સ્થાપની શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા.આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ પ્રવાસનો શોખ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ આંખની કાળજી લેવી.ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ, વૈશાખ પૂર્ણિમા યોગ.
- ગોચરગ્રહોઃ ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન (સૂર્યોદય પહેલા પર્વમાં દેખાશે), માર્ગી બુધ-મેષ (બુધ આજથી તા.૨૩ સુધી અસ્ત), માર્ગી ગુરુ-મિથુન(પશ્ચિમમાં સૂર્યાસ્ત પછી દેખાશે), શુક્ર-વૃષભ તા.૧૪મીએ મિથુનમાં, (શુક્ર સૂર્યાસ્ત પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ-મીન (શનિ સૂર્યોદય પહેલા દેખાશે), રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# અણુ-મિસાઇલ ક્ષમતા મામલે કોઇ બાંધછોડ નહીંઃ ઈરાનની સાફ વાત

દુબઈઃ ઇરાનના સર્વોપરી નેતા આયાતોલ્લા મોજતબા ખામનેઈએ ઉગ્ર વલણ અખત્યાર કરીને જાહેર કર્યું છે કે ઇરાન તેની અણુ-મિસાઈલ ક્ષમતાનું રાષ્ટ્રીય સંપત્તિ તરીકે રક્ષણ કરશે. બીજી બાજુ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ગમે ત્યારે તૂટી જાય એવા યુદ્ધવિરામને મજબૂત કરવા વ્યાપક શાંતિ કરાર ઈચ્છે છે. ખામનેઈએ લેખિત નિવેદન બહાર પાડ્યું હતું અને આને સરકારી મીડિયાના એન્કરે વાંચી સંભળાવ્યું હતું.

ખામનેઈએ હઠીલા ટોનમાં કહ્યું હતું કે પર્શીયન ગલ્ફમાં અમેરિકનો માટે ફક્ત એક જ જગ્યા છે પાણીનું તળિયું. તેમણે વધુમાં કહ્યું હતું કે આ વિસ્તારમાં નવો ઈતિહાસ લખાઈ રહ્યો છે. ખામનેઈએ નિવેદન એવા સમયે કર્યું છે જ્યારે અમેરિકન નૌકાદળની નાકાબંધીને લીધે ઇરાનની તેલની નિકાસ બંધ થઈ ગઈ છે અને એના તેલ ઉદ્યોગને ફટકો પડ્યો છે. (એજન્સી)

# સુરતની કાપડ બજારના કેસમાં માજી ચીફ જસ્ટિસ મધ્યસ્થી કરશે

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે સુરતની કાપડ બજારના પ્રૉજેક્ટ્સને લગતા અને અગ્રણી વેપારી અશોકભાઇ હરિભાઇ ગજેરા તેમ જ અન્યને સંડોવતા કેસમાં મધ્યસ્થી તરીકે દેશના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાની ગુરુવારે નિમણૂક કરી હતી.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બૅન્ચે ગુજરાત વડી અદાલતના ૧૧ માર્ચના આદેશને પડકારતી ગજેરા અને અન્ય બે જણની અરજીની સુનાવણી હાથ ધરી હતી. અગાઉ, ગજેરા અને અન્ય દ્વારા આ કેસમાં રૂપિયા ૧,૯૦૦ કરોડની ગેરરીતિ આચરવા, ખોટા દસ્તાવેજ તૈયાર કરવા અને ભાગીદારના હિસ્સામાં ઘટાડો કરવા બદલ તેઓ સામે નોંધાયેલા પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર)ને રદ કરવાની દાદ ચાહતી ગજેરા અને અન્યની અરજીઓને વડી અદાલતે કાઢી નાખી હતી.

મુખ્ય ન્યાયાધીશના નેતૃત્વ હેઠળની બૅન્ચે ગજેરા વતી વકીલ મુકુલ રોહતગી દ્વારા કરાયેલી દલીલને સાંભળી હતી.

ગજેરા અને અન્ય દ્વારા જેની સાથે છેતરપિંડી કરાઇ હોવાનું કહેવાય છે, તે પ્રવીણ દેવકીનંદન અગરવાલના વકીલ કપિલ સિબલે દલીલ કરી હતી કે આ કિસ્સામાં બનાવટી દસ્તાવેજો દ્વારા રૂપિયા ૧,૯૦૦ કરોડની છેતરપિંડી કરાઇ હતી.

બન્ને પક્ષકાર મધ્યસ્થી દ્વારા વિવાદ ઉકેલવા સહમત થયા હતા. તેને પગલે બૅન્ચે ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ ખન્નાને મધ્યસ્થી તરીકે કામગીરી કરવા વિનંતિ કરી હતી. તેમની ફી બન્ને પક્ષે સરખા ભાગે આપવી પડશે.

અગાઉ, સુરત પોલીસે આ પ્રકરણમાં અશોકભાઇ ગજેરા, તેમના ત્રણ ભાઇ - વસંત ગજેરા, ચુની ગજેરા અને બકુલ ગજેરા તેમ જ અન્ય પાંચ જણ સામે કેસ નોંધ્યો હતો. (એજન્સી)

# ૧૦ ટકા ચાઈનીઝ સ્ટેકવાળી વિદેશી કંપનીઓ માટેના એફડીઆઇ નિયમો હળવા કરાશે

નવી દિલ્હીઃ ચીની નાગરિકો કે કંપનીઓનો જેમાં ૧૦ ટકા સુધીનો હિસ્સો હોય એવી વિદેશી કંપનીઓ માટે ફેમા હેઠળ એફડીઆઈના હળવા કરવાની સૂચના ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે, ત્યારબાદ, ફેરફારો અમલમાં આવશે, એમ એક વરિષ્ઠ સરકારી અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું. માર્ચમાં, કેન્દ્રીય પ્રધાનમંડળે ૨૦૨૦ની પ્રેસ નોટ-૩માં સુધારાને મંજૂરી આપી હતી, જેના હેઠળ ૧૦ ટકા સુધીનો ચીની હિસ્સો ધરાવતી વિદેશી કંપનીઓ તમામ ક્ષેત્રોમાં ઓટોમેટિક રૂટ હેઠળ ભારતમાં રોકાણ કરવા પાત્ર બનશે.

જોકે, હળવા એફડીઆઈ નિયમો ચીન/હોંગકોંગ અથવા ભારત સાથે જમીન સરહદો ધરાવતા અન્ય દેશોમાં નોંધાયેલા એકમોને લાગુ પડશે નહીં.

સરકારે એવો પણ નિર્ણય લીધો છે કે કેબિનેટ સચિવની આગેવાની હેઠળના સચિવોની સમિતિ દ્વારા ઉમેરાયેલા કેપિટલ ગુડ્સ, ઇલેક્ટ્રોનિક કેપિટલ ગૂડ્સ, ઇલેક્ટ્રોનિક ઘટકો, પોલિસિલિકોન અને ઇન્ગોટ-વેફર અથવા અન્ય કોઈપણ ક્ષેત્ર/પ્રવૃત્તિમાં એફડીઆઈ દરખાસ્તો ૬૦ દિવસની અંદર પ્રક્રિયા કરવામાં આવશે.ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ (ડીપીઆઈઆઈટી)એ આ ફેરફારોને સૂચિત કર્યા હોવા છતાં, આર્થિક બાબતોના વિભાગ (ડીઇએ)એ હજુ સુધી તેમને સૂચિત કર્યા નથી. ડીઇએએ ફેમા (વિદેશી વિનિમય વ્યવસ્થાપન અધિનિયમ) હેઠળ સૂચના જારી કરવી પડશે. તે ખૂબ જ ટૂંક સમયમાં સૂચિત કરવામાં આવશે. તેમાં ઘણી બધી સુધારણાની જરૂર છે, તેવું ડીપીઆઈઆઈટીના સંયુક્ત સચિવ જય પ્રકાશ શિવહરેએ અહીં પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે વિભાગ એવા પેટા-ક્ષેત્રોને ઓળખવા માટે કામ કરી રહ્યું છે જેમની અરજીઓ પર ૬૦ દિવસની અંદર પ્રક્રિયા કરવામાં આવશે.

એમણે એવી પણ માહિતી આપી હતી કે એપ્રિલ-ફેબ્રુઆરી ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ એફડીઆઈ, જેમાં પુનઃરોકાણ કરાયેલ કમાણીનો સમાવેશ થાય છે, ૮૮.૨૯ અબજ ડોલરને સ્પર્શી ગયો છે. ૨૦૨૪-૨૫માં તે ૮૦.૬૧ અબજ ડોલર હતું.

એપ્રિલ-ફેબ્રુઆરી ૨૦૨૫-૨૬ દરમિયાન દેશમાં ચોખ્ખો એફડીઆઈ વધીને ૬.૨૬ અબજ ડોલર થયો છે, જે ૨૦૨૪-૨૫ના સંપૂર્ણ નાણાકીય વર્ષમાં ૯૫૯ મિલિયન ડોલર હતો. દરમિયાન, મીડિયાને સંબોધતા, ડીપીઆઈઆઈટીના સચિવ અમરદીપ સિંહ ભાટિયાએ જણાવ્યું હતું કે કુલ વિદેશી પ્રત્યક્ષ રોકાણ (એફડીઆઈ) ૨૦૨૫-૨૬ના સંપૂર્ણ નાણાકીય વર્ષમાં ૯૦ અબજ ડોલર સુધી પહોંચવાની શક્યતા છે.

# ટ્રમ્પનો પુતિનને ફોનઃ ઈરાનના સમૃદ્ધ યુરેનિયમ વિશે ચર્ચા

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને બુધવારે એક ફોન કોલ દરમિયાન રશિયાને ત્રીજા દેશ તરીકે સેવા આપવાની ઓફર ફરી શરૂ કરી હતી જે ઈરાનના ૯૭૦ પાઉન્ડ સમૃદ્ધ યુરેનિયમ સાથે પનારો પાડી શકે.ટ્રમ્પે કહ્યું કે પુતિને તેમને કહ્યું તેમણે મને કહ્યું હતું કે જો તેઓ અમને તે મેળવવામાં મદદ કરી શકે, તો તેઓ આ ડીલમાં સામેલ થવા માંગે છે . મેં કહ્યું, હું ઈચ્છું છું કે તમે યુક્રેન સાથે યુદ્ધ સમાપ્ત કરવામાં સામેલ થાઓ. મારા માટે, તે વધુ મહત્વપૂર્ણ રહેશે.

આ દરમિયાન, ક્રેમલિને ઈરાન સામે દુશ્મનાવટ ફરી શરૂ થાય તો ભયંકર પરિણામોની ચેતવણી આપી હતી.

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને બુધવારે ટ્રમ્પ સાથે ફોન કોલમાં ઈરાન યુદ્ધની ચર્ચા કરી હતી, ક્રેમલિને જો દુશ્મનાવટ ફરી શરૂ થાય તો ''ગંભીર પરિણામો'' પર ભાર મૂક્યો હતો.

પત્રકારો સાથે વાત કરતા, રાષ્ટ્રપતિના સલાહકાર યુરી ઉષાકોવે જણાવ્યું હતું કે પુતિને ટ્રમ્પને કહ્યું હતું કે ઇરાની પ્રદેશ પર જમીની કાર્યવાહી સંપૂર્ણપણે ''અસ્વીકાર્ય અને ખતરનાક'' હશે.

# નિકાસમાં સારો વધારો થઇ રહ્યો છેઃ પીયૂષ ગોયલ

નવી દિલ્હીઃ વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે દાવો કર્યો હતો કે ચાલુ મહિનાના પ્રથમ ત્રણ અઠવાડિયાં દરમિયાન નિકાસમાં સારો વધારો થઇ રહ્યો છે. પશ્ચિમ એશિયાના યુદ્ધને અવગણીને એપ્રિલમાં નિકાસ સતત વધી છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત દ્વારા વિવિધ દેશની સાથે કરાયેલા મુક્ત વેપાર કરારને લીધે સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન મળી રહ્યું છે અને તેઓ ઉત્પાદન વધારી રહ્યા છે.

ગોયલે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે એપ્રિલના પ્રથમ ત્રણ અઠવાડિયાં દરમિયાન નિકાસકારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

વાણિજ્ય મંત્રાલય એપ્રિલમાંના વેપાર (આયાત - નિકાસ)ના આંકડા ૧૫ મેએ જાહેર કરશે.

સરકાર દ્વારા બુધવારે જાહેર કરાયેલા વેપારના સત્તાવાર આંકડા મુજબ દેશમાં છેલ્લા પાંચ મહિના દરમિયાન નિકાસ ઘણી ઘટી હતી. યુદ્ધને લગતી તંગદિલીને લીધે માર્ચમાં નિકાસમાં ૭.૪૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

ગોયલે જણાવ્યું હતું કે યુદ્ધ અને હોર્મુઝ ખાડીમાંની તંગદિલી તેમ જ નાકાબંધીને લીધે નિકાસકારો નિકાસ માટે વૈકલ્પિક વિવિધ માર્ગ અપનાવી રહ્યા છે.

અમેરિકા સાથેના સૂચિત વેપાર કરાર અંગે પુછાયેલા સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે અમારી અમેરિકી પ્રતિનિધિમંડળ સાથેની એક અઠવાડિયા પહેલાની મંત્રણા ઘણી સારી રહી હતી. અમે હજી આ કરારને લગતા વિવિધ મુદ્દે ચર્ચા કરી રહ્યા છીએ.

ગોયલે જણાવ્યું હતું કે ભારતે સંયુક્ત આરબ અમીરાત (યુએઇ), યુકે, યુરોપિયન યુનિયન અને યુરોપના ચાર દેશના સંગઠન - યુરોપિયન ફ્રી ટ્રેડ એસોશિયેશન, ઑસ્ટ્રેલિયા, મૉરીશસ અને ઓમાન સાથે વેપાર કરાર કર્યા છે અને અન્ય ૧૨ મુક્ત વેપાર કરાર માટે મંત્રણા ચાલી રહી છે. (એજન્સી)

# મોદીની યુએઇ મુલાકાત પર રહેશે દુનિયાની નજર

## યુએઈએ ઓપેક છોડ્યા પછી વડા પ્રધાન ત્યાં જાય એવી શકયતાઃ આ ઉપરાંત યુરોપના ચાર દેશનો પ્રવાસ પણ પીએમ કરવાના છે

નવી દિલ્હીઃ વૈશ્વિક તણાવ વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદી મે મહિનામાં યુરોપના ચાર દેશોનો મુલાકાતે જવાના છે, આ મુલાકાત દરમિયાન વેપાર અને સુરક્ષા સહયોગ, યુક્રેન અને પશ્ચિમ એશિયા સંઘર્ષ, ઊર્જા અને સપ્લાય ચેઈન વિક્ષેપોને પહોંચી વળવા વગેરે મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

અહેવાલ મુજવ વડાપ્રધાન મોદી ૧૫-૨૦ મે દરમિયાન નેધરલેન્ડ્સ, સ્વીડન, નોર્વે અને ઇટલીના પ્રવાસે જશે. વડાપ્રધાન મોદી નોર્વેમાં ત્રીજી ઇન્ડિયા-નોડિક સમિટમાં ભાગ લેશે. અહેવાલ મુજબ યુરોપ મુલાકાતની શરૂઆતમાં અથવા અંતે વડાપ્રધાન મોદી સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) માં ટૂંકું રોકાણ કરી શકે છે. ઓપેક સમૂહમાંથી યુએઈ ખસી ગયા પછી મોદીની આ દેશની ટૂંકી મુલાકાત પણ બહુ મહત્ત્વની બની રહેશે અને આખી દુનિયામી

વડાપ્રધાનની નેધરલેન્ડ્સ મુલાકાત વેપારથી માંડીને ગ્રીન ઇકોનોમી સુધીના ક્ષેત્રોમાં સહયોગ માટે મહત્વની રહેશે. બંને પક્ષોએ તાજેતરના વર્ષોમાં પાણી, આરોગ્ય, સ્વચ્છ ઊર્જા, સંરક્ષણ અને સુરક્ષા જેવા ક્ષેત્રોમાં સહયોગને મજબૂત બનાવ્યો છે.

નેધરલેન્ડની મુલાકાત દરમિયાન સેમિકન્ડક્ટર્સ સેક્ટરમાં સહયોગ અંગે મહત્વના કરાર થઇ શકે છે. ભારતમાં રોકાણની તકો અંગે ચર્ચા કરવા માટે માર્ચ મહિનામાં ભારતીય વેપાર પ્રતિનિધિમંડળે નેધરલેન્ડ્સના સેમિકન્ડક્ટર હબ આઇન્ડહોવનની મુલાકાત લીધી હતી.

સ્વીડનની મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે વેપાર, ઇનોવેશન અને ટેકનોલોજી જેવા સેક્ટરમાં સહયોગની સમીક્ષા કરવામાં આવશે. સ્વીડને ૨૦૧૮માં પ્રથમ ઇન્ડિયા-નોર્ડિક સમિટનું પણ આયોજન કર્યું હતું.

વડાપ્રધાન મોદીની ઇટલી મુલાકાત દરમિયાન વેપારથી માંડીને સુરક્ષા અને બંને દેશોના લોકો વચ્ચેના સંબંધો આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ઇટલી યુરોપિયન યુનિયન(ઇયુ)નું મુખ્ય સભ્ય છે, ભારત-ઇયુ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ આવતા વર્ષની શરૂઆતમાં અમલમાં આવશે, ઇટલી મુલાકાત દરમિયાન આ ટ્રેડ એગ્રીમેન્ટ અંગે ચર્ચામાં કરવામાં આવશે.

# ઑપરેશન સિંદૂર કોઇના દબાણ હેઠળ નથી રોક્યુંઃ રાજનાથ

નવી દિલ્હીઃ રક્ષા પ્રધાન રાજનાથ સિંહે આજે ઑપરેશન સિંદૂરને લઈ મોટો ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું કે, ભારતે ઑપરેશન સિંદૂર પોતાની શરતો પર સ્વેચ્છાએ રોક્યું હતું અને જરૂર પડે તો પાકિસ્તાન સાથે લાંબી લડવા પૂરી રીતે તૈયાર હતું.

એક કાર્યક્રમમાં તેમણે પાકિસ્તાનના આંતરરાષ્ટ્રીય આતંકવાદનું કેન્દ્ર ગણાવીને તેને સંપૂર્ણ રીતે ખતમ કરવા પર ભાર મૂક્યો હતો. રાજનાથ સિંહે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નેતૃત્વ ક્ષમતાની પ્રશંસા કરતા કહ્યું કે, સરકારની ઝીરો ટોલરન્સ નીતિ અંતર્ગત આતંકવાદને કોઈપણ હાલતમાં સાંખી લેવામાં નહીં આવે.

આ ઉપરાંત રક્ષા પ્રધાને જણાવ્યું, પહલગામ આતંકી હુમલાના જવાબમાં શરૂ કરવામાં આવેલું ઑપરેશન સિંદૂર નિર્ણાયક સાબિત થયું હતું. તેનાથી ભારત માત્ર નિવેદન આપવા પૂરતું જ મર્યાદીત નથી રહેતું તેવો સંદેશ પણ ગયો હતો. ભારતીય સેનાએ જ્યાંથી આતંકવાદી ગતિવિધિ ચાલતી હતી તેવા જ ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. રાજનાથ સિંહે કહ્યું, ભારતે ઑપરેશન સિંદૂર રોકવાનો નિર્ણય સ્વેચ્છાએ અને પોતાની શરતો પર લીધો હતો.

તેમણે જણાવ્યું કે, ભારતીય સેનાની ક્ષમતા પહેલા કરતા વધારે મજબૂત થઈ છે અને જરૂર પડવા પર ઝડપથી પોતાની તાકાત વધારવા પણ સક્ષમ છે. ભારતને પરમાણુ હુમલાની પણ ધમકી આપવામાં આવી હતી પરંતુ તેને ગંભીરતાથી લીધી નહોતી.

# પેલેસ્ટાઇન-તરફી વિરોધઃ ભારતીય મૂળની મહિલાને સિંગાપોરમાં દંડ

સિંગાપોરઃ સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ, પેલેસ્ટાઇન સાથે એકતા દર્શાવવા માટે પ્રમુખના મહેલની બહાર વિરોધ યાત્રાનું આયોજન કરવા બદલ ગુરુવારે સિંગાપોરના ત્રણ જણ પર ૨,૩૪૧ ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો હતો.ધ સ્ટ્રેટ ટાઇમ્સે અહેવાલ આપ્યો છે કે, બે ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ આ સરઘસનું આયોજન કરવાના આરોપમાં ત્રણ મહિલા, મલય મૂળના મોસમ્મદ સોબીકુન નાહર, ૨૬ વર્ષીય, સિટી અમીરાહ મોહમ્મદ અસરોરી, ૩૦ વર્ષીય અને ભારતીય મૂળની અન્નામલાઈ કોકિલા પાર્વતી, ૩૭ વર્ષીયનો હાઈ કોર્ટે નિર્દોષ છૂટકારો રદ કર્યો હતો.

# એકતા-સર્વ સમાવેશી વિકાસમાં એસપીને વિશ્વાસઃ અખિલેશ

લખનઊઃ સમાજવાદી પક્ષ (એસપી)ના પ્રમુખ અખિલેશ યાદવે બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એસપી વિકાસ વિરોધી હોવાના આરોપ પર વળતો પ્રહાર કર્યો હતો. અખિલેશે કહ્યું કે એસપી એકતા, સમાવેશકતા અને સમાન વિકાસમાં વિશ્વાસ ધરાવે છે.

અખિલેશ યાદવે જણાવ્યું કે સમાજવાદી પાર્ટીએ હંમેશા લોકોને સંગઠિત કરવાનું કામ કર્યું છે. અમારું નામ બંધારણમાંથી લેવામાં આવ્યું છે. અમે ભેદભાવ દૂર કરવા અને સદ્ભાવને પ્રોત્સાહન આપવામાં વિશ્વાસ ધરાવીએ છીએ. તેમણે વધુમાં કહ્યું કે પાર્ટી ગંગા-જમુની તહઝીબ' અને 'હિન્દુસ્તાનિયત' માટે ઉભી છે. તેમજ જે જાતિ અને ધર્મથી પરે લોકોને સંગઠિત કરે તેવી રાજનીતિની હિમાયત કરે છે. યાદવે ગંગા એક્સપ્રેસ-વૅના ઉદ્ઘાટનનો ઉલ્લેખ કરતાં દાવો કર્યો કે રાજ્યમાં એક્સપ્રેસ-વૅ વિકાસની શરૂઆત સપાએ કરી હતી.

તેમણે આરોપ લગાવ્યો કે જો કોઇએ એક્સપ્રેસ-વૅ કેવી રીતે બનાવવો તે શીખવ્યું હોય તો તે સમાજવાદી જ છે. અમે ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવેની યોજના કઇ રીતે ઘડવી અને પૂર્ણ કરવી તે કરી બતાવ્યું છે. જ્યારે હાલના પ્રોજેક્ટ્સ હજુ પણ અધૂરા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગંગા એક્સપ્રેસ-વૅનું ઉદ્ઘાટન કર્યા પછી એક જાહેર સભાને સંબોધતા વડા પ્રધાન મોદીએ સમાજવાદી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે પાર્ટી પર મહિલા-વિરોધી માનસિકતા રાખવાનો અને ઉત્તર પ્રદેશના લોકોનું અપમાન કરતી ડીએમકે જેવી પાર્ટીઓ સાથે જોડાણ કરવાનો આરોપ મૂક્યો હતો.

વડા પ્રધાને કહ્યું હતું કે એસપીને ઉત્તર પ્રદેશની પ્રગતિ પસંદ નથી અને તે રાજ્યને જૂના જમાનામાં ધકેલવા માંગે છે. સમાજવાદી પાર્ટી માત્ર વિકાસ વિરોધી જ નથી, પરંતુ મહિલા વિરોધી પણ છે. તાજેતરની ઘટનાઓએ તેમની માનસિકતાને ઉઘાડી પાડી છે.

# અમદાવાદમાં છેલ્લાં પાંચ વર્ષમાં એપ્રિલ મહિનામાં જ ત્રણ વાર તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં એપ્રિલ મહિનામાં કાળઝાળ ગરમી પડી હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનના દિવસ ૨૬ એપ્રિલના રોજ અમદાવાદમાં ગરમીનો પારો ૪૪.૮ ડિગ્રી પર પહોંચ્યો હતો. જે ગયા વર્ષે ૨૯ એપ્રિલે નોંધાયેલા તાપમાન જેટલું જ છે. આ આંકડો અમદાવાદમાં છેલ્લા ઓછામાં ઓછા ૨૫ વર્ષમાં એપ્રિલના સૌથી ગરમ દિવસોમાંનો એક હતો.

અમદાવાદમા એપ્રિલ ૨૦૨૬ની શરૂઆતમાં થોડી રાહત મળી હતી, પરંતુ ૧૨ એપ્રિલ પછી શહેરમાં સતત ૧૮ દિવસ સુધી તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર રહ્યું હતું. ડેટા મુજબ છેલ્લા પાંચ વર્ષમાં આવી અતિશય ગરમીની ઘટનાઓ વારંવાર બની રહી છે. આ ફેરફાર શહેરી ગરમી અને રોજિંદા જીવન પર તેની વધતી જતી અસર અંગે નવી ચિંતાઓ પેદા કરી રહ્યો છે. રિપોર્ટ મુજબ, ૨૦૦૧ થી ૨૦૧૦ દરમિયાન એપ્રિલમાં સરેરાશ મહત્તમ તાપમાન ૪૧.૫ ડિગ્રીની આસપાસ રહેતું હતું અને ૨૦૧૧ થી ૨૦૨૦ વચ્ચે તે ૪૧.૪ ડિગ્રી હતું. આ બે દાયકા દરમિયાન, એપ્રિલમાં નોંધાયેલું સૌથી વધુ તાપમાન ૨૦૧૯માં ૪૩.૩ ડિગ્રી હતું.

જોકે, ૨૦૨૧ પછી આ પેટર્ન ઝડપથી બદલાઈ હતી. છેલ્લા પાંચ વર્ષમાં, એપ્રિલમાં તાપમાન ત્રણ વખત ૪૪ ડિગ્રીને પાર કરી ગયું હતું. ૨૦૨૨માં ૪૪.૪ ડિગ્રી અને ૨૦૨૫ તથા ૨૦૨૬માં ૪૪.૮ ડિગ્રી નોંધાયું હતું. આના કારણે છેલ્લા ૫ વર્ષની સરેરાશ વધીને ૪૩.૪ ડિગ્રી થઈ ગઈ હતી, જે અગાઉના દાયકાઓ કરતા વધુ હતું.

સૂત્રોના કહેવા પ્રમાણે, માર્ચ મહિનો તુલનાત્મક રીતે ઠંડો હોય છે. માર્ચના મધ્ય પછી તાપમાન વધવાનું શરૂ થાય છે. અમદાવાદમાં વધતી ગરમી પાછળ માઈક્રોક્લાઈમેટિક પરિબળો પણ જવાબદાર છે. અર્બન હીટ આઇલેન્ડની અસર જોવો મળી રહી છે. આવા વિસ્તારોમાં ગીચ બાંધકામવાળા વિસ્તારો ગરમીને રોકી રાખે છે, તેના કારણે અમદાવાદના કેટલાક ભાગો આસપાસના વિસ્તારો કરતા વધુ ગરમ બની રહ્યા છે. પવનની ગતિ અને દિશા પણ તાપમાનમાં રોજેરોજ થતા ફેરફારોને અસર કરી રહ્યા છે.

ભારતીય હવામાન વિભાગના ડેટા મુજબ, આ વર્ષે એપ્રિલમાં અનિયમિત વધઘટ પણ જોવા મળી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે એક અઠવાડિયામાં તાપમાનમાં ત્રણ ડિગ્રી સુધીનો તફાવત જોવા મળ્યો હતો. તેમજ સામાન્ય કરતાં વધુ લઘુતમ તાપમાનને કારણે રાત્રિ દરમિયાન ઠંડક ઓછી થઈ છે, જેના લીધે શહેર માટે દિવસની ગરમીમાંથી રાહત મેળવવી મુશ્કેલ બની રહી છે.

# સુરતમાં આજથી બે દિવસીય વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો આરંભ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ડાયમંડ નગરી સુરતમાં આજથી બે દિવસીય વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો આરંભ થશે. સમિટને લઈ વહીવટીતંત્રએ ધામા નાખ્યા છે. ૧ અને ૨ મે-૨૦૨૬ ના રોજ ઓરો યુનિવર્સિટી, હજીરા રોડ ખાતે આયોજિત વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (દક્ષિણ ગુજરાત)માં એક વિશિષ્ટ રિવર્સ બાયર-સેલર મીટ યોજાશે. આ સંમેલનમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાન્સપોર્ટેશન અને આધુનિક ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં રાજ્યની પ્રગતિ અને રોકાણની તકો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ પ્રધાન હરદીપ સિંઘ પુરી તથા જલશક્તિ પ્રધાન સીઆર પાટીલ, દક્ષિણ ગુજરાતના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના ત્રીજા સંસ્કરણમાં હાજરી આપશે. વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સાથે-સાથે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જે નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને રોકાણની તકોને એક જ મંચ પર લાવશે. લગભગ ૧૨,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ એક્ઝિબિશનમાં દક્ષિણ ગુજરાતની ઔદ્યોગિક શક્તિ અને વૈવિધ્યપૂર્ણ ક્ષમતાનું વ્યાપક પ્રદર્શન કરવામાં આવશે, જેમાં એમએસએમઈથી લઈને વૈશ્વિક કંપનીઓ સુધીના ભાગીદારો સામેલ થશે.

એફઆઈઈઓએ ગુજરાતસ્થિત એમએસએમઈ નિકાસકારો સાથે જોડાવા માટે યુકે, ઓસ્ટ્રેલિયા, રોમાનિયા, યુએઈ વગેરે સહિત ૧૫ થી વધુ દેશોના ૪૫ થી વધુ વિદેશી ખરીદદારોને આમંત્રિત કર્યા છે. આ આરબીએસએમ વેપાર માટેની વિશેષ મુલાકાતોની સુવિધા પૂરી પાડશે, જેનાથી પ્રાદેશિક ઉદ્યોગો માટે અર્થપૂર્ણ વેપારી સંબંધો બાંધવાની અને નિકાસની તકો સર્જાશે. વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં આરબીએસએમ ટેક્સટાઇલ અને ગારમેન્ટ્સ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, ફૂડ અને એગ્રો પ્રોડક્ટ્સ તેમજ એન્જિનિયરિંગ જેવા ક્ષેત્રોમાં સુરતની ઔદ્યોગિક શક્તિનું પ્રદર્શન કરશે.

ઉલ્લેખનીય છે કે આ પહેલાં વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની મહેસાણા અને રાજકોટ ખાતે બે આવૃત્તિઓ સફળતાપૂર્વક યોજાઈ ગઈ છે, અને સુરત (દક્ષિણ ગુજરાત) ખાતેનું આયોજન ઔદ્યોગિક ઇકોસિસ્ટમને વેગ આપવા અને વિવિધ જ્ઞાન આધારિત સેમિનાર, બીટુબી અને બીટુજી મીટિંગો વગેરે દ્વારા નવી તકો થકી એમએસએમઈને આગળ વધારવાના પ્રયત્નોને ખૂબ ઊંચાઈ પર લઈ જશે.

* ઉદ્યમી મેળો: ૨૧ સરકારી વિભાગો સાથેનું એકીકૃત પ્લેટફોર્મ, જ્યાં માર્ગદર્શન, એમએસએમઈ લોન માહિતી અને બિઝનેસ સપોર્ટ સેવાઓ ઉપલબ્ધ રહેશે.
* રિવર્સ બાયર-સેલર મીટ: એફઆઈઈઓ દ્વારા આયોજિત, જેમાં ૪૫ થી વધુ આંતરરાષ્ટ્રીય આયાતકારો અને સ્થાનિક વેચાણકારો વચ્ચે ૫,૦૦૦ થી વધુ વ્યાપારી મીટિંગ્સ યોજાશે.
* મહિલા સશક્તીકરણ: મહિલા કલા અને હસ્તકલા મહોત્સવ તેમજ આજીવિકા પેવેલિયન દ્વારા રાજ્યભરના સ્વ-સહાય જૂથોના ઉત્પાદનોનું પ્રદર્શન'વોકલ ફોર લોકલ'ને પ્રોત્સાહન.
* સ્વદેશી હાટ: 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' હેઠળના ઉત્પાદનો અને પુરસ્કાર વિજેતા કારીગરોની રજૂઆત.
* મેંગો ફેસ્ટિવલ (ઉદ્‌ઘાટન આવૃત્તિ): ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ સાથે સહયોગમાં પ્રદેશની કૃષિ વૈવિધ્યતાને ઉજાગર કરતું વિશેષ આકર્ષણ.

# આજથી ભાજપ સેન્સ લેશે: ચોથી મેથી હોદ્દેદારો નક્કી કરવા પાર્લામેન્ટરી બોર્ડ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભવ્ય વિજય મેળવ્યા પછી ભાજપે સ્થાનિક સ્વરાજ્યની જે સંસ્થાઓમાં ભાજપને જીત મળી છે ત્યાં હોદ્દેદારો નક્કી કરવા માટેની પ્રક્રિયા હાથ ધરી છે. તેના ભાગરૂપે ભાજપ દ્વારા રાજ્યભરમાં આજથી સેન્સ લેવાની ક્વાયત શરૂ કરાશે.

ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ નિમેલા નીરિક્ષકો ૧ થી ૩ મે દરમિયાન મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, નગરપાલિકાઓ તેમજ તાલુકા પંચાયતોમાં ચૂંટાયેલા ભાજપના જન પ્રતિનિધિઓને મળીને કોને મેયર અને પ્રમુખપદ સહિતના હોદ્દા આપવા તે અંગે રજૂઆતો સાંભળશે.

આ સેન્સ પ્રક્રિયા અંગેનો અહેવાલ પ્રદેશ મોવડીમંડળને અપાયા પછી ૪, ૫ અને ૬ મે એમ ત્રણ દિવસ માટે ગુજરાત ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળે એવી શક્યતા છે.

હાલમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી સહિત સમગ્ર પ્રધાનમંડળ અને ભાજપના ટોચના હોદ્દેદારો પણ સુરતમાં છે. સુરતમાં ૧ મેના રોજ ગુજરાત સ્થાપના દિવસની રાજ્યકક્ષાની ઉજવણી થશે. આ ઉપરાંત ૧ અને ૨ મેના રોજ દક્ષિણ ગુજરાત માટેની રિજનલ વાઇબ્રન્ટ કોન્ફરન્સ યોજાશે.

આ બંને મહત્વના કાર્યક્રમો પાર પડે પછી એક દિવસનો વિરામ લઈને પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે અને તેમાં હોદ્દેદારોના નામો પર આખરી મહોર મારવામાં આવશે. પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં નક્કી કરાયેલાં નામો પર મંજૂરીની મહોર મરાય પછી ભાજપના જન પ્રતિનિધિઓને મેન્ડેટ અપાશે.

રાજ્યભરમાં શુક્રવારથી યોજાનારી સેન્સ પ્રક્રિયા પહેલાં ભાજપમાં લોબિઈંગ શરૂ થઈ ગયું છે. રાજ્યભરમાં મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતોમાં પ્રમુખ પદ માટે દાવેદારો સક્રિય થઈ ગયા છે અને પોતાનો નંબર લાગે એ માટે ઉચ્ચ સ્તરે રજૂઆતો કરી રહ્યા છે.

# ગુજરાતમાં ઍન્ટિ ડાયાબિટીસ દવાઓના વેચાણમાં બે વર્ષમાં પચીસ ટકાનો ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતને ડાયાબિટીસનું કેપિટલ કહેવાય છે. રાજ્યમાં ડાયાબિટીસની દવાના વેચાણમાં સતત વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં એન્ટી ડાયાબિટીસ દવાઓનું મૂવિંગ એન્યુઅલ ટોટલ માર્ચ ૨૦૨૬ માં ₹૧,૧૯૬ કરોડ પર પહોંચ્યું હતું, જે માર્ચ ૨૦૨૪ ના ₹૯૬૨ કરોડની સરખામણીએ બે વર્ષમાં ૨૫ ટકાનો વધારો દર્શાવે છે. જ્યારે ડાયાબિટીસની દવાઓના વેચાણમાં વાર્ષિક વૃદ્ધિ સરેરાશ ૧૩ ટકાની આસપાસ હતી. આ ઉપરાંત જાન્યુઆરી-માર્ચ ૨૦૨૬ ના ત્રિમાસિક ગાળામાં અગાઉના વર્ષોના સમાન ગાળાની સરખામણીમાં ૨૦-૨૨ ટકાનો તીવ્ર ઉછાળો નોંધાયો હતો.

ગુજરાતના દવાઓના વેચાણના વિશ્લેષણ પર આધારિત ડેટા મુજબ, ૫ મહિનાના સમયગાળા દરમિયાન એન્ટી-ડાયાબિટીક સેગમેન્ટમાં માસિક ₹૮૩ કરોડથી ₹૧૦૯ કરોડનું વેચાણ નોંધાયું હતું. ગુજરાતમાં એકંદરે વૃદ્ધિ રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ વધુ રહી હતી. ફાર્માસિસ્ટ અને નિષ્ણાતો વેચાણમાં થયેલા આ વધારા માટે માત્ર કેસોમાં વધારો અને નિદાનમાં સુધારો જ નહીં, પરંતુ જીએલપી-૧ થેરાપીની વધતી માગને પણ જવાબદાર માને છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, મૂલ્યની દૃષ્ટિએ, લગભગ ₹૨૩,૦૦૦ કરોડના એન્ટી-ડાયાબિટીસ માર્કેટની સરખામણીમાં જીએલપી-૧ હજુ પણ ₹૧,૬૦૦ કરોડની આસપાસ નાનું છે. મુખ્ય તફાવત એ છે કે પ્રીમિયમ કિંમતોને કારણે જીએલપી-૧ માર્કેટ ઝડપથી વિસ્તરી રહ્યું છે. વેચાણના જથ્થાની દૃષ્ટિએ, તેનું કદ હજુ પણ નોંધપાત્ર રીતે નાનું છે.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે, વેચાણમાં થયેલો ઉછાળો આંશિક રીતે ભારતમાં હવે ઉપલબ્ધ એન્ટી ડાયાબિટીસ દવાઓની વધતી જતી રેન્જને કારણે પણ છે. બે અથવા વધુ દવાઓવાળી કોમ્બિનેશન થેરાપીના વધી રહેલા ઉપયોગના કારણે પણ પ્રિસ્ક્રિપ્શનમાં વધારો થઈ રહ્યો છે.

# વિશ્વ આખું આજે ગુજરાતના વિકાસ મોડલથી પ્રભાવિત થઈને રાજ્ય તરફ આકર્ષાયું: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે દેશ અને દુનિયામાં વસતા ગુજરાતીઓને રાજ્ય સરકાર અને પ્રધાનમંડળના સૌ સભ્યો વતી ૬૬માં 'ગુજરાત સ્થાપના દિન'ની શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્ય પ્રધાને ગુજરાત સ્થાપના દિન નિમિતે સંદેશો પાઠવતા જણાવાયું હતું કે, મહાત્મા ગાંધી, સરદાર સાહેબ, સ્વામી દયાનંદ સરસ્વતી, શ્યામજી કૃષ્ણ વર્માના આશીર્વાદ, પૂજ્ય રવિશંકર મહારાજ, ઈન્દુચાચા જેવા અનેક મહાપુરુષોની પ્રેરણા અને માર્ગદર્શન, લોકોનો અવિરત કઠોર પરિશ્રમ બધાના સહયોગથી ગુજરાતે પોતાની વિકાસ યાત્રા શરૂ કરી હતી. આજે એ સૌના ઋણ સ્વીકાર કરવાનો અવસર છે.

તેમણે ઉમેર્યુ કે, ગુજરાત ૧લી મે ૧૯૬૦ના દિવસે જ્યારે મુંબઈથી અલગ રાજ્ય બન્યું ત્યારે સૌના મનમાં પ્રશ્ન હતો કે માત્ર રણ, દરિયો અને ડુંગર ધરાવતું રાજ્ય કેવી રીતે આગળ વધશે. પરંતુ,૧૯૬૦થી ૨૦૦૦ના ચાર દાયકાની ગુજરાતની વિકાસયાત્રા અને વર્ષ ૨૦૦૧ પછીના અઢી દાયકાની અવિરત વિકાસયાત્રાનો દીવા જેવો સ્પષ્ટ ફરક સૌ કોઈ આજે જોઈ શકે છે. ગુજરાત આજે વિકાસની એવી ઊંચાઈ પર છે કે વિશ્વ આખું ગુજરાત તરફ આકર્ષાયું છે. તેના મૂળમાં આપણને મળેલું નરેન્દ્ર મોદી જેવું વિઝનરી નેતૃત્વ અને વિકાસ માટેની પ્રતિબદ્ધતા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસની રાજનીતિનો યુગ ગુજરાતમાં વિકસાવ્યો. ગુજરાત તેમની પ્રેરણાથી આજે દેશના વિકાસનું રોલ મોડલ બની ગયું છે.

જનતા જનાર્દને પણ આ અવિરત વિકાસ યાત્રાને સતત આગળ ધપાવવા માટે પીએમ મોદીના નેતૃત્વમાં અપાર વિશ્વાસ અને ભરોસો મૂક્યો છે. એ જ ભરોસો અને વિશ્વાસ તમે સૌએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની તાજેતરની ચૂંટણીઓમાં પણ અમને પ્રચંડ સમર્થન આપીને અકબંધ રાખ્યો છે.આ પ્રેમનો નત મસ્તકે અમે ઋણ સ્વીકાર કરીએ છીએ. આજે 'જ્યોતિગ્રામ યોજના'થી ૨૪ કલાક સતત થ્રી ફેઇઝ વીજળી રાજ્યના અંતરિયાળ વિસ્તારોના ગામો સુધી મળી રહી છે. વીજળી ઉત્પાદનની ક્ષમતા ૮,૭૫૦ મેગાવૉટમાંથી વધીને લગભગ ૫૩ હજાર મેગાવૉટ થઈ છે.ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે, જ્યાં ગૅસ ગ્રીડ, વોટરગ્રીડ અને ઇલેક્ટ્રીસિટી ગ્રીડનું નિર્માણ થયું છે.

આ ઉપરાંત તેમણે ઉમેર્યું કે, ઔદ્યોગિક-સાંસ્કૃતિક-સામાજિક વિકાસની સાથે આપણે અર્બન ડેવલપમેન્ટને વધુ ગતિ આપવા ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું અને શહેરી વિકાસ માટેનું બજેટ ૪૦ ટકા વધાર્યુ છે. વેપારી રાજ્ય તરીકે ઓળખાતા ગુજરાતમાં મૂડીરોકાણ વધે, નવા વેપાર ઉદ્યોગો વિકસે તે માટે નરેન્દ્ર મોદીએ ૨૦૦૩થી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટની શરૂઆત કરાવી હતી. વાઈબ્રન્ટ સમિટની સતત સફળતાને પગલે ગુજરાત આજે 'ગ્લોબલ ગેટ-વે ટુ ધી ફ્યુચર' અને દેશમાં સૌથી ઓછો બેરોજગારી દર ધરાવતું રાજ્ય બન્યું છે. આપણા દરેક જિલ્લાની પોતાની આગવી પ્રોડક્ટ અને વિશેષ સ્ટ્રેન્થ છે.

# સુરતના માંડવી ધર્માંતરણ વિવાદ કેસમાં પાદરીના પરિવાર સામેની તપાસ પર ગુજરાત હાઈ કોર્ટનો મનાઈ હુકમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના માંડવીમાં એક વિધવા યુવતીને લાલચ આપીને અને બળજબરીથી ધર્માંતરણ કરાવવાના કેસમાં ખ્રિસ્તી પાદરીના પરિવાર સામે ચાલી રહેલી તપાસ સામે ગુજરાત હાઈ કોર્ટે મનાઈ હુકમ આપ્યો છે. હાઈ કોર્ટે નોંધ્યું છે કે, પોલીસે ફરજિયાત પૂર્વ મંજૂરી લીધા વિના ગુજરાત ધર્મ સ્વતંત્રતા અધિનિયમની જોગવાઈઓનો ઉપયોગ કર્યો હતો તેથી આ તપાસ કાયદેસર નથી. પાદરી તથા તેના પરિવાર સામે ૨૦૨૫ના મે મહિનામાં સુરતના માંડવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી, પણ પોલીસે કાયદાને અવગણીને ફરજિયાત મંજૂરી વિના ગુજરાત ધર્મ સ્વતંત્રતા અધિનિયમની કલમો લગાવી દીધી હતી. આ કેસમાં પાદરીના પરિવારે ફરિયાદ રદ કરવા માટે ૨૦૨૫ના ડિસેમ્બરમાં હાઇ કોર્ટમાં અરજી કરી હતી. આ ફરિયાદના લગભગ પાંચ મહિના પછી પોલીસે ગયા અઠવાડિયે જ ફરજિયાત મંજૂરી માગી હતી. સુરતના માંડવીમાં રહેતી ૨૭ વર્ષીય વિધવા યુવતીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, ખ્રિસ્તી પાદરીએ પોતાના ડોક્ટર પુત્ર સાથે લગ્નની લાલચ આપીને તેનું ધર્માંતરણ કરાવ્યું હતું. યુવતીનો દાવો હતો કે, પાદરીએ તેનો પરિચય પુત્ર સાથે કરાવ્યો હતો. પરિચય ગાઢ થયા પછી ડોક્ટરે કહ્યું હતું કે. પોતે ફક્ત ખ્રિસ્તી યુવતી સાથે જ લગ્ન કરશે તેથી લગ્ન કરવાં હોય તો તેણે ખ્રિસ્તી બનવું પડશે. લગ્નની લાલચમાં યુવતીએ ખ્રિસ્તીઓની ધાર્મિક પ્રથાઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું અને આખરે તેનું ધર્માંતરણ થયું હતું, દરમિયાનમાં ડોક્ટરે લગ્નનું વચન આપીને તેની સાથે શરીર સંબંધ બાંધ્યા હતા.

યુવતીએ પાદરીના પુત્ર એવા ડોક્ટર સામે લગ્નનું વચન આપીને બળાત્કારનો આક્ષેપ કરતાં સુરત જિલ્લાના માંડવી પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં જુલાઈ ૨૦૨૫માં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૨૫માં પોલીસે યુવતીના ગેરકાયદેસર ધર્મ પરિવર્તન બદલ પાદરીના પરિવાર સામે આરોપ મૂકતી પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી.

# ધોળકા-બગોદરા હાઈવે પર કાર વીજ પોલ સાથે અથડાતાં ત્રણનાં કમકમાટીભર્યાં મોત, બેની હાલત ગંભીર

અમદાવાદ: ગુજરાતમાં માર્ગ અકસ્માતની ઘટનાઓ સતત વધી રહી છે. અમદાવાદમાં ધોળકા-બગોદરા હાઈવે પર એક કાર પલટી મારીને વીજ પોલ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં કુલ ૩ લોકોનાં મોત થયા હતા. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. તેના કારણે આ અકસ્માત સર્જાયો હતો. બારેજાથી ભામસરા ગામે સગાઈ પ્રસંગમાં જઈને પરત આવી રહેલા લોકોને કાળ ભરખી ગયો હતો. સ્કોર્પિયો કારચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો અને કાર વીજ સાથે અથજાઈ હતી. જેમાં ત્રણ લોકોનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું જ્યારે બે લોકો ગંભીર રીતે ઘાયલ થયાં હતા. ઘાયલોને સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સ્થાનિકોના જણાવ્યાં પ્રમાણે આ અકસ્માત એટલો ભયાનક હતો કે, ગાડી ભાગીને ભૂક્કો થઈ ગઈ હતી. આ મામલે જાણ થતા પોલીસ તથા એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. મૃતદેહોને પોલીસે પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યાં હતા. જ્યારે ઘાયલોને ધોળકાની હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતા. હજી તેમની હાલત ગંભીર હોવાનું તબીબોએ જણાવ્યું હતું. આ કેસમાં પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી શરૂ કરી હતી.

# વંદે ભારતનો ગુજરાતમાં ૭૩ લાખ મુસાફરોએ લીધો લાભ: ₹ ૭૨૨ કરોડની થઈ કમાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વંદે ભારત એક્સપ્રેસ અમદાવાદ અને ગુજરાતમાં પ્રીમિયમ રેલ મુસાફરીનું મુખ્ય ચાલક બળ બની છે. ઓક્ટોબર ૨૦૨૨ અને માર્ચ ૨૦૨૬ વચ્ચે ૭૩ લાખ મુસાફરોએ વંદે ભારત એક્સપ્રેસમાં મુસાફરી કરી હતી. જેનાથી રેલવેને ₹૭૨૨ કરોડની આવક થઈ હતી.

અમદાવાદ-મુંબઈ રૂટ પર સૌથી વધુ લોકોએ લાભ લીધો હતો. આ રૂટ બિઝનેસ ટ્રાવેલર્સ, પ્રોફેશનલ્સ અને રેગ્યુલર મનપસંદ વિકલ્પ તરીકે ઉભરી આવ્યો હતો. ગુજરાત સાથે જોડાયેલી છ વંદે ભારત સેવાઓમાં મુંબઈ સેન્ટ્રલ ગાંધીનગર, સાબરમતી જોધપુર, અમદાવાદ ઓખા, મુંબઈ સેન્ટ્રલ અમદાવાદ, સાબરમતી વેરાવળ તથા અસારવા ઉદયપુરનો સમાવેશ થાય છે. આ ટ્રેનો ઓક્ટોબર ૨૦૨૨ અને ફેબ્રુઆરી ૨૦૨૬ વચ્ચે તબક્કાવાર શરૂ કરવામાં આવી હતી.

સૂત્રોએ આ ટ્રેનોની વધતી જતી લોકપ્રિયતા માટે આધુનિક સુવિધાઓને જવાબદાર ગણાવી હતી, જેમાં જીપીએસ આધારિત પેસેન્જર ઇન્ફોર્મેશન સિસ્ટમ, રિક્લાઈનિંગ સીટ્સ, મોબાઈલ ચાર્જિંગ પોર્ટ્સ, ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ્સ, ઈઈઝટ સર્વેલન્સ અને બાયો-વેક્યુમ ટોયલેટનો સમાવેશ થાય છે.

વધુમાં, શ્રેષ્ઠ કેટરિંગ, સમયપાલન, સુરક્ષાના ઉચ્ચ ધોરણો અને મુસાફરીના સમયમાં ઘટાડાને કારણે આ સેવા પર મુસાફરોનો વિશ્વાસ વધ્યો હોવાનું ઉમેર્યું હતું.

# કચ્છમાં જખૌના ખિદરત ટાપુ પરથી ચરસના દસ બિનવારસુ પેકેટ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય જળસીમા ધરાવતા કચ્છના દરિયાકાંઠેથી ફરી એકવાર બિનવારસું માદક પદાર્થો મળવાનો સિલસિલો શરૂ થયો છે. અબડાસાના જખૌ દરિયાઈ વિસ્તારમાંથી ચરસના ૧૦ બિનવારસું પેકેટ મળી આવતા સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે.

જખૌ મરીન પોલીસની ટુકડી દુર્ગમ ખિદરત ટાપુ નજીક દરિયાઈ પેટ્રોલિંગમાં હતી, ત્યારે ટાપુના કાંઠે તણાઈ આવેલા શંકાસ્પદ પેકેટો મળી આવ્યા હતા. તપાસ કરતા આ પેકેટો ચરસના હોવાનું ખૂલ્યું હતું. પોલીસે તમામ ૧૦ પેકેટ કબજે કરી જખૌ મરીન પોલીસ મથકે જમા કરાવ્યા છે. પ્રાથમિક અંદાજ મુજબ, પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની સાથે દરિયો રફ બનતાં આ માદક પદાર્થનો જથ્થો કિનારા તરફ તણાઈ આવ્યો હોવાનું મનાય છે. છેલ્લાં પાંચ વર્ષથી કચ્છના સાગરકાંઠેથી કરોડોની કિંમતના ચરસ અને હેરોઈનના પેકેટ મળી આવવાની ઘટનાઓ નિયમિત બની ગઈ છે. ભૂતકાળમાં વિવિધ સુરક્ષા એજન્સીઓને ડ્રગ્સની સાથે વણફૂટેલા વિસ્ફોટકો પણ મળી આવ્યા છે, જે રાષ્ટ્રીય સુરક્ષા માટે ચિંતાનો વિષય છે. હજુ પણ દરિયામાં વધુ જથ્થો હોવાની સંભાવનાને પગલે સલામતી દળો દ્વારા કચ્છના ક્રીક અને સીમાવર્તી વિસ્તારોમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

# શહેરી બસ સેવા યોજના હેઠળ નવસારી, વાપી અને પાલનપુર માટે નવા ૧૭ સિટી બસ રૂટને મંજૂરી

અમદાવાદ: રાજ્યના નગર અને મહાનગરોમાં વસતા નાગરિકોની સુખાકારી અને આધુનિક પરિવહન સેવાઓ પૂરી પાડવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ દિશામાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેતા મુખ્યમંત્રી શહેરી બસ સેવા યોજના હેઠળ વિવિધ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં બસ સેવા શરૂ કરવા માટે નવા રૂટની મંજૂરી આપવામાં આવી છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી દ્વારા નવા ૧૭ રૂટને લીલી ઝંડી આપવામાં આવતા હવે રાજ્યના ત્રણ મહત્ત્વના શહેરોમાં જાહેર પરિવહન વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે. આ મંજૂરી અન્વયે નવસારી મહાનગરપાલિકા વિસ્તાર માટે નવા ૭ રૂટ મંજૂર કરવામાં આવ્યા છે. નવસારીમાં આ રૂટ શરૂ થવાથી સ્થાનિક નાગરિકોને શહેરના એક છેડેથી બીજા છેડે જવા માટે સરળ અને સસ્તી પરિવહન સેવા ઉપલબ્ધ થશે. તેવી જ રીતે વાપી મહાનગરપાલિકા વિસ્તાર માટે નવા ૪ રૂટની મંજૂરી આપવામાં આવી છે. વાપી જેવા ઔદ્યોગિક હબમાં નવા બસ રૂટ શરૂ થવાથી શ્રમિકો અને નોકરિયાત વર્ગને અવરજવર માટે મોટી રાહત મળશે અને ખાનગી વાહનોની નિર્ભરતામાં ઘટાડો આવશે. પાલનપુર નગરપાલિકા વિસ્તારના વિકાસને ધ્યાને રાખીને ત્યાં પણ નવા ૬ રૂટ મંજૂર કરવામાં આવ્યા છે.

બનાસકાંઠાના મુખ્ય મથક એવા પાલનપુરમાં બસ સેવાનો વ્યાપ વધતા આસપાસના વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાને તેનો સીધો લાભ મળશે. સરકારના આ આયોજનબદ્ધ નિર્ણયથી શહેરી વિસ્તારોમાં ટ્રાફિકનું ભારણ ઘટવાની સાથે સાથે પર્યાવરણને પણ ફાયદો થશે. આ નવા ૧૭ રૂટ શરૂ થવાનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોની રોજિંદી મુસાફરીને સુવિધાયુક્ત અને સમયબદ્ધ બનાવવાનો છે.

# ઔદ્યોગિક એકમોને રાજ્ય સરકારે સિંગલ ક્લિકથી ₹ ૧૩૪૯ કરોડ સહાય ચૂકવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારનાં ઉદ્યોગ અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાનાં ઉદ્યોગોનાં વિભાગ દ્વારા રાજ્યના લાભાર્થીઓને ઝડપી અને પારદર્શક રીતે નાણાકીય સહાય પહોંચાડવાના હેતુસર વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ, સુરત અંતર્ગત નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે સિંગલ ક્લિક પેમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત ઉદ્યોગ અને એમએસએમઈ વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૧૧, ૦૨૯ લાભાર્થીઓને રૂ. ૧૩૪૯.૫૦ કરોડની રકમ ઈ-પેમેન્ટ મારફતે એક જ સમયે તેમના બૅંક ખાતામાં સીધી જમા કરવામાં આવી હતી. જેમા મુખ્યત્વે એમએસએમઈની વિવિધ યોજના હેઠળ ૭,૪૯૫ લાભાર્થીઓને ૨૯૯.૭૫ કરોડ, ટેક્ષટાઇલ યોજનામાં ૩,૪૨૩ લાભર્થીઓને ૫૩૮.૭૬ કરોડ તથા લાર્જ ઇન્ડસ્ટ્રીનાં ૧૧૧ લાભાર્થીઓને ૫૧૦.૯૯ કરોડની સહાયનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ ઔદ્યોગિક તથા એમએસએમઈ યોજનાઓનાં લાભાર્થીઓને સમયસર સહાય મળતી રહે તે માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આ પ્રકારના કાર્યક્રમો દ્વારા ચૂકવણી પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ, સરળ અને ટેક્નોલોજી આધારિત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તેમ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર રાજ્યમાં ઉદ્યોગ વિકાસ, રોકાણ પ્રોત્સાહન, ઉત્પાદન વૃદ્ધિ અને રોજગારી સર્જન માટે સતત પ્રયત્નશીલ છે અને એમએસએમઈ ક્ષેત્રને વધુ સક્ષમ બનાવવા માટે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકી રહી છે.

# આખા દિવસના ડ્રામા બાદ ઉદ્ધવ ઠાકરે સમક્ષ કૉંગ્રેસ, ભાજપ, શિંદેસેના નતમસ્તક

## ઉદ્ધવ ન લડે તો ઉમેદવાર આપવાની જાહેરાત, પરંતુ અંબાદાસ દાનવેના ઉમેદવારી ભર્યા પછી પારોઠનાં પગલાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા પરિષદની ૧૦ બેઠકો માટે ચૂંટણી જાહેર કરવામાં આવી છે. વિધાનસભા પરિષદની ૯ બેઠકો માટે નિયમિત ચૂંટણી અને એક બેઠક માટે પેટાચૂંટણી યોજાશે. આ ચૂંટણી હવે બિનવિરોધ થશે એવું લગભગ નક્કી થઈ ગયું છે ત્યારે આખા દિવસના હાઈ ડ્રામા પછી ઉદ્ધવ ઠાકરેના નિર્ણય સામે કૉંગ્રેસ, ભાજપ અને શિવસેનાને પણ નતમસ્તક થવું પડ્યું તેની ચર્ચા રાજકીય વર્તુળોમાં સૌથી વધુ થઈ રહી છે.

અહીં ઉલ્લેખનીય છે કે ગયું આખું અઠવાડિયું કૉંગ્રેસ જ નહીં, ભાજપ અને શિવસેનાએ એવું ગાણું ગાયું હતું કે ઉદ્ધવ ઠાકરે ચૂંટણી લડશે તો જ બિનવિરોધ ચૂંટણી થશે અન્ય કોઈપણ ઉમેદવાર આપવામાં આવશે તો તેની સામે અમે ઉમેદવાર ઊભા રાખીશું. બુધવારે ઉદ્ધવ ઠાકરેએ શિવસેના (યુબીટી) તરફથી ઉમેદવાર તરીકે વિધાન પરિષદના ભૂતપૂર્વ વિપક્ષી નેતા અંબાદાસ દાનવેનું નામ જાહેર કર્યું ત્યારપછી વિધાન પરિષદની ચૂંટણીમાં ઉમેદવાર આપવાની જાહેરાત સૌથી પહેલાં કૉંગ્રેસે કરી હતી.

આવી સ્થિતિમાં વિધાન પરિષદની ચૂંટણીમાં રંગ જામે એવી શક્યતા જોવાઈ રહી હતી. એકનાથ શિંદે પણ આ ચૂંટણીમાં પોતાનો ઉમેદવાર ઉતારવા માગે છે એવા પણ અહેવાલો ફરતા થયા હતા અને જાણે બધા જ ઉદ્ધવ ઠાકરેને પછડાટ આપવા સજ્જ થયા હતા, પરંતુ ગુરુવારનો દિવસ અલગ જ ઉગ્યો હતો.

ઉદ્ધવ ઠાકરેના સંદેશવાહકો કૉંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળ અને અન્યો સાથે ચર્ચા કરવા પહોંચ્યા હતા અને ઉદ્ધવ ઠાકરેએ પોતે પાર્ટીના દિલ્હીના નેતાઓ રમેશ ચેન્નીથલા અને ખર્ગે સાથે વાત કરી હતી. લગભગ ત્રણ કલાક સુધી ચાલેલી આ બેઠકમાં કૉંગ્રેસ આગામી વર્ષે ખાલી થનારી રાજ્યસભાની બેઠકનો આગ્રહ રાખી રહી હતી અને આ બેઠક સંજય રાઉતની હોવાથી સમાધાન થઈ રહ્યું નહોતું.

આ બધાની વચ્ચે કૉંગ્રેસના સિનિયર નેતા વિજય વડેટ્ટીવાર ઉમેદવાર માટેનું આવશ્યક એબી ફોર્મ લઈને વિધાનભવન પહોંચી ગયા હતા, જ્યાં ઉમેદવારીપત્રકો સ્વીકારવામાં આવી રહ્યા હતા. આખરે ઉમેદવારી પત્રક ભરવાની મુદત પૂરી થવાને અડધો કલાક બાકી હતો ત્યારે હર્ષવર્ધન સપકાળે એવી જાહેરાત કરી હતી કે કૉંગ્રેસ ઉમેદવાર નહીં આપે અને અંબાદાસ દાનવે એમવીએના સત્તાવાર ઉમેદવાર રહેશે.

કૉંગ્રેસની જાહેરાત બાદ એકનાથ શિંદેએ પણ વધારાના ઉમેદવાર આપવાના ન હોવાની જાહેરાત કરી હતી, તેમ જ ભાજપે પણ વધારાના ઉમેદવાર આપવાના ન હોવાની જાહેરાત કરી હતી. આ બધા પરથી ઉદ્ધવ ઠાકરેના નિર્ણય સામે બધાને ઝૂકવું પડ્યું હોવાનું દર્શાવે છે. ■

# વિધાન પરિષદની ચૂંટણી બિનવિરોધ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપ, શિવસેના શિંદે જૂથ, શિવસેના ઠાકરે જૂથ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ અજિત પવાર જૂથ દ્વારા આ વિધાનસભા પરિષદની ચૂંટણી માટે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. કુલ ૧૦ ઉમેદવારોએ વિધાન પરિષદ માટે અરજીઓ દાખલ કરી છે. તેથી, ત્રણ સ્વતંત્ર ઉમેદવારોએ અરજીઓ દાખલ કરી હોવા છતાં, તેમની પાસે ૧૦ વિધાનસભ્યોના નામાંકન ન હોવાથી, આ ઉમેદવારોની અરજીઓ રદ કરવામાં આવશે એવું માનવામાં આવી રહ્યું છે, આમ હવે વિધાન પરિષદની ચૂંટણી બિનવિરોધ થવાની શક્યતા જોવાઈ રહી છે. કોઈ પણ પક્ષે અગિયારમો ઉમેદવાર મેદાનમાં ઉતાર્યો ન હોવાથી, વિધાન પરિષદની ચૂંટણી બિનહરીફ થશે. જોકે ત્રણ સ્વતંત્ર ઉમેદવારોએ અરજીઓ દાખલ કરી છે, પરંતુ તેમની પાસે ૧૦ વિધાનસભ્યોના નામાંકન ન હોવાથી, આ સંબંધિત સ્વતંત્ર ઉમેદવારોની અરજીઓ રદ કરવામાં આવશે. ભાજપ તરફથી ૬, શિવસેના તરફથી ૨, એનસીપી તરફથી ૧ અને એમવીએ તરફથી ૧ ઉમેદવારની અરજીઓ દાખલ કરવામાં આવી છે. ■

# આજથી રેલવે પ્રવાસીઓનો પ્રવાસ બનશે વધુ ઠંડો

## પશ્ચિમ, હાર્બર લાઇનમાં એસી ટ્રેનોનો વધારો, વિરાર-દહાણુ ૧૫ કોચની ૧૭ ટ્રેન

મુંબઈ : આ વર્ષે એપ્રિલમાં ગરમી અને ભેજવાળા હવામાનને કારણે મુંબઈવાસીઓ પરસેવાથી લથપથ થઈ ગયા છે, પરંતુ હવે મુંબઈવાસીઓ માટે ઠંડકના સમાચાર છે.

રેલવેએ ૧ મેથી હાર્બર અને પશ્ચિમ રેલવે લાઇન પર એસી લોકલ ટ્રેનોની ફ્રીક્વન્સી વધારવાનો નિર્ણય લીધો છે.

### પશ્ચિમ રેલવે પર ૧૨ એસી ટ્રેનો ઉમેરવામાં આવશે

ઘણા સમયથી મધ્ય અને પશ્ચિમ રેલવે પર એસી લોકલ ટ્રેનોની સંખ્યા વધારવાની માગ કરવામાં આવી હતી. હવે પશ્ચિમ રેલવે રૂટ પર ૧૨ એસી લોકલ ટ્રેનો ઉમેરવામાં આવી છે. જ્યારે ૧૫ કોચવાળી લોકલ ટ્રેનોની ૧૭ ફેરી વધારવામાં આવશે.

પશ્ચિમ રેલવે પર હાલમાં દોડતી ૧૨ બિન-વાતાનુકૂલિત લોકલ ટ્રેનોને એસી લોકલ તરીકે દોડાવવામાં આવશે. સવાર અને સાંજના ધસારાના સમયે કુલ ચાર એસી લોકલ ટ્રેનો ઉમેરવામાં આવી છે.

આનાથી એસી લોકલ ટ્રેનોની કુલ સંખ્યા ૧૩૩ થી વધીને ૧૪૫ થશે. મુસાફરોને રજાના દિવસે વધારાની ટ્રેનો પણ મળશે. નોંધનીય છે કે, શનિવાર અને રવિવારે પહેલા ૧૦૬ ને બદલે હવે ૧૧૮ લોકલ ટ્રેનો દોડશે.

### હાર્બર લાઇન પર ૧૪ એસી લોકલ

પશ્ચિમ રેલવેની સાથે હાર્બર લાઇન પર એસી લોકલ ટ્રેનોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને પનવેલ/વાશી વચ્ચે, ૧૪ નોન-એસી લોકલ ટ્રેનોને એસી લોકલ ટ્રેનો તરીકે ચલાવવામાં આવશે.

આમાં સવાર અને સાંજના ધસારાના સમયે બે ટ્રેનોનો સમાવેશ થશે. આમ, હાર્બર લાઇન પર ટ્રેનોની સંખ્યા વધીને ૧૦૮ થશે.

### વિરાર-દહાણુ રૂટ પર ૧૫ કોચની લોકલ

વિરાર-દહાણુ રૂટ પર મુસાફરી કરનારાઓ માટે પણ સારા સમાચાર છે.

આ રૂટ પર, ચર્ચગેટથી વિરાર-દહાણુ વચ્ચે ૧૫ કોચની ૧૭ લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે. આમાં સવાર અને સાંજના ધસારાના સમયે પાંચ ટ્રીપનો સમાવેશ થશે. આમાંથી આઠ ટ્રીપ પહેલી વાર વિરાર-દહાણુ રૂટ પર દોડાવવામાં આવશે. ■

# શિંદેનો મોટો ઝટકોઃ બચ્ચુ કડુને પાર્ટીમાં સામેલ કરીને ઉમેદવારી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દિવ્યાંગ કાર્યકર્તા અને પ્રહાર સંગઠનના સર્વેસર્વા બચ્ચુ કડુને ઉમેદવારી આપીને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના અધ્યક્ષ એકનાથ શિંદેએ બધાને ચોંકાવી દીધા હતા. એકનાથ શિંદેએ પહેલાં બચ્ચુ કડુને પોતાની પાર્ટીમાં પ્રવેશ કરાવ્યો હતો અને પછી તેમને વિધાન પરિષદની ઉમેદવારી આપી હતી. શિવસેનાના ક્વોટાની બીજી બેઠક પર નિલમ ગોર્હેને ઉમેદવારી આપીને તેમને ફરી એકવખત વિધાન પરિષદમાં મોકલવામાં આવ્યા હતા.

અહીં ઉલ્લેખનીય છે કે બચ્ચુ કડુ ચાર વખત અપક્ષ વિધાનસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે, પરંતુ ૨૦૨૪ની વિધાનસભાની ચૂંટણીમાં તેમને પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો હતો.

ગુરુવારે વિધાન પરિષદની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાના છેલ્લા દિવસે સવારે એકનાથ શિંદેએ બચ્ચુ કડુને શિવસેનામાં સામેલ કર્યા હતા અને પછી તેમને શિવસેના તરફથી વિધાન પરિષદની ઉમેદવારી આપી હતી.

ખેડૂતો અને દિવ્યાંગના મુદ્દે અનેક વખત મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ટીકા કરી ચૂકેલા બચ્ચુ કડુને શિવસેનામાં પ્રવેશ આપવામાં આવતાં રાજકીય નિરીક્ષકોમાં તર્ક-વિતર્ક થઈ રહ્યા છે.

બીજી તરફ નીલમ ગોર્હેને ફરી એકવખત ઉમેદવારી ન આપવામાં આવે તે માટે શિવસેનામાં થઈ રહેલા ભારે વિરોધને અવગણીને ફરી એકવખત તેમને જ ઉમેદવારી આપીને બધાને ચોંકાવી દીધા છે.

એકનાથ શિંદેએ બચ્ચુ કડુને પાર્ટીમાં પ્રવેશ આપ્યા બાદ સ્પષ્ટ કર્યું હતું કે પ્રહાર સંગઠન સામાજિક સંગઠન તરીકે પોતાનું કામ ચાલુ રાખશે અને બચ્ચુ કડુ શિવસેનાના વિસ્તાર માટે કામ કરશે. ■

**મીરા રોડમાં પહલગામ જેવો હુમલો**

# આઈએસઆઈએસના એજન્ટોનું ધ્યાન ખેંચવા અન્સારીએ વૉચમેનને ટાર્ગેટ કર્યા

## ડાર્ક વેબ અને એન્ક્રિપ્ટેડ ચૅનલોથી એજન્ટનો સંપર્ક સાધવામાં નિષ્ફળ ગયા પછી અન્સારીએ 'લૉન વૂલ્ફ અટૅક'ની યોજના બનાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મીરા રોડમાં પહલગામ સ્ટાઈલમાં નિર્માણાધીન ઈમારતના બે વૉચમેન પર હુમલો કરવાના કેસની તપાસમાં મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)ને કેટલીક ચોંકાવનારી માહિતીઓ મળી રહી છે. વૉચમેન પર હુમલો કરનારો આરોપી ઝૈબ ઝુબેર અન્સારી છેલ્લા ચારેક મહિનાથી ડાર્ક વેબ અને એન્ક્રિપ્ટેડ ચૅનલોના માધ્યમથી આઈએસઆઈએસના એજન્ટોનો સંપર્ક સાધવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ સંપર્ક ન થતાં બેબાકળા બનેલા અન્સારીએ એજન્ટોનું ધ્યાન ખેંચવા 'લૉન વૂલ્ફ અટૅક'ની યોજના બનાવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ પત્નીએ છૂટાછેડા આપ્યા અને વડીલો અમેરિકામાં રહેતા હોવાથી ૩૧ વર્ષનો અન્સારી એકલવાયું જીવન જીવતો હતો. પરિણામે તેના મનમાં વિચિત્ર વિચારો રમતા હતા. એવામાં જેહાદી બનીને તે આઈએસઆઈએસમાં જોડાવાનું સપનું જોવા લાગ્યો હતો. આના ભાગ રૂપે તે ઈન્ટરનેટના માધ્યમથી કટ્ટરપંથી વિચારધારા અને સામગ્રીના સંપર્કમાં આવ્યો હતો.

કહેવાય છે કે તપાસ દરમિયાન અન્સારીના ઘરેથી મળેલા કાગળિયામાં તેણે આઈએસઆઈએસ પ્રત્યે પોતાની વફાદારી સંબંધી લખાણ લખ્યું હતું. એ સિવાય ઉશ્કેરણીજનક લખાણની સાથે લૉન વૂલ્ફ અટૅક અંગે પણ કાગળ પર લખવામાં આવ્યું હતું. ■

# પીક અવર્સમાં ઘાટકોપર-વર્સોવા મેટ્રો-વન વિલંબે દોડતા મુસાફરોને ભારે હાલાકી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર અને વર્સોવા વચ્ચે દોડતી મુંબઈ મેટ્રો લાઈન-વન કોરિડોર પર ગુરુવારે સવારના પીક અવર્સમાં મુંબઈગરાને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. મેટ્રો રેલ મોડી દોડવાની સાથે જ ગરમીના સમયમાં મેટ્રો રેલમાં થયેલી ભીડને કારણે મુસાફરો પરેશાન થઈ ગયા હતા.

આખી રાત ચાલેલા મેઈન્ટેન્સના કામને કારણે મેટ્રો રેલની સ્પીડ પર મૂકવામાં આવેલા નિયંત્રણને પગલે મેટ્રો રેલ તેના નિયત સમયથી મોડી દોડી રહી હતી, તેને પગલે સવારના પીક અવર્સમાં ઓફિસે સમયસર પહોંચવાની ઉતાવળમાં રહેલા લોકોને ભારે ફટકો પડયો હતો. મેટ્રો-વનમાં પ્રવાસ કરનારા મુસાફરાએ તેમને ભોગવવી પડેલી વ્યથા સોશિયલ મિડિયા પર ઠાલવી હતી. મેટ્રો ઓપરેટર દ્વારા અગાઉથી કોઈ જાહેરાત કરવામાં આવી નહોતી અને સોશિયલ મિડિયા પર સમયસર મેટ્રો રેલ બાબતે કોઈ પોસ્ટ પણ કરવામાં આવી ન હોવા બાબતે નારાજગી પણ અનેક મુસાફરોએ વ્યક્ત કરી હતી.

બાદમાં મેટ્રો ઓપરેટર દ્વારા સોશિયલ મિડિયા પર પોસ્ટ કરવામાં આવી હતી કે પ્રમાણભૂત સલામતી અને સાવચેતીના પગલા રૂપે કામચલાઉ સ્પીડ કંટ્રોલ લાગુ કરવામાં આવ્યા હતા, તેને કારણે મેટ્રો રેલમાં વિલંબ થયો હતો.

જોકે મુસાફરોને ઘાટકોપર સહિતના અનેક સ્ટેશનો પર મેટ્રો ટ્રેનની રાહ જોવામાં ખાસ્સો સમય લાગ્યો હતો અને તેને કારણે પ્લેટફોર્મ પર ભીડ પણ વધી ગઈ હતી. મેટ્રો ટ્રેનની સ્પીડ ધીમી હોવાથી વર્સોવા-અંધેરી-ઘાટકોપર રૂટ પર ટ્રેન સેવાની સંખ્યા પણ ઓછી થઈ ગઈ હતી. ■

**તરબૂચ ખાધા પછી ચારનાં મોત**

# માર્કેટમાં હવે તરબૂચ જ ન મળતા એફડીએને તપાસમાં અડચણ

મુંબઈ : ગરમીથી રાહત આપતું ફળ તરબૂચ આજકાલ વિલન બની ગયું છે. દક્ષિણ મુંબઈના ભીંડી બજાર વિસ્તારમાં તરબૂચ ખાવાથી એક જ પરિવારના ચાર સભ્યોના મોતથી આખું શહેર હચમચી ગયું છે. આ મામલાની તપાસ વિવિધ સ્તરે ચાલી રહી છે. મૃતકનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ફોરેન્સિક રિપોર્ટ હજુ આવવાનો બાકી છે. બીજી તરફ, પોલીસ પણ તપાસ કરી રહી છે. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનની પણ આ કેસમાં એન્ટ્રી થઇ છે.

અંધેરીના મોબાઇલ એસેસરીઝના વેપારી અબ્દુલ્લા ડાકોડિયા (૪૪), તેમની પત્ની નસરીન (૩૫) અને બે પુત્રીઓ આયેશા (૧૬) અને ઝૈનબ (૧૨) ના શંકાસ્પદ રીતે મૃત્યુ થયા છે. આ કેસની તપાસ કરી રહેલા ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનને એક વિચિત્ર અવરોધનો સામનો કરવો પડી રહ્યો છે. તપાસના ભાગ રૂપે, એફડીએ ને ઘટનાસ્થળના ૫-૧૦ કિમીના ત્રિજ્યામાં અન્ય તરબૂચનું પરીક્ષણ કરવું છે. જોકે વડાલાથી ભાયખલા સુધીના કોઈપણ બજારમાં તરબૂચ વેચાણ માટે ઉપલબ્ધ નથી. નળ બજાર ફળ અને શાકભાજી બજાર એસોસિએશનના જણાવ્યા અનુસાર, પોલીસ હાલમાં વિક્રેતાઓની પૂછપરછ કરી રહી છે અને ગ્રાહકોમાં ઘણો ગભરાટ છે. નુકસાન ટાળવા માટે, વેપારીઓએ તરબૂચ વેચવાનું બંધ કરી દીધું છે. એફડીએ ના એક અધિકારીએ જણાવ્યું હતું કે અમારે તપાસ માટે કેટલાક તરબૂચનું પરીક્ષણ કરવાની જરૂર છે જેનું વજન લગભગ ૫૦૦ ગ્રામ હોય. જોકે, ફળના અભાવને કારણે પરીક્ષણ અને ત્યારબાદની તપાસ મુલતવી રાખવામાં આવી છે. ■

## ૭ વર્ષ જૂનો મામલો પ્રકાશમાં આવ્યો

મૃતક અબ્દુલ્લા ડોકાડિયા એક કેસમાં સાક્ષી હતો. જોગેશ્વરીમાં એક મહિલાએ ડેવલપરને પૈસા આપ્યા હતા. ડેવલપર પાસેથી પૈસા લેવા અબ્દુલ્લાને મોકલ્યો હતો, પરંતુ ડેવલપરે પૈસા પરત કર્યા નહોતા. મહિલાએ ૨૦૧૯ માં ડીએન નગર પોલીસ સ્ટેશનમાં આ કેસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. અબ્દુલ્લા આ કેસમાં સાક્ષી હતો અને તેની જુબાની મહત્વની હતી.


પોલીસ દ્વારા હાલમાં સંપૂર્ણ તપાસ ચાલી રહી છે અને મૃત્યુનું ચોક્કસ કારણ મેડિકલ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા પછી જ સ્પષ્ટ થશે. પોલીસે ફક્ત તરબૂચ જ નહીં પરંતુ અન્ય વસ્તુઓનું પણ પરીક્ષણ કર્યું છે. બિરયાની, પાણીની બોટલ અને માટલાના પાણીના નમૂના લેવામાં આવ્યા છે અને જેજે હોસ્પિટલ, એફડીએ, એફએસએલ તપાસ કરશે. ■


## પ્રધાનમંડળમાં પણ પડઘા પડ્યા

રાજ્યભરમાં ચર્ચાનો વિષય બનેલી આ ઘટનાની બુધવારે રાજ્ય પ્રધાન મંડળની બેઠકમાં પડઘા પડ્યા હતા. બેઠકમાં પ્રધાનોએ આ મુદ્દા પર ચર્ચા કરી હતી. કેટલાક લોકોએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે જો તરબૂચ મૃત્યુનું કારણ બની રહ્યું હોય તો આ મામલો ગંભીર છે. આ બાબત અંગે પ્રધાનોમાં રહેલા ડરને ધ્યાનમાં રાખીને, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ બાબતે પ્રધાન મંડળને માહિતી આપી હતી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પ્રધાન મંડળને જણાવ્યું હતું કે આ ઘટના તરબૂચને કારણે થઈ છે કે કેમ તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા નથી. આ મામલાની સંપૂર્ણ તપાસ ચાલી રહી છે અને તપાસના નિષ્કર્ષના આધારે સ્પષ્ટ થશે કે મૃત્યુ તરબૂચને કારણે થયા હતા કે અન્ય કોઈ કારણસર થયા હતા. દરમિયાન, આ ઘટના પછી જે.જે. હોસ્પિટલમાં આવા જ વધુ દર્દીઓ દાખલ થવાની અફવાઓ સોશિયલ મીડિયા પર ફેલાઈ રહી હતી. જોકે, હોસ્પિટલે સ્પષ્ટતા કરી છે કે આવા કોઈ નવા દર્દી નથી દાખલ કરવામાં આવ્યા. ■

# આજે 'મિસિંગ લિંક'નું ઉદ્‌ઘાટન

## મિસિંગ લિંક પર હળવાં વાહનો માટે ગતિ મર્યાદા ૧૦૦ કિમી/કલાક; જ્યારે પેસેન્જર વાહનો માટે ૮૦ કિમી/કલાક રહેશે





મુંબઈ : મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર મુસાફરી ઝડપી અને સુરક્ષિત બનાવવા માટે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમે ખોપોલીથી કુસગાંવ સુધી એક નવી મિસિંગ લિંક બનાવી છે. આ મિસિંગ લિંકનું કામ હવે પૂર્ણ થઈ ગયું છે અને આ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન પહેલી મેના રોજ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને સુનેત્રા પવારની હાજરીમાં કરવામાં આવશે. ઉદ્‌ઘાટનના થોડા કલાકો પછી આ રૂટ ટ્રાફિક માટે ખુલ્લો મુકવામાં આવશે. આ માર્ગ ખુલતા મુંબઈ-પુણે મુસાફરીનો સમય ૩૦ મિનિટ ઓછો થઈ જશે. આનાથી મુસાફરોને મોટી રાહત મળશે. દરમિયાન ટ્રાફિક પોલીસે સોમવારે આ મિસિંગ લિંક પર ટ્રાફિક વ્યવસ્થાપન અંગે એક સૂચના જારી કરી હતી. સૂચના મુજબ, પહેલી મેથી, હળવા વાહનો, બસો અને પેસેન્જર વાહનોને મિસિંગ લિંકમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. માલવાહક વાહનોના પ્રવેશ અંગે છ મહિના માટે સર્વે કરવામાં આવશે. ત્યારબાદ, નવેમ્બરમાં નિર્ણય લેવામાં આવશે. સૂચનામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, જ્વલનશીલ પદાર્થો અને વિસ્ફોટકો વહન કરતા વાહનો માટે મિસિંગ લિંક પર કાયમી ધોરણે પ્રતિબંધ રહેશે. આવા વાહનોને ઘાટમાંથી મુસાફરી કરવી પડશે.

સૂચનામાં ગતિ મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે. મિસિંગ લિંક પર ગતિ મર્યાદા હળવા વાહનો માટે ૧૦૦ કિમી પ્રતિ કલાક અને પેસેન્જર વાહનો માટે ૮૦ કિમી પ્રતિ કલાક રહેશે. વાહનચાલકો માટે આ ગતિ મર્યાદાનું પાલન કરવું ફરજિયાત છે. ■

# પુણેમાં વૉટર પ્યુરિફિકેશન પ્લાન્ટમાં ક્લોરિન ગેસ લીકેજ

## ફાયરબ્રિગેડના બે જવાન, બાવીસ રહેવાસીઓ હોસ્પિટલમાં દાખલ કરાયા

*પુણેઃ* પુણેના કોંઢવા વિસ્તારમાં બુધવારે મોડી રાતે વૉટર પ્યુરિફિકેશન પ્લાન્ટમાંથી ક્લોરિન ગેસ લીક થયા બાદ ફાયરબ્રિગેડના બે જવાન અને ૨૨ રહેવાસીઓને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, એમ ફાયરબ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું.

ગંગાધામ વિસ્તારમાં બંધ વૉટર પ્યુરિફિકેશન પ્લાન્ટના ગોદામમાં ક્લોરિન ગેસવાળી ટાંકીમાંથી મોડી રાતે એક વાગ્યાની આસપાસ લીકેજ થયું હતું. ટાંકીમાંથી ગેસ લીક થયા બાદ તે અન્યત્ર ફેલાયો હતો, જેને કારણે આસપાસના રહેવાસીઓએ શ્વાસ લેવામાં તકલીફ થઇ રહ્યાની ફરિયાદ કરી હતી. દરમિયાન બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. આખા વિસ્તારના ખાલી કરવામાં આવ્યા બાદ જવાનોએ ટાંકીમાં જે જગ્યાએથી ગેસ લીક થતો હતો તેને સુરક્ષાનાં સાધનોનો ઉપયોગ કરીને બંધ કરી દેવામાં આવી હતી.

આ ઑપરેશન દરમિયાન ૨૨ રહેવાસીઓ અને ફાયરબ્રિગેડના બે જવાનને શ્વાસ લેવામાં તકલીફ થઇ હતી અને તેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઇ જવાયા હતા. ઘટનાસ્થળે અગાઉ વૉટર પ્યુરિફિકેશન પ્લાન્ટ ચલાવતી વ્યક્તિએ જણાવ્યું હતું કે તેણે એ યુનિટ બંધ કરી દીધું હતું, પણ ક્લોરિન ગેસવાળી ટાંકી પર ધ્યાન ગયું નહોતું અને તે ત્યાં જ રહી ગઇ હતી, જેમાંથી બુધવારે મોડી રાતે ગેસ લીક થયો હતો. શ્વાસ લેવામાં તકલીફને કારણે હોસ્પિટલમાં દાખલ કરાયેલા ૨૨ રહેવાસી અને ફાયરબ્રિગેડના બંને જવાનની તબિયત સ્થિર છે. (પીટીઆઇ) ■

# મહારાષ્ટ્રમાં આજથી ડિજિટલ વસ્તી ગણતરીનો પ્રારંભ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વસ્તી ગણતરી માટે સ્વ-ગણતરી (સેલ્ફ એન્યુમરેશન) તબક્કો પહેલી મેથી શરૂ થશે. આ સાથે ભારતની પ્રથમ સંપૂર્ણ ડિજિટલ વસ્તી ગણતરીનો પ્રારંભ થશે એમ અધિકારીઓએ ગુરુવારે મુંબઈમાં જણાવ્યું હતું. 'સેલ્ફ એન્યુમરેશન' તરીકે ઓળખાતી આ પદ્ધતિમાં વસ્તી ગણતરી સાથે સંકળાયેલી વ્યક્તિ ઘરે આવે એ પહેલા નાગરિકોએ જનસંખ્યા માટે ઘરની વ્યક્તિઓની સંખ્યા અને તેમની જરૂરી વિગતો ઓનલાઈન ભરવાની હોય છે. મહારાષ્ટ્રના મુખ્ય વસ્તી ગણતરી અધિકારી અને વસ્તી ગણતરી સંચાલન નિયામક નિરુપમા ડાંગેએ જણાવ્યું હતું કે આ વ્યવસ્થા ડિજિટલ ગવર્નન્સ સિસ્ટમ તરફના વ્યાપક પરિવર્તનનો એક ભાગ છે, જેમાં માહિતી સંગ્રહ અને સુધારેલી ચોકસાઈ સુનિશ્ચિત કરવા માટે મોબાઈલ એપ્લિકેશનો અને ઓનલાઈન પોર્ટલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સ્વ-ગણતરીનો વિકલ્પ પસંદ કરતા નાગરિકોને ફક્ત સત્તાવાર વેબસાઈટ https: e.census.gov.in નો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે અને RGICEN કીવર્ડ ન હોય તેવા કોઈપણ SMSનો જવાબ નહીં આપવાની સલાહ આપવામાં આવી છે એમ અધિકારીઓએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું. સ્વ-ગણતરી પ્રક્રિયા પહેલી મે થી ૧૫ મે દરમિયાન હાથ ધરવામાં આવશે. ત્યારબાદ ૧૬ મે થી ૧૪ જૂન દરમિયાન ઘરની યાદી અને રહેઠાણ ગણતરી કરવામાં આવશે. (પીટીઆઈ) ■

# 'અઘોરી' વિધિથી સમસ્યાનું નિરાકરણઃ નાશિકથી બે 'ગૉડમેન'ની ધરપકડ

થાણેઃ બ્લૅક મૅજિક અને અઘોરી વિધિથી જીવનમાં સતાવતી સમસ્યાઓનું નિરાકરણ કરી આપવાને બહાને નવી મુંબઈની મહિલા પાસેથી ૧.૯૦ લાખ રૂપિયા પડાવીને કથિત છેતરપિંડી કરાવના કેસમાં નાશિકથી બે 'ગૉડમેન'ની ધરપકડ કરવામાં આવી હતી.

પકડાયેલા બન્ને આરોપીની ઓળખ અર્જુન ભરત ચવાણ ઉર્ફે ટનટન બાબા (૨૧) અને સાગર શિવાજી શિંદે ઉર્ફે એકલહરી બાબા (૨૪) તરીકે થઈ હતી. નાશિકના ઘોટી ખાતેથી બન્નેને નવી મુંબઈ પોલીસે પકડી પાડ્યા હતા.

આરોપીઓએ મધ્ય પ્રદેશના ઉજ્જૈનના વતની હોવાનો દાવો કર્યો હતો. નવી મુંબઈમાં રહેતી ૨૭ વર્ષની મહિલાએ બાબાનો સંપર્ક સાધ્યો હતો. જીવનમાં ગંભીર સમસ્યાઓ છે અને તેનું નિરાકરણ પૂજા-વિધિથી કરવાની ખાતરી આરોપીએ આપી હતી. (પીટીઆઈ) ■

# ક્રૂડ ઓઈલના ઉછાળાને કારણે સેન્સેક્સ ૧૨૩૭ પોઈન્ટ સુધી નીચે જઈ અંતે ૫૮૩ પોઈન્ટના ઘટાડે સ્થિર થયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ક્રૂડ ઓઇલના ભાવ ઉછાળા, વિશ્વબજારની નબળાઇ અને એફઆઇઆઇની એકધારી વેચવાલીને કારણે ખરડાયેલા માનસ વચ્ચે સેન્સેક્સ સત્ર દરમિયાન ૧૨૩૭.૫૦ પોઇન્ટની નીચી સપાટીએ પટકાઇને અંતે ૫૮૨.૮૬ પોઇન્ટના ઘટાડા સાથે ૭૬,૯૧૩.૫૦ની સપાટીએ સ્થિર થયો હતો. નિફ્ટી ૧૮૦.૧૦ પોઇન્ટના ઘટાડા સાથે ૨૩,૯૯૭.૫૫ની સપાટીએ સ્થિર થયો છે. બ્રેન્ટ ક્રૂડ ૧૨૫ ડોલર સુધી ઊંચે જઇને પાછળથી ૧૧૬ ડોલર સુધી નીચે આવ્યું હતું.

ઇટર્નલ, હિંદુસ્તાન યુનિલીવર, ટાટા સ્ટીલ, લાર્સન એન્ડ ટૂબ્રો, અલ્ટ્રાટેક સિમેન્ટ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ટોચના સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા. જ્યારે સન ફાર્મા, ઇન્ફોસિસ, બજાજ ફાનાન્સ અને અદાણી પોર્ટ ટોપ ગેઇનર રહ્યા હતા. એચયુએલના શેરમાં ૨.૬૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. હિંદુસ્તાન યુનિલીવરે ચોથા ક્વાર્ટરમાં ૨૧ ટકાના વધારા સાથે રૂ.૨,૯૯૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

વારી એનર્જીનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૭૫ ટકાના વધારા સાથે રૂ. ૧૧૨૬ કરોડ નોંધાયો છે. બજાજ ફાઇનાન્સના પરિણામની જાહેરાત બાદ તેના શેરમાં પાંચ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં ૨૨ ટકાના વધારા સાથે રૂ. ૫,૫૫૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

જાહેર ક્ષેત્રની કંપની નાલ્કોએ માર્ચના ત્રિમાસિક ગાળા માટે સંયુક્ત ચોખ્ખા નફો ૧૬.૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૧,૭૨૨.૪૪ કરોડ થયો હતો.

બ્લેકસ્ટોન સમર્થિત બેગમાને પ્રાઇમ ઓફિસ રેઇટ (રિઅલ ઇસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ)નું રૂ. ૩૪૦૫ કરોડનું જાહેર ભરણું સબ્સક્રિપ્શન માટે પાંચમી મેના રોજ ખૂલશે અને સાતમી મેના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ યુનિટદીઠ રૂ. ૯૫થી રૂ. ૧૦૦ નક્કી કરવામાં આવી છે. ફાળવણી ૧૨મી મેએ અને રિફંડ તથા ડિમેટ ખાતામાં ૧૩મી મેના રોજ જમા થશે. બીએસઇ અને એનએસઇ પર લિસ્ટિંગ ૧૫મી મેના રોજ થશે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં સન ફાર્મા ૧.૬૪ ટકા, ઈન્ફોસિસ ૧.૨૦ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૯૮ ટકા, ટેક મહિન્દ્ર ૦.૯૫ ટકા, બજાજ ફાઇનાન્સ ૦.૭૨ ટકા, કોટક બેન્ક ૦.૫૨ ટકા, મારુતિ ૦.૪૦ ટકા રિલાયન્સ ૦.૩૩ ટકા અને ટીસીએસ ૦.૦૧ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ઈટર્નલ ૨.૮૫ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૨.૭૦ ટકા, ટાટા સ્ટીલ ૨.૧૩ ટકા, લાર્સન ૨.૦૩ ટકા, ટ્રેન્ટ ૧.૯ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૯૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૮૩ ટકા,, સ્ટેટ બેન્ક ૧.૬૯ ટકા, એક્સિસ બેન્ક ૧.૬૦ ટકા, બીઈએલ ૧.૩૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૦૯ ટકા અને ટાઈટન ૧.૦૬ ટકા ઘટ્યા હતા.

માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ



એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ના નવા રજૂ કરાયેલા એસઆઇએફ ફ્રેમવર્કમાં પ્રવેશ કરતા, યુનિયન મ્યુચ્યુઅલ ફંડે ૩૦ એપ્રિલના રોજ તેના અર્થ્યા સ્પેશિયલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડ (એસઆઇએફ) હેઠળ રોકાણ વ્યૂહરચના શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પ્લેટફોર્મ હેઠળની પ્રથમ ઓફર, અર્થ્યા ઇક્વિટી લોંગ શોર્ટ ફંડ, લોંગ-શોર્ટ ઇક્વિટી અભિગમને અનુસરશે, જે ડેરિવેટિવ્ઝ દ્વારા પસંદગીની શોર્ટ પોઝિશન સાથે ઇક્વિટીમાં લોંગ પોઝિશનને જોડે છે.

યુએસ-ઈરાન તણાવ વધતાં અને મુખ્ય દરિયાઈ શિપિંગ માર્ગો પર સતત વિક્ષેપ લાંબા સમય સુધી રહેવાની ધારણાં વચ્ચે બ્રેન્ટ ક્રૂડ ચાર વર્ષમાં પહેલી વાર પ્રતિ બેરલ ૧૨૦ની સપાટી વટાવી ૧૨૫ ડોલર બોલાયુ હોવાથી ફુગાવાની ચિંતાઓ વધુ તીવ્ર બની અને શેરબજારમાં વેચવાલીનું દબાણ આવી ગયું હતું. ક્રૂડના ભાવ ઉછાળા સાથે રૂપિયા પર દબાણ આવ્યું અને મૂડીના આઉટફ્લો તથા વધતી ખાધ અંગે ચિંતાઓ ફરી સપાટી પહર આવી હતી.

ફેડરલે દરમાં કોઈ ફેરફાર કર્યો નથી, પરંતુ મજબૂત નીતિ વલણ જાળવી રાખ્યું હોવાથી ડોલરને ટેકો મળ્યો. સ્થાનિક સ્તરે, ઓટો, બેંકો, મેટલ અને રિયલ એસ્ટેટમાં ઘટાડો જોવા મળ્યો, જ્યારે આઇટી અને ફાર્મામાં પસંદગીયુક્ત રક્ષણાત્મક ખરીદી જોવા મળી. સત્રના અંતના તબક્કામાં હળવી રિકવરીથી મર્યાદિત રાહત મળી,જોકે એકંદર સેન્ટિમેન્ટ સાવચેતીનું રહ્યું, એમ જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સના ચીફ સ્ટ્રેટેજિસ્ટ વિનોદ નાયરે જણાવ્યું.

મારુતી સુઝુકીએ ૧.૨૪ ટકાના વધારા સાથે રૂ. ૧૪,૬૭૯.૫૦ કરોડનો વાર્ષિક કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. વેદાંતનો ચોથા ક્વાર્ટરનો નફો ૮૯ ટકા વધીને રૂ. ૯,૩૫૨ કરોડ નોંધાયો હતો. અદાણી પાવરનો ચોથા ત્રિમાસિક સમયગાળાનો ચોખ્ખો નફો ૬૪ ટકા વધીને રૂ. ૪,૨૭૧ કરોડના સ્તરે પહોંચ્યો હતો.

કેફિન ટેકનોલોજીનો ચોથા ક્વાર્ટરનો નફો ૪.૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૮૧ કરોડ નોંધાયો છે. આઇઆઇએફએલ ફાઇનાન્સનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો બે ગણો વધીને રૂ. ૬૨૩ કરોડ નોંધાયો હતો. પાવરગ્રીડના બોર્ડે સ્ટેટ બેન્ક પાસેથી રૂ. ૪૦૦૦ કરોડ ઉઘરાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. એપ્ટસ ફાર્માએ વાર્ષિક ધોરણે ૮૯.૫૯ ટકાના વધારા સાથે રૂ. ૪૬૭૦.૮૧ લાખની કુલ સ્ટેન્ડઅલોન આવક અને ૫૭.૭૩ ટકાના વધારા સાથે રૂ. ૭૫૦.૩૨ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર લિસ્ટેડ આ કંપનીએ મલ્ટી વર્ટિકલ વિસ્તરણ હેઠળ ૨૫૦થી વધુ પ્રોડક્ટસનો પોર્ટફોલિયો બનાવવા સાથે ૨૫,૦૦૦થી વધુ રિટેલ આઉટલેટ્સને આવરી લીધાં છે, જે ૨૦૦થી વધુ વિતરક અને પેટાવિતરક દ્વારા સમર્થિત છે.

એનએસઇએ લગભગ એક ટકા જેટલો હિસ્સો ઇન્ડિયન ગેસ એક્સચેન્જને વેચ્યો છે. કોલ ઇન્ડિયાએ ચોથા ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યો હતો. મારુતિ સુઝુકીનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૬.૪૫ ટકા ઘટીને રૂ. ૩,૬૫૯ કરોડ નોંધાયો છે. ધૂત ટ્રાન્સમિશને બેંગ્લુરુની મલ્ટિલિન્ક હસ્તગત કરી છે. ઇટર્નલના ચોથા ક્વાર્ટરના નફામાં વાર્ષિક ધોરણે ૩૪૬ ટકાનો ઉછાળો નોંધાયો છે. મેકમાય ટ્રીપ અને અદાણી એરપોર્ટ હોલ્ડિંગે ભાગીદારી જાહેર કરી છે.

# ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી જોવા મળેલી પીછેહઠ તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેવાની સાથે અમુક અંશે રિઝર્વ બૅન્કનો હાજર બજારમાં હસ્તક્ષેપ રહ્યો હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સાધારણ ચાર પૈસાના સુધારા સાથે ૯૪.૮૪ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી અને સ્થાનિક આયાતકારોની ડૉલરમાં લેવાલી રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ ઉમેર્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૮૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૦૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઐતિહાસિક નીચી ૯૫.૩૪ના તળિયે સ્પર્શીને ઉપરમાં ૯૪.૮૩ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ચાર પૈસાના સુધારા સાથે ૯૪.૮૪ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસા ગબડ્યો હતો. તેમ જ આ પૂર્વે સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયાએ ૩૦મી માર્ચના રોજ સત્ર દરમિયાન ૯૫.૨૨ની નીચી સપાટી દાખવી હતી.

એકંદરે વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૧૨૩ની ઊંચી સપાટી સુધી પહોંચ્યા હોવાથી ભારતની વેપાર ખાધ અને ચાલુ ખાતાની ખાધ વધવાની શક્યતા, બીજું વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી અને ત્રીજું અમેરિકામાં ફુગાવો વધતાં ૧૦ વર્ષીય બૉન્ડની ઊપજ ૪.૪ ટકાની ઊંચી સપાટીએ પહોંચતા વધેલો મૂડીગત્ બાહ્ય પ્રવાહ રૂપિયાને દબાણ હેઠળ લાવનારાં મુખ્ય ત્રણ કારણો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું. હાલના પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અને ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહ્યા હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૪.૮૦થી ૯૫.૬૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે રિઝર્વ બૅન્કનો હાજર બજારમાં હસ્તક્ષેપ અમુક અંશે રૂપિયાને ટેકો આપી શકે છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૩૬ ટકા ઘટીને ૯૮.૪૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬૫ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૧૧૬.૦૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

### ડૉલરની પીછેહઠ સાથે વૈશ્વિક સોનું એક મહિનાના તળિયેથી પાછું ફર્યું

# સ્થાનિક સોનામાં ₹ ૨૨૯૦નો અને ચાંદીમાં ₹ ૪૦૩૧નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ક્રૂડતેલના ભાવમાં તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળવાની સાથે સાથે અમેરિકા-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવમાં વધારો થવાની ભીતિને ધ્યાનમાં લેતા સોના અને ચાંદીમાં સલામતી માટેની માગનો ટેકો મળ્યો હતો, જેમાં સોનાના ભાવ એક મહિનાના તળિયેથી પાછાં ફર્યા હતા અને ચાંદીના ભાવમાં પણ ત્રણ ટકા આસપાસનો ઉછાળો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૮૧થી ૨૨૯૦નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૦૩૧નો ચમકારો આવ્યો હતો.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૦૩૧ના ઉછાળા સાથે રૂ. ૨,૪૦,૩૩૧ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૨૮૧ વધીને રૂ. ૧,૪૯,૬૬૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૨૯૦ વધીને રૂ. ૧,૫૦,૨૬૩ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી, પરંતુ રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગનો ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે સોનાના ભાવ ગત ૩૧મી માર્ચ પછીની નીચી સપાટી સુધી ગબડી ગયા બાદ આજે ક્રૂડતેલ અને ડૉલરમાં વધ્યા મથાળેથી નરમાઈનું વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ૧.૯ ટકા વધીને ઔંસદીઠ ૪૬૨૯.૮૩ ડૉલર અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૧.૮ ટકા વધીને ૪૬૪૨.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૯ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૭૩.૫૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જાપાનીઝ યેનને ડૉલર સામે તૂટતો અટકાવવા માટે બજારમાં હસ્તક્ષેપ કરવામાં આવશે, એવાં બૅન્ક ઑફ જાપાનના અધિકારીએ સ્પષ્ટ સંકેતો આપ્યા હોવાથી આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું તેમ જ ક્રૂડતેલના ભાવમાં પણ વધ્યા મથાળેથી ઘટાડો જોવા મળ્યો હતો. વધુમાં મધ્ય પૂર્વમાં ભૂરાજકીય તણાવની સ્થિતિ જળવાઈ રહી હોવાથી સોના અને ચાંદીમાં સલામતી માટેની માગનો પણ ટેકો મળ્યો હોવાથી આજે ભાવમાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવાનું વિશ્લેષક રોસ નોર્મને જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ૨૮મી ફેબ્રુઆરીથી અથવા તો અમેરિકા-ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર હુમલા કર્યા ત્યારથી અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૨ ટકા જેટલો ઘટાડો નોંધાઈ ગયો છે. વધુમાં ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા. જોકે, હવે બજાર વર્તુળોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા ગત માર્ચ મહિનાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટા પર સ્થિર થઈ છે.

# વપરાશકારોની માગ અનુસાર ધાતુમાં મિશ્ર વલણ



મુંબઈઃ ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે ઔદ્યોગિક ઉત્પાદનમાં વૃદ્ધિ થયાના નિર્દેશો સાથે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપરના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જ્યારે અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકંદરે પાંખાં કામકાજો વચ્ચે સ્ટોકિસ્ટો, ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં ખાસ કરીને ટીન, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯, રૂ. ૧૭ અને રૂ. સાત વધી આવ્યા હતા. આ સિવાય એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. બે વધી આવ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગ રહેતાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, કોપર સ્ક્રેપ હેવી, કોપર કેબલ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯ વધીને રૂ. ૧૮૪૭, રૂ. ૧૭ વધીને રૂ. ૭૮૦ અને રૂ. સાત વધીને રૂ. ૪૮૬૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૩૦૮ અને રૂ. બે વધીને રૂ. ૧૩૨૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૪૨ અને રૂ. ૩૭૧, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૨૦૯ અને કોપર કેબલ ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૧૨૨૨ અને રૂ. ૩૪૪ના મથાળે રહ્યા હતા.

આ સિવાય આજે કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૧૮૯, રૂ. ૧૧૧૫ અને રૂ. ૨૦૩ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં સાધારણ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૩૦થી ૩૭૬૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી અને રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૨થી ૩૯૪૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ગુણવત્તાલક્ષી સુધારા સાથે રૂ. ૩૯૮૨થી ૪૦૬૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૫થી ૩૮૫૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૫થી ૩૯૬૫માં ટકેલા ધોરણે થયા હતા.



### આયાતી તેલમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક

# એપ્રિલમાં મલયેશિયાની પામતેલની નિકાસમાં ૧૪.૩૧ ટકાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ પાંચ રિંગિટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૯૩ સેન્ટનો ઉછાળો આવ્યો હતો. આમ આજે વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયાં કામકાજ રહેતાં આયાતી તેલના ભાવમાં બાઉન્સબૅન્ક જોવ મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૦ અને આરબીડી પામોલિન તથા સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. આ સિવાય મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલે દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડ અને સરસવના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત એપ્રિલ મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા માર્ચ મહિનાના ૧૬,૫૮,૦૨૧ ટન સામે ૧૪.૩૧ ટકા ઘટીને ૧૪,૨૦,૮૧૮ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

વધુમાં આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ બુંગેના આરબીડી પામોલિનના રૂ. ૧૪૩૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, એડબ્લ્યુએલનાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦, ગોકુલ એગ્રોના સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦ અને એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૭ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા. આ સિવાય આજે ગોકુલ એગ્રોની એપ્રિલ કોન્ટ્રાક્ટમાં આરબીડી પામોલિનમાં રૂ. ૧૪૧૫ના ભાવે બાયબેકમાં લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૪૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૪૮૦માં અને રાજકોટ મથકે ૨૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૪૭૫માં થયા હતા. તેમ જ આજે ગોંડલ મથકે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૭૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૨૫થી ૧૪૩૦માં અને કૉટન રિફાઈન્ડના વેપાર રૂ. ૧૪૭૫થી ૧૪૮૦માં થયા હતા. આ સિવાય આજે રાજકોટ મથકે સ્થાનિક તેમ જ દેશાવરોની માગની માગ અનુસાર મિશ્ર વલણ રહેતાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૨૫૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ના સુધારા સાથે ૧૫૭૫માં થયા હતા. તેમ જ આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ૫૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૯૫૦થી ૬૧૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૧૫૦થી ૬૨૭૫માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં પાંખાં કામકાજો વચ્ચે દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, સિંગતેલના રૂ. ૧૬૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સરસવના રૂ. ૧૪૭૫ના મથાળે રહ્યા હતા.

# મેટિની

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**

# સંજય દત્તઃ સિક્વલનો સળવળાટ



**પહેલી ફિલ્મ 'રોકી'ને ૪૫ વર્ષ પૂરા થઈ રહ્યા છે ત્યારે સંજુ બાબા સુભાષ ઘઈ, મહેશ માંજરેકર અને રાજકુમાર હિરાણીની ફિલ્મોની આગલી કડીમાં કામ કરવા થનગની રહ્યો છે.**

**'ભાઈ, તુમ સાઈન કરોગે કે નહીં'**

એ 'દીવાર' ફિલ્મમાં અમિતાભ બચ્ચનને ઉદ્દેશીને કહેવાયેલો શશી કપૂરનો અજરામર ડાયલોગની ખ્યાતિ ધરાવે છે એ સાચું, પણ 'ભાઈ, તુમ ફિર સે ભાઈગીરી કરોગે કે નહીં' એમ સંજય દત્તના કટ્ટર પ્રશંસકો કેટલાક સમયથી કોરસમાં બોલી રહ્યા હોય અને એ પ્રશ્નના એકસામટા ત્રણ જવાબ 'હા.. હા..,હા...!'માં સંજુ બાબાએ આપી દીધા છે !


૧૯૮૧માં 'રોકી' ફિલ્મથી રૂપેરી પડદા પર આગમન કરનારા સંજુબાબા સાડા ચાર દાયકાની સફર પછી લોકપ્રિયતા અપાવનારા 'ભાઈગીરી'ના રોલમાં દર્શકોને મોજ કરાવવા સજ્જ થઈ રહ્યો છે. તાજ્જા અહેવાલો અનુસાર બાબાએ સુભાષ ઘઈની સુપરહિટ 'ખલનાયક' (૧૯૯૩)ની સિક્વલ 'ખલનાયક ૨', મહેશ માંજરેકરની 'વાસ્તવઃ ધ રિયાલિટી' (૧૯૯૯)ની સિક્વલની તૈયારી શરૂ કરી દીધી છે અને રાજકુમાર હિરાણીને 'મુન્નાભાઈ ૩' માટે જાહેરમાં વિનવણી કરી છે. ટૂંકમાં સંજય દત્ત આ બધી સિક્વલમાં ચમકવા થનગની રહ્યો છે.

'કોવિડ ૧૯'ની મહામારી પછી સિને પ્રેમીઓને ફરી સિનેમાગૃહ સુધી દોડતા કરવા જે કીમિયાનો ઉપયોગ થયો એમાં સિક્વલના સુસવાટાએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. એકવીસમી સદીના ત્રીજા દાયકામાં હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં 'ભૂલભૂલૈયા', 'બાગી', 'દૃશ્યમ', 'લવ આજ કલ', 'બંટી ઔર બબલી', 'સ્ત્રી', 'સિંઘમ' સહિત અન્ય કેટલીક ફિલ્મોની પણ સિક્વલ બની. સિને પ્રેમીઓએ કેટલીક ફિલ્મોને ચાર હાથે આવકાર આપ્યો તો અમુક સામે પીઠ પણ ફેરવી દીધી.

સંજય દત્તની કારકિર્દીની વાત કરીએ તો ૨૦૧૨માં રિલીઝ થયેલી 'અગ્નિપથ' અને 'સન ઓફ સરદાર' પછી અગ્રણી કહી શકાય એવી 'પાનીપત', 'સડક ૨', 'ભુજઃ ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયા', 'સમ્રાટ પૃથ્વીરાજ', 'શમશેરા' જેવી ફિલ્મો આવી, પણ એમાંથી એક સુધ્ધાં બોક્સ ઓફિસ પર વિશેષ આવકાર ન મેળવી શકી. આ દરમિયાન સાઉથની ફિલ્મોનો સપાટો શરૂ થયો અને સંજય દત્તની સાઉથ સાથે સીધું કે આડકતરું કનેકશન ધરાવતી ફિલ્મો ગાજી. કન્નડ, તેલુગુ, તમિળ ચિત્રપટમાં સંજુ બાબા કામ કરવા લાગ્યા. આદિત્ય ધરની 'ધુરંધર' અને એની સિક્વલમાં એસપી ચૌધરી અસલમનો રોલ કર્યો. એટલીની 'જવાન'માં પણ સ્પેશ્યલ ટાસ્ક ઓફિસર તરીકે વટ પાડવાની કોશિશ કરી જોઈ, પણ... પણ એના ચાહકોને લાગતું હતું કે એમનો ઓરિજનલ સંજુબાબા ખોવાઈ ગયો છે. આ ખોવાઈ ગયેલા સંજય દત્તને શોધી કાઢવા સિક્વલનો સહારો લેવાયો હોવાનું લાગે છે.

સંજય દત્તની કારકિર્દી જોશો તો ખ્યાલ આવશે કે એની રોમેન્ટિક ફિલ્મોમાં પણ એક્શનને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. સુભાષ ઘઈની 'ખલનાયક'માં અભિનેતા ગ્રે શેડ (નાયકના અંશ ધરાવતો ખલનાયક)માં નજરે પડ્યો. સુભાષજી ફિલ્મની વાર્તા લખતા હતા ત્યારે એમને 'મિસગાઈડેડ યંગ મેન' (ખોટે રસ્તે કે ગુમરાહ થયેલો યુવાન)ને સાકાર કરી શકે એવા એક્ટરની તલાશ હતી અને એમાં સંજય દત્ત ફિટ બેસતો હતો. ફિલ્મ અને ટાઈટલ સોન્ગ 'નાયક નહીં ખલનાયક હૂં મૈં'થી સંજય દત્ત ટિપિકલ હીરોની ઈમેજમાંથી બહાર આવી ગયો. 'ગુમરાહ', 'આતિશ', 'કારતૂસ', 'વાસ્તવ' જેવી ફિલ્મોની સફળતાથી દલીલને સમર્થન મળ્યું. ૨૦૦૩માં રિલીઝ થયેલી 'મુન્નાભાઈ એમબીબીએસ'ને મળેલા આવકારથી સંજય હીરોનો રોલ કરતો હોવા છતાં હિન્દી ફિલ્મના હીરોની વ્યાખ્યામાંથી મુક્ત થઈ ગયો. વચ્ચે મજેદાર 'ખૂબસૂરત' ફિલ્મમાં હળવીફૂલ રોમેન્ટિક કોમેડીમાં તેણે અભિનય ક્ષમતાનો વધુ એક પરિચય આપ્યો.







૧૯૯૦ના દાયકામાં સંજય દત્ત અને અજય દેવગન એક્શન ફિલ્મોના સ્ટાર હતા. આજની તારીખમાં અજય 'ફ્રેન્ચાઈઝી કિંગ' તરીકે સ્થાપિત છે. ડઝનેક સિક્વલ - ફ્રેન્ચાઈઝી ફિલ્મો એના નામ સામે બોલે છે. સંજય પણ એ રસ્તે આગળ વધશે એવા અણસાર મળ્યા છે. સુભાષ ઘઈની 'ખલનાયક'ની સિક્વલ 'ખલનાયક રિટર્ન્સ'ની સત્તાવાર ઘોષણા થઈ ગઈ છે. મિસ્ટર ઘઈના કહેવા અનુસાર સંજુ વર્ષોથી સિક્વલ બનાવવાનું સપનું સેવી રહ્યો હતો. ફિલ્મનો સ્ટોરી આઈડિયા ખુદ ઘઈ સાહેબે સૂચવ્યો હતો અને ત્રણ દાયકા પછી એ સપનું સંજયની ફિલ્મ નિર્માણ કંપનીના નેજા હેઠળ સાકાર થઈ રહ્યું છે. સુભાષજી ફિલ્મ ડિરેક્ટ નહીં કરે, પણ ક્રિયેટિવ પ્રોડ્યુસર તરીકે મદદ કરશે. એવા પણ રિપોર્ટ છે કે કારાવાસ દરમિયાન સંજયને આ ફિલ્મનો વિચાર આવ્યો હતો અને જેલના કેદીઓએ સ્ટોરી લખવાની પ્રેરણા આપી હતી.

બીજી સિક્વલ છે મહેશ માંજરેકર દિગ્દર્શિત 'વાસ્તવઃ ધ રિયાલિટી'ની. 'ખલનાયક રિટર્ન્સ'ની સત્તાવાર ઘોષણાના સમયે સંજુ બાબાએ રઘુ - રઘુનાથ નામદેવ શિવલકરના દમદાર પાત્રવાળી ૧૯૯૯ની ફિલ્મની સિક્વલ બનશે એવા સંકેત આપ્યા હતા. જોકે, ૨૦૦૨માં આવેલી 'હથિયાર'ને 'વાસ્તવ'ની સિક્વલ તરીકે જ પેશ કરવામાં આવી હતી. સંજય દત્તના ડબલરોલવાળી આ ફિલ્મની કથા પહેલી ફિલ્મ પૂરી થઈ ત્યાંથી જ આગળ વધી હતી. ડિરેક્ટર પણ 'વાસ્તવ'વાળા મહેશ માંજરેકર જ હતા. ફિલ્મ ફ્લોપ નહોતી થઈ, પણ 'વાસ્તવ'ની સરખામણીએ એને મોળો આવકાર મળ્યો હતો. સંજયની અપેક્ષા મુજબ ફિલ્મ નહીં બની હોય એટલે હવે 'વાસ્તવ'ની સિક્વલ બનાવવાની પહેલ કરી છે. સત્તાવાર ઘોષણા નથી થઈ, પણ મહેશ માંજરેકરે જ સ્ટોરી તૈયાર કરી છે અને એ જ દિગ્દર્શન કરશે એવી જાણકારી છે.

મુન્નાભાઈ સિરીઝની ત્રીજી ફિલ્મ (મુન્નાભાઈ એમબીબીએસ અને લગે રહો મુન્નાભાઈ) માટે સંજય દત્તની ઉત્સુકતા - તાલાવેલી જગજાહેર છે. સંજયએ તો હિરાણીને જાહેરમાં રીતસરની વિનવણી કરી છે કે 'રાજુ, પ્લીઝ મુન્નાભાઈની ફિલ્મ બનાવો.' તાજેતરમાં 'ખલનાયક રિટર્ન્સ'ની ઘોષણા વખતે મુન્નાભાઈની સિક્વલનો સવાલ ફરી એકવાર પૂછવામાં આવતા સંજુએ રાજકુમાર હિરાણીને જઈને પૂછો એમ કહી દીધું હતું. મિસ્ટર હિરાણી હાલ 'થ્રી ઈડિયટ્સ' તેમજ 'મુન્નાભાઈ' એમ બંનેની સિક્વલ પર કામ કરી રહ્યા છે. કથા - પટકથા પાકે પાયે તૈયાર થયા પછી જ ઘોષણા કરવી એવું હિરાણી માનતા હોવાથી કયો પ્રોજેક્ટ પહેલા શરૂ થશે એનો જવાબ તો સમય જ આપશે.

એકંદરે બલ્લુ (ખલનાયક), રઘુ (વાસ્તવ) અને મુરલીપ્રસાદ શર્મા (મુન્નાભાઈ) નવા અવતારમાં આવવા થનગની રહ્યા છે. ■

---

**સ્ટાર-ચાર-કલાકાર**
**સંજય છેલ**

## ફિલ્મ્સ - સિરિયલ્સ - નાટકોઃ
# ટાઈટલના ટંટા ને નામનાં નખરાં...

હમણાં પહેલગામ આતંકી એટેકને વરસ થયું ને 'ઓપરેશન સિંદૂર' ટાઇટલ પર ફિલ્મ બનાવવા માટે હોડ મચી છે. જેને જુઓ એ 'ઓપરેશન સિંદૂર' શીર્ષકવાળી ફિલ્મને નામે રોકડી કરાવા નીકળ્યા છે. જોકે હજી કોઇને ટાઇટલ્સ મળ્યું નથી કે નથી સરકારી પરમિશન મળી. જો ગાડરિયા પ્રવાહની ઓલિમ્પિક સ્પર્ધા હોય તો ભારતીયો અને ભારતીય ફિલ્મમેકરોનો પહેલો નંબર આવે.

એક 'રામલખન' ચાલી તો 'વિષ્ણુદેવા', 'કૃષ્ણાઅર્જુન', 'કરણઅર્જુન', 'કિશનકનૈયા'.. વગેરે ફિલ્મોની વણઝાર ચાલેલી. જો કોઇ લાંબા ટાઇટલવાળી ફિલ્મો ચાલે તો બધા ફિલ્મોના ગીતો પરથી 'જબ પ્યાર કિસી સે હોતા હૈ', 'હમારા દિલ આપ કે પાસ હૈ', 'હમ કો તુમ સે પ્યાર હૈ', 'કહીં પ્યાર ના હો જાયે' વગેરે વગેરે રેલગાડી જેવા લાંબા ટાઇટલોની રેલયાત્રા નીકળેલી.

સંગીતકાર બેલડી કલ્યાણજી-આણંદજી પાસે એક નિર્માતા આવ્યા અને કહ્યું, 'આપણી નવી ફિલ્મ માટે કોઈ સારું ટાઈટલ આપો ને. કશું સૂઝતું નથી!'

તો કલ્યાણજીભાઈએ તરત જ પૂછ્યું, 'તુમ્હારી ફિલ્મ મેં ઢોલ હૈ?'

'નહીં!' નિર્માતા બોલ્યા.

'નગાડા હૈ?'

'નહીં તો!' નિર્માતા અકળાયા.

'બસ તો ટાઈટલ મિલ ગયા : 'ના ઢોલ, ના નગાડા'

કલ્યાણજીભાઈએ તો મજાકમાં પેલાનો પ્રોબ્લેમ સોલ્વ કરી નાખ્યો, પણ શીર્ષક કે ટાઈટલ શોધવાનું કામ એટલું સહેલું નથી. નોર્મલ માણસને ત્યાં બાળક જન્મે ત્યારે એક સાદું નામ શોધવા આખું ઘર, આખો પરિવાર, આખો મહોલ્લો ભેગા થઈને વિચારવામાં બિઝી થઈ જાય છે તો નાટક, સિનેમા અને સિરિયલોવાળા રોજેરોજ સારાં શીર્ષક ક્યાંથી કાઢે? પાછું એક સારું શીર્ષક બિકીની જેવું હોવું જોઈએ : 'જે છુપાવે ઓછું અને દેખાડે ઘણું બધું' અથવા તો ઊલટું!


શું છે કે સારા ક્લિયર ટાઈટલવાળા બંગલાના પ્લોટ્સ કે ફ્લેટની જેમ સારાં ટાઈટલો પણ માર્કેટમાં ઝટ મળતાં નથી! ફિલ્મોમાં ટાઈટલો હંમેશાં વિવાદ, વિષાદ અને વ્યાપારનો વિષય રહ્યા છે... 'Y-વાય' અક્ષર પરથી શરૂ થતાં નામવાળી ફિલ્મો નથી ચાલતી એવું મનાય છે. શાહરૂખ ખાન જૂહી ચાવલાવાળી 'યેસ બોસ' ફિલ્મનું ટાઈટલ અમે આપેલું જેને આખી ટીમ પાસે પાસ કરાવતાં કરાવતાં અમારે સંતોષી માતાના વ્રત કરવા પડે એવી હાલત થયેલી. આ તો સારૂ છે કે ફિલ્મ ચાલી ગઇ એટલે નાક રહી ગયું. હિંદી ફિલ્મોમાં અંગ્રેજી ટાઈટલો નથી ચાલતાં એવી ચિંતા ડિસ્ટ્રિબ્યુટરોને અગાઉ સતાવતી. પણ 'જ્વેલથીફ', 'ગાઈડ' ચાલેલી ને સાવ ગ્રામીણ ફિલ્મ 'મધર ઇંડિયા'નું નામ અંગ્રેજીમાં હતું અને એ ધૂમ ચાલેલી પણ!


ટાઇટલ વિશે એક માન્યતા છે કે જે ફિલ્મમાં નાગ-નાગીનની વાત હોય કે ટાઈટલમાં 'નાગ' હોય એ ચાલે જ ચાલે. 'નગીના', 'નાગીન', 'નાગ પંચમી', 'નાગ દેવતા' કે 'શેષનાગ' ઘણી ખરી હિટ રહી છે. ટી.વી. સિરિયલોમાં પણ નાગીન, નાગીન બહુ, નાગીન સાંસ, પાતાલ લોક વગેરે હિટ છે.


ઇવન, ગુજરાતી- હિંદી નાટકોમાં પણ નાગ કે સાપ પરના ટાઇટલ્સવાળાં નાટકો હંમેશાં સફળ થાય છે. જેમ કે કોઇની આંખમાં સાપ રમે, હિમડંખ, હિમ અંગારા, સાપ સૂતો છે સોડમાં, ફણીધર, સર્પ-નાદ, નાગમંડલ વગેરે હંમેશાં હિટ!

એકવાર રિશી કપૂર-રણધીર કપૂર, રાજીવ(ચિંપુ) કપૂર એમ ત્રણેય કપૂર બંધુઓ પાર્ટીમાં બાઝી પડ્યા. ત્યારે રિશી કપૂરે, નાના ભાઈ ચિમ્પુને કહ્યું, 'સાલે, તેરી કોઈ ફિલ્મ નહીં ચલતી. નોર્મલી, ટાઈટલ મેં 'નાગ' હો તો બૂરી સે બૂરી ફિલ્મ ભી હિટ જાતી હૈ, પર ચિંપુ (રાજીવ) તેરી તો 'નાગ-નાગીન' ભી ફ્લોપ હુઈ. તેરી તો કેરિઅર ફ્લોપ હૈ પર તુને તો 'નાગ' કા ભી રેકોર્ડ બિગાડ દિયા...! બેચારે નાગ કો ભી ફ્લોપ કર દિયા. અબ 'નાગ' તુઝે છોડેગા નહીં, બદલા લેગા!'

આજકાલ મલ્ટિપ્લેક્સના શહેરી યંગ ઓડિયંસને આકર્ષવા ટાઇટલમાં અંગ્રેજી કમ્પલ્સરી છે. અમે એક ટાઈટલ આપેલું 'કિસ્મત કનેક્શન'. હવે 'કિસ્મત કનેક્શન' બોલચાલનો શબ્દ બની ગયો છે અને એ નામ આજે સેંકડો મેરેજ-બ્યુરો, જ્યોતિષ-સલાહ કેંદ્રો ખૂલ્યાં છે! આ ટાઈટલને જો 'પેટંટ' કે 'ટ્રેડમાર્ક' કરાવ્યું હોત તો અમે ખૂબ કમાત ને કોલમ ના લખવી પડત! નિર્દેશક મહેશ ભટ્ટે, બે ભાઈ વિશેની ફિલ્મનું 'નામ' રાખેલું. ત્યારે ડિસ્ટ્રીબ્યુટરોએ કહ્યું:'નામ? નામમાં કોઇ અપીલ જ નથી.' ત્યારે મહેશ ભટ્ટે કહેલું: 'હર આદમી અપને નામ સે, અપની પહેચાન સે પ્યાર કરતા હૈ, ઈસ સે અચ્છા ટાઈટલ હો હી નહીં સકતા.'...અને એ ફિલ્મ હિટ થયેલી.




એક જમાનાનાં સુપર હિટ નિર્દેશક મોહન કુમાર, હંમેશાં 'અ' પરથી ટાઇટલ્સ રાખતા જેમ કે અનપઢ, આઇ મિલન કી બેલા, અમીર ગરીબ કે સુપરહિટ અવતાર વગેરે.. મોહનકુમારના આસિટંટ અને સાઢૂભાઇ નિર્માતા-નિર્દેશક જે. ઓમપ્રકાશ પણ અ પરથી આશા, આપ કી કસમ કે અર્પણ જેવા ટાઇટલ્સ જ રાખતાં. વળી આ જે. ઓમપ્રકાશનના જમાઇ અને ખૂન ભરી માંગ, કોઇ મિલ ગયા, ક્રિશ, અભિનેતા-નિર્દેશક રાકેશ રોશન 'કે' પરથી જ એમની ફિલ્મના નામ રાખે છે. જેમ કે- 'કામચોર'થી લઇને 'કહો ના પ્યાર હૈ' સુધી એમની બધી ફિલ્મો હિટ ગયેલી પણ જો કે સુપરસ્ટાર શાહરૂખ સાથેની 'કોયલા' મહાફ્લોપ હતી! એકતા કપૂર પણ બધી સિરિયલ નામ 'કે' પરથી જ રાખે છે. 'ક્યુંકિ સાંસ ભી કભી બહુ થી' કે 'કુસુમ' જેવી સિરિયલમાં એણે ન્યુમરોલોજી પ્રમાણે ૨-૨ વખત 'કે' અક્ષર રાખ્યો હતો, છતાં એકતાની 'કે' પરથી ઘણી સિરિયલો ફ્લોપ પણ થઈ છે.

ગંભીર કે આર્ટ સિનેમામાં પણ 'આલ્બર્ટ પિંટો કો ગુસ્સા ક્યું આતા હૈ?', 'અરવિંદ દેસાઇ કી અજીબ દાસ્તાં' જેવા શીર્ષકો હોય તો દાઢીધારી સીરિયસ પ્રેક્ષકો બહુ ઈમ્પ્રેસ થતા, જેમ કે- 'ઇસ રાત કી સુબહ નહીં', 'હઝારોં ખ્વાબ હૈં ઐસે', 'સતહ સે ઉઠા હુઆ આદમી' કે 'યહાં સે શહર કો દેખો'... નાટકોમાં કાન્તિ મડિયા 'મૃગજળ સીંચીને ઉછેરી વેલ', 'આતમને ઓઝલમાં રાખ મા' જેવા લાંબા ટાઇટલો રાખતાં.

મારો એક ફિલ્મી લેખક મિત્ર, ખિસ્સામાં ડાયરી રાખે. જ્યાં ને જ્યારે સૂઝે એ ટાઈટલ ટપકાવી દે!! એવાં અટપટાં શીર્ષકો શોધે કે વાંચવાવાળો ચકરાઈ જાય. અટપટા લાંબા શીર્ષકો સામે ફિલ્મની મૂળ વાર્તા ટૂંકી લાગે!

..તો સારાં ટાઈટલની રેસિપી શું? મસ્તીખોર પણ સંસ્કારી, લાંબું પણ આકર્ષક, ટિપિકલ પણ સારગર્ભિત, નાનકડું પણ વેધક, ઊંચું પણ ચાલુ... આવા કોમ્બિનેશનવાળા ટાઈટલની બધા ક્રિએટિવ લોકોને શોધ હોય છે, જેથી વાચક કે ગ્રાહક કે પ્રેક્ષક શબ્દજાળમાં ફસાય. પોતાનો માલ વેચવા માણસ લાખ તાતાથૈયા કરે એમાં કશું ખોટું નથી. જોજો હંમેશાં ચોરી કરવા માટે બદનામ બોલિવૂડવાળા થોડાં જ સમયમાં 'આત્મનિર્ભર' ટાઇટલવાળી ફિલ્મ ના બનાવે તો જ નવાઇ! ■

મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# જાસ્મીન સેન્ડલસ

## આ ગાયિકાને ‘ધુરંધર’ અને ‘ધુરંધર-ટુ’ની સફળતા જબરજસ્ત ફળી છે

રણવીર સિંહની ‘ધુરંધર’ અને ‘ધુરંધર-ટુ’ ફિલ્મે બોક્સ ઓફિસને હલાવી... ના, ધ્રુજાવી નાખી છે અને એ સાથે એના કેટલાક કલાકારો-કસબીઓને પણ ગાજતા કરી મૂકયા છે. તેમાં આ ફિલ્મની ગાયિકા જાસ્મીન સેન્ડલસ અલગ તરી આવે છે. એણે ગાયેલું મસ્તીભર્યું ‘શરારત’ ગીત આજે ‘યુટ્યૂબ’ પર વિક્રમસર્જક ૫૦૦ મિલિયન (૫૦ કરોડ) વ્યૂઝના આંક પર પહોંચી ગયું છે...!

જાસ્મીન સેન્ડલસ એ મૂળ તો પંજાબી છે અને તે ભારતીય - અમેરિકન ગાયિકા તરીકે લોકપ્રિય છે. ૨૦૧૪માં સલમાન ખાન અભિનીત ફિલ્મ ‘કીક’માં તેણે યો-યો હની સિંહ ‘યાર ના મિલે’ ગીત જે રીતે રજૂ કર્યું ત્યારથી જ તે જાણીતી થઈ ગઈ હતી , પણ હાલમાં ‘ધુરંધર’ના ‘શરારત’ ગીતમાં તે દેખાઈ પણ હતી અને ‘ધુરંધર-ટુ’માં તેણે ચારેક ગીતોમાં પોતાનો અવાજ આપ્યો છે તેમાં વિવાદાસ્પદ ગીત ‘ઓયે-ઓયે’નો પણ સમાવેશ થાય છે.

‘ધૂરંધર’ શ્રેણીના પગલે ‘લાઈમ લાઈટ’માં આવેલી જાસ્મીન એક પંજાબી ગાયિકા છે. તેનાં ૨૦૧૦થી અનેક ‘સિંગલ્સ’, આલ્બમ અને બીજાં કલાકારો સાથે આલ્બમ બહાર પડ્યા છે. સાથોસાથ જ પંજાબી ફિલ્મો અને બોલિવૂડની હિન્દી ફિલ્મોમાં પણ તેણે ગીતો ગાયા છે.

જાસ્મીન સેન્ડલસની ઓળખ માત્ર ગાયિકા તરીકે નથી. તે ટેલિવિઝનની જાણીતી કલાકાર છે અને ગીતકાર પણ છે. પંજાબી શીખ કુટુંબમાં પંજાબના જલંધરમાં તેનો જન્મ થયો છે. તે ખૂબ નાની હતી ત્યારથી જ તેની માતાએ તેને સ્ટેજ પરના કાર્યક્રમોમાં ભાગ લેતી કરી દીધી હતી. શાળામાં તેણે ગાયનની અનેક સ્પર્ધામાં ભાગ લીધો અને નાનપણથી જ તે પંજાબના લોકગાયકોને પસંદ કરવા લાગી હતી.

તેની ઉંમર ૧૨ - ૧૩ વર્ષની હતી ત્યારે જ તેનું કુટુંબ કેલિફોર્નિયા ચાલ્યું ગયું હતું. માત્ર ૧૬ વર્ષની ઉંમરે તેણે ગીતો લખવાનું શરૂ કર્યું છે.

ચોથી સપ્ટેમ્બર ૧૯૮૫નાં જન્મેલી જાસ્મીનને સફળતાનો સ્વાદ તે માત્ર બાવીસ વર્ષની હતી ત્યારે જ ચાખવા મળ્યો હતો. ૨૦૦૭માં તેનું પહેલું આલ્બમ ‘ધ ડાયમન્ડ’ બહાર પાડ્યું હતું અને તેમાંનું એક ગીત ‘મુસ્કાન’ ખૂબ જ લોકપ્રિય થયું હતું. લાલી ગીલ લિખિત આ ગીતે વિશ્વભરમાં ધૂમ મચાવી હતી. આ ગીતને પગલે જ તેને પંજાબી સંગીત ઉદ્યોગમાં ‘એન્ટ્રી’ મળી ગઈ હતી.



૨૦૧૨માં તેણે સોની મ્યુઝિક કંપની સાથે ‘ગુલાબી’ નામનું આલ્બમ કર્યું હતું. આ આલ્બમ તેણે રેપર બોહેમિયા સાથે કર્યું હતું. ત્યાર બાદ તેને સતત કામ-નામ અને દામ મળતા રહ્યા હતા. ૨૦૧૪માં સલમાન ખાન અભિનીત ફિલ્મ ‘કીક’માં તેણે યો-યો હની સિંહ સાથે ‘યાર ના મિલે’ ગાયું જે ખૂબ જ લોકપ્રિય નીવડ્યું હતું. ત્યાર બાદ તેને પંજાબી ફિલ્મોમાં પણ ગીતો ગાવાની તક મળી અને તે સફળતાની એક પછી એક સીડી ચઢવા લાગી હતી.

આ દરમિયાન તેને એક ટીવી શ્રેણીમાં પણ અભિનય કરવાની તક મળી. એ શ્રેણી વિમેન એનપાવરમેન્ટ પર હતી અને એ સિરીઝનું નામ ‘એન્જલ્સ ઓફ રોક’ હતું. એ સમય ગાળામાં તેને મુંબઈથી પંજાબની અટારી બોર્ડર સુધી પ્રવાસ કરવાની તક મળી હતી. આ સિરીઝમાં તેનું કામ વખણાયું હતું.

બોલિવૂડમાં ‘કીક’ પછી અબ્બાસ મસ્તાનની ‘મશીન’માં, ત્યાર બાદ ‘નામ શબાના’, ૨૦૨૦માં ‘સ્ટ્રીટ ડાન્સર-થ્રી ડી’, ૨૦૨૪માં સુપરડુપર હીટ ફિલ્મ ‘મુંજયા’માં, રેડ-ટુ, શાહરૂખના દીકરા આર્યન ખાન દિગ્દર્શિત સીરિઝ ‘ધ બેડ્સ ઓફ બોલીવૂડ’માં, ૨૦૨૫માં ‘થમ્મા’માં અને ‘ધુરંધર’ તેમજ ‘ધુરંધર-ટુ’માં ગીત ગાઈને તેને અદ્ભુત સફળતા મળી છે.

તેણે હિન્દી ઉપરાંત પંજાબી અને તેલુગુ ફિલ્મોમાં પણ ગીતો ગાયા છે. આ ઉપરાંત તેને એક ગીતકાર તરીકે પણ ખૂબ જ સફળતા મળી છે. ફિલ્મ, ટીવી સિરીઝની ગાયકી વચ્ચે વચ્ચે તેનાં આલ્બમ અને સિંગલ્સ પણ ૨૦૧૦થી સતત બહાર પડી રહ્યા છે. આમ, માત્ર ફિલ્મોની પાર્શ્વગાયિકા નહીં, પણ અનેક સિંગલ્સ દ્વારા પણ તેણે સફળતા મેળવી છે. એટલું જરૂર છે કે તેના સિંગલ્સમાં પંજાબી ગીતોનો વધુ ફાળો છે.

જાસ્મીન પંજાબી ગાયક ગેરી સંધુના પ્રેમમાં હતી. પણ એ પ્રેમસંબંધ લાંબો સમય ટકયો નહોતો અને અત્યારે ૪૦-૪૧ વર્ષની થયેલી જાસ્મીન ‘સિંગલ’ જ છે. જાસ્મીન ૨૧ વર્ષની હતી ત્યારે તે અમેરિકામાં હતી અને તેના પિતા દારૂ પીતા હતા, તે જોઈને તેને પણ દારૂની લત લાગી હતી. એ પોતે જ સ્વીકારે છે કે તેણે ધૂમ પીવાનું શરૂ કર્યું હતું, પણ અમેરિકાથી પાછા ફર્યા બાદ અને અહીં ભારતમાં એક ગાયિકા અને ગીતકાર તરીકે સફળતા મળ્યા પછી ધીમે-ધીમે તેણે દારૂ પીવા પર અંકુશ મેળવી લીધો અને તેની લતમાંથી તે બહાર આવી ગઈ.

જાસ્મીનને સફળતા મળી એનું બીજું એક મોટું કારણ એ પણ છે કે નાનપણથી જ તે પંજાબી લોકગાયકોના પ્રભાવ હેઠળ છે. ‘ધુરંધર-ટુ’માં તેનાં ફાળે ચાર ગીત આવ્યા છે અને આ ચારેય ગીતમાં પંજાબની છાંટ દેખાય છે, કારણ કે ‘ધુરંધર-ટુ’ની વાર્તા પાકિસ્તાનની ધરતી પર આકાર લે છે અને ત્યાંની સંસ્કૃતિમાં પંજાબની છાંટ દેખાય છે.

જાસ્મીન માટે એમ કહી શકાય કે સંપૂર્ણપણે સંગીતને વરેલી આ ગાયિકાએ જેટલી સફળતા મેળવી છે, એનાં કરતાંય વધુ સફળતા તેને આગામી દિવસોમાં મળવાની શકયતા છે. એક તો એ હવે વાસ્તવિકતા સાથે વધુ જોડાયેલી છે, બીજું, નાની ઉંમરે સફળતા મળી હોવા છતાં તે એ સફળતા પચાવી શકી છે. ■

ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (૧૬૯)

આ ફિલ્મના એક ગીતની પંક્તિમાં એક વસ્તુની બ્રાન્ડનું નામ આવે છે એ જણાવો.

૧) કિસ્મત લવ પૈસા દિલ્લી

૨) દબંગ


૩) બરફી

૪) દબંગ ૨

૫) રંગીલા

૬) લુક્કા છુપ્પી

૭) ભાવેશ જોશી સુપર હીરો




## ક્વિઝ (૧૭૦)

આ ગીતો કઈ ફિલ્મના છે અને પરદા પર કોણ ગાય છે?

૧) દુનિયા વાલો સે દૂર જલને વાલો સે દૂર આજા આજા ચલે કહી દૂર

૨) દુનિયા કી સૈર કર લો એરાઉન્ડ ધ વર્લ્ડ ઈન અઈટ ડૉલર્સ

૩) દુનિયા કરે સવાલ તો હમ ક્યા જવાબ દેં હમકો ના

હો ખ્યાલ તો હમ ક્યા

૪)દુનિયા બનાનેવાલે ક્યા તેરે મન મેં સમાયી કાહેકો દુનિયા બનાયી

૫) દુનિયા મેં રેહના હૈં તો કામ કરો પ્યારે હાથ જોડ સબ કો સલામ કરો

૬) દુનિયા મેં લોગો કો ધોકા કભી હો જાતા હૈ આંખો હી આંખો મેં

૭) દુનિયા હસીનો કા મેલા, મેલે મેં હર દિલ અકેલા

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

OTTનું હોટસ્પોટ

## બીજી મેથી આઠમી મે સુધી થશે ક્રાઈમ ડ્રામા - હોરર કોમેડીની ભરમાર

આપણું અઠવાડિયું બીજી મેથી શરૂ થશે, પણ એ પહેલાં પહેલી મેએ અનેક નવી ફિલ્મો અને સિરીઝ જોવા મળશે તેનાં પર એક નજર નાખીએ.

*** નેટફ્લિક્સઃ**

અહીં આજે (શુક્રવારે) પહેલી મેએ ‘ગ્લોરી’ નામની બોક્સિંગ ડ્રામા સિરીઝની શરૂઆત થઈ રહી છે, જેમાં મુખ્ય ભૂમિકા પુલકીત સમ્રાટ, સુવિન્દર વીકી, જન્નત ઝુબૈર, આશુતોષ રાણા, સિકંદર ખેર અને સયાની ગુપ્તાની છે.

અહીં જ પહેલી મેના દક્ષિણની હોરર ફિલ્મ ‘રાકાસા’ જોવા મળશે, જેનાં મુખ્ય કલાકારો સંગીત શોભન, નયન સારિકા અને આશિષ વિદ્યાર્થી છે.

*** ઝી ફાઈવઃ**

અહીં આજે (શુક્રવાર) પહેલી મેએ અત્યારની સૌથી વિવાદાસ્પદ ફિલ્મ ‘ધ કેરાલા સ્ટોરી-ટુ - ગોઝ બિયોન્ડ’નું પ્રસારણ શરૂ થશે. અગાઉ, આ ફિલ્મ એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં રજૂ થવાની હતી, પણ તે પોસ્ટપોન્ડ કરવામાં આવી હતી. વિપુલ એ. શાહ નિર્મિત આ ફિલ્મમાં ઉલ્કા ગુપ્તા, ઐશ્વર્યા ઓઝા અને અદિતી ભાટિયાની મુખ્ય ભૂમિકા છે.

*** સોની લીવઃ**

અહીં અત્યારે આઈપીએલની મેચો ધૂમ મચાવી જ રહી છે. સાથે આજે પહેલી મેએ ‘અનદેખી’ની ચોથી સિઝનની શરૂઆત થઈ રહી છે. આ ક્રાઈમ ડ્રામામાં મુખ્ય ભૂમિકા હર્ષ છાયા અને સૂર્ય શર્માની છે.

*** એમેઝોન પ્રાઈમઃ**

આ ઓટીટી ચેનલ પ્રિયંકા ચોપરાની એકશન પેકડ સિરીઝ ‘સિટાડેલ’ની બીજી સીઝન છઠ્ઠી મેથી શરૂ થઈ રહી છે. જેમાં મુખ્ય ભૂમિકા પ્રિયંકા ચોપરા - જોનાસ અને રિચાર્ડ નેનની છે. અહીં આઠમી મેએ ‘લુખ્ખે’ નામની સિઝનનું પ્રસારણ શરૂ થશે. તેમાં મુખ્ય ભૂમિકા શશી ખન્ના, રેપર કિંગ, લક્ષવીર શરણ અને પલક તિવારીની છે. ■




અરવિંદ વેકરિયા

## કાટ લાગે તો મશીન અવાજ કરે, અક્કલને કાટ લાગે તો એની જીભ...!

હું શિકારની અસફળતામાંથી ધીમે ધીમે બહાર આવી, ફરી ‘બિઝી’ થવાની વિચારણા કરતો હતો. શિકાર માટે ‘વિકટિમ’ બુકની કેટલી માથાકૂટ કરી. દીનશુંનો ‘ટેમ્પરરી’ અહમ પણ જોઈ લીધો.

માણસે અહમ અને ઘમંડ વચ્ચેની પાતળી રેખાનું ધ્યાન રાખવું જોઈએ. ઘમંડ શરાબ જેવો હોય છે, પોતાના સિવાય બધાને ખબર હોય છે કે આને ચડી ગયો છે. નાટકનાં સમાધાન વખતે કાંતિ મડિયા અને પ્રવીણ સોલંકીને પણ દીનશું માટે ખબર પડી ગઈ હશે. ભલું થાજો મડિયાના ચુકાદાનું કે ઘીનાં ઠામમાં ઘી પડી રહ્યું અને પારસીબાવા પણ કેવા ખેલદિલ કે આખી વાત એમણે ‘અહમ’નો માવો બનાવી ચાવી કાઢ્યો. એ પછી તો અમારા સંબંધ વધ્યા અને વધતાં રહ્યાં જે છેક એમના નિધન સુધી...સાચો સંબંધ હોય છે પુસ્તક જેવો, પુસ્તક ગમે તેટલું જૂનું થઈ જાય પણ ક્યારેય પોતાનાં શબ્દો બદલે નહિ. શિકાર ન ચાલ્યું એ મને-કમને સ્વીકારવું રહ્યું. એટલું ખરાબ પણ નહોતું ચાલતું, બે-ચાર શોમાં બધા શોનું સરભર તો થઈ જતું હતું, પણ મૂળ નિર્માતાની હિન્દી ફિલ્મોની વ્યસ્તતા કારણભૂત બનતી જતી હતી, જે મારા કોઈ પણ વાંક વગર મને ચિંતા કરાવતી. મુળુભાએ પણ મહેન્દ્ર બોહરા સાથે બે-ત્રણ વાર વાત કરી જોઈ પણ કદાચ પિતા રામકુમાર બોહરાનાં દબાણે કે પછી કોને ખબર, સાંભળવા મળવા જોઈએ એવા જવાબ ત્યાંથી મળતાં નહોતાં. છેવટે મુળુભાએ પણ જાણે હથિયાર હેઠા નાખી મને કહી દીધું કે ‘મહેન્દ્રનો ઉત્સાહ ઓસરી ગયો લાગે છે. નાટક જો ટંકશાળ પાડતું હોત તો એનો નાટક પ્રત્યેનો અભિગમ જે પહેલા હતો એનાં કરતાં પણ વધુ સકારાત્મક હોત. હવે તો એનાં અવાજમાં પણ થોડી તુમાખી વર્તાય છે. મશીનને કાટ લાગે તો એ અવાજ કરે એમ અક્કલને કાટ લાગી જાય તો એની જીભ અવાજ કરે છે. મહેન્દ્રનું હવે એવું જ છે એટલે બધું સરભર થઈ જાય તો નાટક વધાવી લેવામાં જ શાણપણ છે...’

મુળરાજ રાજડા પોતે ગિલ્ટ અનુભવતા હતા. મેં કહ્યું કે ‘મુળુભા, તમે તો આંગળી ચીંધી અને ડિરેક્ટર તરીકે મારું નામ આપ્યું એ બદલ તમારો ઋણી છું. તમારી ‘આંગળી’ મજબૂત જ હતી, પણ સામે તકલાદી મનોબળ મળે એ તો તમને કેમ ખબર પડે?’

આ તરફ મહેન્દ્ર બોહરા પોતાની ફિલ્મી વ્યસ્તતાને આગળ કરી (સાચી કે ખોટી !) નાટકથી વિમુખ થતાં ગયાં. સુનીલ શાહ અને દીપક દવે તો બંને મિત્ર હતાં, જે પૂરા ખંત અને મહેનતથી નાટક સાથે સંકળાયેલા હતાં. મને દુઃખી જોઈ આશ્વાસન આપતાં રહેતાં. નાટક તો બંધ ‘રમત’ છે, પાના ખૂલે ત્યારે ખબર પડે કે પ્રેક્ષકો રસથી રમે છે કે પાના ફેંકી દઈ ઊભા થઈ જાય છે. પ્લમ્બર ગમે તેટલો હોશિયાર હોય એ આંખોથી ટપકતું પાણી બંધ નથી કરી શકતો એને માટે ‘દોસ્ત’ જોઈએ. દીપક-સુનીલ મારા ન દેખાતાં આંસુ પણ જોઈ જતા. નાટક ચાલે ન ચાલે એવું ઘણીવાર બનતું જ હોય છે પણ બે મહાનુભાવ વચ્ચે આખી અદાલત મંડાણી અને છતાં કેસ ફેલ થયો એનું વધુ દુઃખ હતું.

હવે શું? મુળુભા તરફથી નાટક વધાવી લેવાનો ક્લીયર સંદેશો મળી ગયો હતો અને મારી પોતાની પણ એક લિમિટ હતી. બે-ચાર શો નબળા ગયાં અને નાટક નામની કન્યાનો ભાર મારી કેડે આવી પડે તો મારાથી સહન થાય એવું નહોતું. ત્યાં એક રાતે જાણીતાં અને નિયમિત નાટકો રજૂ કરતાં એક નિર્માતાનો ફોન આવ્યો. એની સંસ્થાનું નામ એણે ત્યારે જાહેર કરવાનું ઉચિત નહોતું માન્યું. પણ જાહેર તો કરવું પડે એ હકીકત હતી જેની એને પણ જાણ હતી એટલે એણે મને નિર્માતા તરીકે પોતાને બદલે બે નામ આપ્યા. ઉપેન્દ્ર સોની અને રાજુ વાગડિયા (જે હાલ શિકાગોમાં વર્ષોથી સ્થિત છે.) ઉપેન્દ્ર સોની મૂળ જે.અબ્બાસનો જમણો હાથ. સૌ પ્રથમ ‘જહોની લીવર નાઈટ’ શરૂ કરનાર જે. અબ્બાસ, જેમનું દરેક કામ આ ઉપેન્દ્ર સોની કરતાં. બોલવામાં થોડો ખંચકાટ થતો જે કુદરતી હતું પણ કામ સડસડાટ પાર પાડતાં અને રાજુ વાગડિયા તો નાટક ઓલ ધી બેસ્ટ પછી શફી ઈનામદારનો રાઈટ હેન્ડ બની ગયેલો. મૂળમાં દીનશું સાથે તો સંબંધ સુધરી ગયા હતા એ સારું થયું હતું. મારું હીટ અને થોડું બોલ્ડ નાટક વાત મધરાત પછીની નાં ભવન્સ-ચોપાટીના બપોરના ‘હાઉસ ફૂલ’ શોમાં જોવા આવ્યા ત્યારે એમણે શરત મૂકી કે ‘હું આવું જ એક નાટક પ્રોડ્યુસ કરવા માગું છું. એમાં જો ડિરેક્શન તું કરે તો મુખ્ય ભૂમિકા હું ભજવું અને નહીં તો મુખ્ય ભૂમિકા તું અદા કરે તો એ પ્રોજેક્ટ હું ડિરેક્ટ કરું’. ત્યારે મને થતું કે ચિનગારી અને જીવન ચોપાટ જેવા સામાજિક નાટકો રજૂ કર્યા બાદ મને ડર હતો કે હું ‘ટાઈપ્ડ’ ડિરેક્ટર બનીને રહી જઈશ અને છેલ્લે એ જ બનીને રહ્યું. ઈમ્તિયાઝ પટેલ ત્યારે સ્ટ્રગલ પિરિયડમાં આશાસ્પદ લેખક હતો. એને નાટક કરવું હતું પણ નિર્માતા મળતો નહોતો. એણે મને કહ્યું. નવોદિતો માટે હું હંમેશાં તૈયાર રહેતો. ‘ધૂપછાંવ’ અને ‘કેવડાના ડંખ’ જેવી હરીન મહેતાની સિરિયલોનું નિર્માણ કરનાર ડોલર પટેલને મેં વાત કરી. ડોલર પટેલ અને સુભાષ ખન્નાએ સાથે મળી રસ બતાવ્યો અને ઈમ્તિયાઝનાં પહેલાં નાટક માણસ માત્ર લફરાંને પાત્ર નું સર્જન થયું. જ્યાં રજૂ થતું ત્યાં હાઉસ ફૂલનાં બોર્ડ ઝૂલાવતું. ન ચાલતા ઘણાં થિયેટરોમાં પણ ઓવેરપેક્ડ થતું. જેને માટે મનહર ગઢીયાની જા.ખ. કારણ હતી. જે હજી ચાલતું હતું. થતાં થઈ ગયું. એ પછી ઈમ્તિયાઝ પટેલનું એક ‘ચેલેન્જ’ નાટક પણ રજૂ કર્યું. ‘મંગળ સૂત્ર’. ઈમ્તિયાઝે મને કહ્યું, ‘દાદુ, આ નાટકમાં ડિરેક્ટર તરીકે તમારું નામ અરવિંદ વેકરીયાને બદલે આપણે વી. અરવિંદકુમાર રાખીએ જેથી જૂના અને ચાલતા નાટક ‘માણસ માત્ર..’ ની કોઈ આડઅસર ન રહે.’ મારે તો મિત્ર તરીકે માન્યા સિવાય છૂટકો નહોતો. નવા નિર્માતાને બોલ્ડ નાટક કરવું હતું અને પોતાનું નામ ખરડાય નહિ એટલે નિર્માતા તરીકે બે નામ આપ્યાં. મને કહે ‘માણસ માત્ર..’માં જેમ અંજલિને પ્રમોટ કરી એમ દિલ્હીથી આવેલી મોનિકા પટેલને આપણે પ્રમોટ કરીએ... ■


ડબ્બલ રિચાર્જ

*કેટલાક લોકો મંદિરની બહારથી રસ્તે જતાં વાહનમાંથી જ દર્શન કરી લે છે, તેને કહેવાય માર્ગદર્શન*

ટૂંકું ને ટચ

નિધિ ભટ્ટ

## ગ્લેમરસ રોલ છોડીને બની જાસૂસ



રીચા ચઢ્ઢા

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા અને માનીતા ડિરેક્ટર સંજય લીલા ભણસાલીની લોકપ્રિય વેબ સિરીઝ ‘હીરામંડી’માં લાજજોના પાત્રથી વાહવાહી મેળવ્યા બાદ બોલિવૂડ એક્ટ્રેસ રિચા ચઢ્ઢા હવે એક સાવ અલગ અવતારમાં પડદા પર પરત ફરી રહી છે. રિચાના અભિનયમાં જે ધાર જોવા મળે છે, તે હવે એક ક્રાઈમ થ્રિલર સિરીઝમાં જોવા મળશે, જેણે અત્યારથી જ ચાહકોમાં ઉત્તેજના વધારી દીધી છે. ચાલો જાણીએ શું છે રિચા ચઢ્ઢાનો આ નવો પ્રોજેક્ટ...

બોલિવૂડ એક્ટ્રેસ રિચા ચઢ્ઢાએ હાલમાં મધરહૂડને માણી રહી છે અને એમાં પણ ફેમસ વેબસિરીઝ ‘હીરામંડી’ની સફળતા બાદ રિચા ચઢ્ઢા કંઈક નવું અને પડકારજનક કરવા માગતી હતી, જે હવે આ જાસૂસી પાત્ર દ્વારા પૂર્ણ થવા જઈ રહ્યું છે.

બોલિવૂડ એક્ટ્રેસ રિચા ચઢ્ઢા હાલમાં એક મોટા અને જાણીતા ઓટીટી પ્લેટફોર્મની ક્રાઈમ થ્રિલર સીરિઝમાં જાસૂસ (ઉયયિંભશિંદય)ની ભૂમિકામાં જોવા મળશે. મળતી માહિતી અનુસાર આ રોલમાં રિચા એક શાંત, સમજદાર અને ગંભીર વિચાર ધરાવતી મહિલા તરીકે દેખાશે, જે તેના અગાઉના બોલ્ડ પાત્રો કરતા તદ્દન અલગ હશે.

આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર આ સિરીઝનું શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે અને તેની વાર્તા જટિલ ગુનાખોરી અને તેની તપાસની આસપાસ વણાયેલી છે. ફેન્સ આ સમાચાર સાંભળીને એકદમ આનંદમાં આવી ગયા છે. લાંબા સમય બાદ પોતાની ફેવરેટ સ્ટારને મોટા પડદા પર જોવા માટે તેઓ ખૂબ જ ઉત્સુક છે.

વાત કરીએ રિચાના વર્કફ્રન્ટની તો ૨૦૦૮માં ‘ઓય લકી! લકી ઓય!’થી કરિયરની શરૂઆત કરનાર રિચાને ૨૦૧૨માં ‘ગેંગ્સ ઓફ વાસેપુર’થી અસલી ઓળખ મળી હતી. આ સિવાય વેબ સિરીઝ ‘હીરામંડી’માં તેણે પોતાની એક્ટિંગથી એ સાબિત કરી દીધું કે તે ભલે ગમે તેટલા નાના રોલમાં હોય, પણ પોતાની મજબૂત છાપ છોડી જાય છે. હવે આ નવો રોલ તેના કરિયરમાં એક નવો માઈલસ્ટોન સાબિત થઈ શકે છે. ■

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# દિલીપકુમારની ત્રણ શ્રમિક ફિલ્મ

## પહેલી મે મજૂર દિન તરીકે મનાવવામાં આવે છે. હિન્દી ચિત્રપટ સૃષ્ટિમાં આ વિષય કેન્દ્રમાં રાખી ફિલ્મો બનાવવામાં આવી છે.


દો બીઘા જમીનઃ લાજવાબ બલરાજ સાહની


નમકહરામઃ રાજેશ ખન્ના–અમિતાભની બીજી અને અંતિમ ફિલ્મ

વિષમ વાતાવરણમાં રોજના ૧૨થી ૧૬ કલાક કામ કરતા શ્રમિકો બહેતર પરિસ્થિતિમાં આઠ કલાક કામ કરે એ આશય સાથે યુએસના શિકાગો શહેરમાં પહેલી મે, ૧૮૮૬માં કામદારો હડતાળ પર ઉતર્યા હતા. એ કોશિશને પગલે યુએસમાં ૧૮૯૦થી પહેલી મે ‘લેબર ડે’ તરીકે ઉજવાય છે. આપણા દેશમાં કામદારોના હક અંગે જાગૃતિ ફેલાવવા લેબર કિસાન પાર્ટી ઓફ હિન્દુસ્તાન દ્વારા મદ્રાસ (ચેન્નઈ)માં ૧૯૨૩ની પહેલી મેથી શ્રમિક દિનની ઉજવણીનો પ્રારંભ થયો હતો.

ભારતીય અને વિશેષ કરીને હિન્દી ચિત્રપટ ઉદ્યોગ સાથે શ્રમદાન કરનારો એક મોટો વર્ગ સંકળાયેલો હોય છે જેમાં લાઈટ્સમેન, સ્પોટબોય સહિત અનેક લોકોનો સમાવેશ થાય છે. શ્રમિકો અને તેમની સમસ્યાઓને વાચા આપતી ફિલ્મો બનાવવાના પ્રયાસ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જોવા મળ્યા છે. આજે પહેલી મે છે એ નિમિત્તે કેટલીક જાણીતી ફિલ્મોનું આચમન કરીએ જેમાં મજદૂર વર્ગને ધ્યાનમાં રાખવામાં આવ્યો હતો.

**દો બીઘા જમીનઃ**

ફિલ્મ કેવળ મનોરંજન માટે જ નહીં, બલકે જીવનનું સત્ય પડદા ઉપર ઉતારવાનું માધ્યમ પણ હોવી જોઈએ એવું પ્રસિદ્ધ ફિલ્મમેકર બિમલ રોય માનતા હતા. ૧૯૫૪માં રિલીઝ થયેલી ‘દો બીઘા જમીન’માં દેવું ચૂકવવા રિક્ષા હાંકવાનું કામ મજબૂરીથી કરતા ખેડૂતની વ્યથા કથા છે. શ્રમિક વર્ગના શોષણની આ ક્લાસિક કથાના ચિત્રપટમાં બલરાજ સાહનીએ શોષિત શંભુ નામના ખેડૂતની ભૂમિકા ભજવી છે. ગામની જમીન રેઢી મૂકી બે પૈસા જોડવા કલકત્તા આવી રિક્ષા ચલાવવાનું કામ કરતા શંભુનો રઝળપાટ અને શાહુકારો અને શ્રીમંત વેપારીઓ દ્વારા એને નીચોવી લેવાની વૃત્તિ એ સમયના ભારતમાં અનેક ઠેકાણે નજરે પડતી હતી. આજની તારીખમાં પણ ‘દો બીઘા જમીન’ જોશો તો એની વ્યથા તમારા મનને સ્પર્શી જશે. ૧૯૫૪માં આયોજિત પ્રથમ ફિલ્મફેર એવૉર્ડમાં શ્રેષ્ઠ ચિત્રપટ અને શ્રેષ્ઠ દિગ્દર્શકના એવૉર્ડ આ ફિલ્મને એનાયત થયા હતા.

**દિલીપકુમાર - (નયા દૌર, પૈગામ અને મજદૂર):**

શહેરી બાબુ (અંદાઝ, લીડર) હોય કે ગામડાનું પાત્ર (ઉડન ખટોલા, ગંગા જમના) હોય, દિલીપ કુમાર દરેક પાત્રમાં સુંદર રીતે ઢળી જતા. ગ્રામ્ય પરિવેશની તેમની કેટલીક ફિલ્મો યાદગાર છે જેમાં નંબર વન પર નિર્વિવાદપણે ‘ગંગા જમના’ જ આવે. આજે એવી ત્રણ ફિલ્મ વિશે જાણીએ જેમાં દિલીપકુમાર શ્રમિક વર્ગનું અને એની ફરતે વીંટળાયેલી રોજગારની સમસ્યાનું પ્રતિનિધિત્વ કરે છે. ૧૯૫૭માં રિલીઝ થયેલી બી. આર. ચોપડાની ‘નયા દૌર’ની કથા સ્વતંત્ર ભારતના એક ગામડામાં આકાર લે છે. સમયના વહેણ સાથે બદલાતા જનજીવનની વાત છે જેમાં મશીનથી ચાલતી બસ અને પરંપરાગત ઘોડાગાડી - બળદગાડાનો સંઘર્ષ કેન્દ્રસ્થાને છે. સૂક્ષ્મરૂપે મશીન માણસનો રોજગાર છીનવી લે એની વાત છે. આજે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના સ્વરૂપમાં એ જ સમસ્યા ફરી મોં ફાડી ઊભી હોય એવું નથી લાગતું? હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે મહારથી દિલીપકુમાર - રાજકુમારની પ્રથમ ફિલ્મ ‘પૈગામ’ (૧૯૫૯)માં બે ભાઈની વાત છે. દિલીપકુમાર શહેરમાં ભણીગણી આવેલા યુવાનના રોલમાં છે, જ્યારે રાજકુમાર ફેક્ટરી કામદાર તરીકે છે. વાર્તા વળાંક લે છે અને દિલીપકુમાર ફેક્ટરીમાં યુનિયન બનાવી હડતાળ કરાવે છે અને બંને ભાઈ વચ્ચે તણખા ઝરે છે. જો તમને મુંબઈ શહેરની મિલ સંસ્કૃતિ અને એની હડતાળ વિશે જાણકારી હોય તો આ ફિલ્મ તમને વધુ ગમશે.

આજ રીતે બી. આર. ચોપડાના પુત્ર રવિ ચોપડા દિગ્દર્શિત ફિલ્મ ‘મજદૂર’માં મજૂર વર્ગની વ્યથાને વાચા આપવામાં આવી છે. મિલ મજૂરોની વિટંબણા સાથે જૂની પેઢીના મિલમાલિકની ઉદારતા અને સુકાન નવી પેઢીના હાથમાં આવ્યા પછી મજૂરને બદલે નફાને પ્રાધાન્ય આપવાની વૃત્તિ પર ફોક્સ કરવામાં આવ્યું છે. દિલીપકુમાર મજૂરોના હિતમાં બળવો કરતા કામદારના રોલમાં છે જે પછી મિલમાલિક બની જાય છે. યોગ્ય મહેનતાણું અને કામ કરવા માટે સાનુકૂળ વાતાવરણ જેવા સર્વકાલીન મુદ્દા અહીં પણ હાજર છે. દિલીપ કુમારની અદાકારી ફિલ્મને પ્રેક્ષણીય બનાવે છે.

**નમકહરામઃ**

ઋષિકેશ મુખરજી હળવીફૂલ સંવેદનશીલ કોમેડી ફિલ્મો બનાવવા માટે પ્રખ્યાત હતા. અલબત્ત તેમણે ‘સત્યકામ’, ‘અભિમાન’, ‘મિલી’ જેવી ફિલ્મો સુધ્ધાં બનાવી છે. હા, રાજકારણ કે કાવાદાવા હોય એવી ફિલ્મથી તેઓ મોટેભાગે દૂર રહ્યા. અલબત્ત, ‘નમકહરામ’ એમાં અપવાદ હતી. દેશભરની મિલો અને કામદારોના યુનિયન વચ્ચેના સંઘર્ષની પાર્શ્વભૂમિ પરની આ ફિલ્મ શરૂ થાય છે બે મિત્રોના સ્નેહથી જે સમય - સંજોગોને કારણે મિલ કામદાર - મિલ માલિકના સંઘર્ષની કથા બની જાય છે. મિત્રના ક્ષેમકુશળ માટે ફેક્ટરીના કામદારોમાં તિરાડ પાડવા ગયેલા સોમુ (રાજેશ ખન્ના)માં મજૂરોની વિષમતા હૃદય પરિવર્તન થાય છે. રાજેશ ખન્ના - અમિતાભ બચ્ચને સાથે કામ કર્યું હોય એવી આ બીજી અને અંતિમ ફિલ્મ (પહેલી ‘આનંદ’) હતી. ■


મજદૂરઃ મજૂર વર્ગની વ્યથાને વાચા

Norma Rae - Schindler's List- હોલિવૂડમાં ઈન્ટરનેશનલ લેબર ડે - મજૂરને કેન્દ્રમાં રાખી ફિલ્મો બની છે, પણ જૂજ ફિલ્મોને વ્યાપક પ્રસિદ્ધિ - એવૉર્ડ મળ્યા છે. આ સંદર્ભમાં બે ફિલ્મનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ. એક છે ૧૯૭૯માં આવેલી Norma Rae અને બીજી છે જગવિખ્યાત Schindler's List. ૧૯૭૯ની ફિલ્મમાં નોર્મા નામની ફેક્ટરી વર્કર કેન્દ્રમાં છે જે ટેક્સટાઈલ મિલમાં મજૂરોના યુનિયન માટે લડત ચલાવે છે. બોક્સ ઓફિસ પર ફિલ્મ ટંકશાળ સાબિત થઈ હતી. ૪.૫ મિલિયન ડોલરના બજેટની ફિલ્મ ૨૨ મિલિયન ડોલરનું કલેક્શન કરવામાં સફળ રહી હતી. સિવાય બેસ્ટ એક્ટ્રેસ અને બેસ્ટ મ્યુઝિકના ઓસ્કર એવોર્ડ પણ એનાયત થયા હતા. સ્ટીવન સ્પીલબર્ગની ‘શિંડલર્સ લિસ્ટ’ રૂઢ અર્થમાં મજદૂર પ્રશ્નો પર આધારિત ફિલ્મ નહોતી. એ હોલોકાસ્ટ ફિલ્મ હતી, મતલબ કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્મનીના નાઝીઓ દ્વારા ૬૦ લાખ જ્યુઈશ લોકોના નરસંહારની દર્દનાક કથા પર આધારિત ફિલ્મ હતી. ઓસ્કર શિંડલર નામનો ફેક્ટરી માલિક પોલેન્ડના જ્યુઈશ લોકોને કેવી રીતે બચાવી લે છે એ એનું કથાબીજ હતું. બાવીસ મિલિયન ડૉલરના બજેટમાં તૈયાર થયેલી આ ફિલ્મ ૩૨૨ મિલિયનનો અદ્ભુત વકરો કરવામાં સફળ રહી હતી. ઓસ્કરમાં બેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડિરેક્ટર સહિત સાત એવૉર્ડ એનાયત થયા હતા.

---

## શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# ક્રિટિક્સ વર્સેસ ઓડિયન્સઃ આખરી જજ કોણ?

## રેટિંગ અને રિયાલિટી વચ્ચે વધતો જતો ગેપ શું સૂચવે છે...




‘માઇકલ’ ફિલ્મને લઈને હાલ જે પ્રતિસાદ જોવા મળી રહ્યો છે તે ફરી એકવાર બતાવે છે કે સિનેમા હંમેશાં બે અલગ દુનિયામાં જીવતું આવ્યું છે એક ક્રિટિક્સની દુનિયા અને બીજું ઓડિયન્સનું જગત ... આ બંને વચ્ચે મતભેદ તો હંમેશાં રહ્યા છે, પરંતુ આ વખતે જે ગેપ અંતર જોવા મળે છે તે થોડો વધારે સ્પષ્ટ અને તીવ્ર લાગે છે. ‘માઇકલ’ રિલીઝ થતાં જ જબરદસ્ત બોક્સ ઓફિસ કમાણી કરી રહી છે. શરૂઆતના જ દિવસોમાં તે વિશ્વભરમાં ૨૦૦ મિલિયન ડૉલરથી વધુ કમાણી કરી ગઈ, પરંતુ બીજી બાજુ ક્રિટિક્સે તેને ખાસ પસંદ નથી કરી, જ્યાં તેનો ‘રોટન ટોમેટોઝ’ પર ક્રિટિક્સ સ્કોર આશરે ૩૫ થી ૪૦ ટકા વચ્ચે છે. ત્યાં જ ઓડિયન્સ સ્કોર ૯૬ થી ૯૭ ટકા સુધી પહોંચી ગયો છે. આ માત્ર નાનો મતભેદ નથી, પરંતુ એ બતાવે છે કે એક જ ફિલ્મને લોકો અને ક્રિટિક્સ કેટલી અલગ રીતે જુએ છે.

(બાય ધ વે, ‘રોટન ટોમેટોઝ રિવ્યૂ’ કે ‘ટોમેટોમીટર’ સ્કોર એટલે વ્યાવસાયિક વિવેચકોની સમીક્ષાઓની ટકાવારી.. )

‘માઇકલ’ના કેસમાં ખાસ વાત એ છે કે બંને પક્ષ ખોટા નથી. તે બસ અલગ રીતે ફિલ્મને જોઈ રહ્યા છે. ઘણા ક્રિટિક્સ કહે છે કે ફિલ્મમાં માઇકલ જેક્સનની જિંદગીના કોન્ટ્રોવર્શિયલ અને ડાર્ક પાસાઓને અવગણવામાં આવ્યા છે અને તેને ખૂબ સેફ રાખવામાં આવી છે. તેમના માટે આ ફિલ્મ એક બાયોપિક છે, જેમાં સચ્ચાઈ અને ડેપ્થ હોવી જોઈએ. જ્યારે ઓડિયન્સ માટે આ ફિલ્મ એક સેલિબ્રેશન છે. તેમના માટે સંગીત, નોસ્ટેલ્જિયા અને તે ભાવ કે તે બધા ફરી એકવાર પોતાના ફેવરિટ આઇકનને અનુભવી રહ્યા છે, તે વધુ મહત્ત્વનું છે એટલે જ જ્યાં ક્રિટિક્સ સ્ટોરી અને પ્રામાણિકતા પર ફોકસ કરે છે, ત્યાં ઓડિયન્સ અનુભવ અને ઇમોશન પર રિએક્ટ કરે છે હાઈએસ્ટ બાયોપિક ગ્રોસર બનાવી દે છે.

આવો ગેપ નવો નથી. હોલિવૂડમાં ઘણા સમયથી એ જોવા મળે છે. ઉદાહરણ તરીકે ‘બોહેમિયન રેપ્સોડી’ જેવી ફિલ્મને લો.

ક્રિટિક્સે તેને મિક્સ રિવ્યૂ આપ્યા હતા અને કહ્યું હતું કે ફિલ્મ બહુ ફોર્મ્યુલા જેવી છે અને તેમાં ઘણા ફેક્ટ આધારિત ફેરફારો છે. આમ છતાં ઓડિયન્સે તેને દિલથી સ્વીકારી અને ફિલ્મે લગભગ ૯૦૦ મિલિયન ડૉલર કમાણી કરી.

આ જ પેટર્ન અન્ય ફિલ્મ્સમાં પણ જોવા મળે છે. ‘જોકર’ ફિલ્મે ઘણા ક્રિટિક્સને ડિવાઇડ કર્યા, કેટલાકે તેને ‘બોલ્ડ’ ગણાવી. તો કેટલાકે તેને ‘પ્રોબ્લેમેટિક’ કહી, પરંતુ ઓડિયન્સ સાથે તેનું કનેક્શન એટલું મજબૂત રહ્યું કે ફિલ્મે એક બિલિયન ડૉલરથી વધુ કમાણી કરી. બીજી બાજુ ‘બ્લેડ રનર ૨૦૪૯’ જેવી ફિલ્મ ક્રિટિક્સને ખૂબ ગમી, પરંતુ સામાન્ય ઓડિયન્સને એટલી ખેંચી શકી નહીં. આથી સ્પષ્ટ થાય છે કે ક્રિટિકલ પ્રશંસા અને ઓડિયન્સ ઍંગેજમેન્ટ બે અલગ બાબત છે.

આપણે ત્યાં –ઇન્ડિયામાં આ ગેપ વધુ સ્પષ્ટ રીતે જોવા મળે છે. કારણ કે અહીં સિનેમા સાથે લોકોનો સંબંધ થોડો અલગ છે. અહીં સ્ટાર પાવર, ઇમોશન અને મસાલો ખૂબ મહત્ત્વ ધરાવે છે. ‘કબીર સિંહ’ જેવી ફિલ્મને લો. ક્રિટિક્સે તેની ભારે ટીકા કરી, કારણ કે તેમાં ઘણા પ્રોબ્લેમેટિક એલિમેન્ટ્સ હતા, છતાં તે બ્લોકબસ્ટર બની. ‘ગદરઃ એક પ્રેમ કથા’ અને તેની સિક્વલ ‘ગદર ૨’ને પણ ક્રિટિક્સે ઓવર ધ ટોપ ગણાવી, પરંતુ ઓડિયન્સે તેને ઐતિહાસિક સફળતા આપી. તાજેતરમાં ‘એનિમલ’ ફિલ્મ પણ આવી જ ચર્ચામાં રહી. ઘણા ક્રિટિક્સે તેને મોરલી– નૈતિકતાના ધોરણે પ્રશ્નાસ્પદ ગણાવી, પરંતુ ઓડિયન્સે તેને સારો રીતે વધાવી પરિણામે ફિલ્મે જબરદસ્ત કમાણી કરી. બીજી બાજુ ‘તમાશા’ અને ‘સ્વદેશ’ જેવી ફિલ્મ્સને ક્રિટિક્સે વખાણી પણ શરૂઆતમાં ઓડિયન્સનો મોટો સપોર્ટ ન મળ્યો. જોકે સમય જતાં તે કલ્ટ બની ગઈ. આ બધું બતાવે છે કે લોકો હંમેશાં ક્રિટિક્સ જે કહે છે તે જ શોધતા નથી.

આ ગેપ કેમ બને છે તેનું મુખ્ય કારણ છે એક્સપેક્ટેશન– અપેક્ષા... ક્રિટિક્સ ફિલ્મને એક આર્ટ ફોર્મ તરીકે જુએ છે. તેમના માટે સ્ટોરી, થિમ અને મેસેજ મહત્ત્વના હોય છે. જ્યારે ઓડિયન્સ માટે ફિલ્મ એક અનુભવ છે. તેમના માટે મજા, ઇમોશન, કનેક્શન અને નોસ્ટેલ્જિયા વધુ મહત્ત્વના છે. ‘માઇકલ’ના કેસમાં પણ આ જ થયું છે. લોકો ફિલ્મ જોવા જાય છે, કારણ કે તે બધા ફરી એકવાર માઇકલ જેક્સનનો જાદુ અનુભવવા માગે છે અને ફિલ્મ તેમને એ અનુભવ આપે છે.

આ ઉપરાંત આજના સમયમાં ઓડિયન્સ વધુ ગ્લોબલ અને અવાજદાર બની ગઈ છે. સોશ્યલ મીડિયા પર લોકો પોતાનો મત તરત જ શેર કરે છે. લોકો પોતાના ફેવરિટ સ્ટાર અથવા આઇકન સાથે ઇમોશનલ રીતે જોડાયેલા હોય છે. જ્યારે ક્રિટિક્સ તેની ટીકા કરે છે ત્યારે ઘણા લોકો તેને વ્યક્તિગત રીતે લે છે. ભારતમાં તો ફેન કલ્ચર ખૂબ મજબૂત છે. લોકો પોતાના સ્ટારને સપોર્ટ કરે છે ભલે ફિલ્મ કેવી પણ હોય. હોલિવૂડમાં પણ ‘વેનમ’ જેવી ફિલ્મ્સ આ કારણે સફળ થાય છે, કારણ કે તે ફેન્સને જે જોઈએ છે તે આપે છે.

જોકે આનો અર્થ એ નથી કે ક્રિટિક્સ બિનજરૂરી થઈ ગયા છે. તેમનું કામ આજે પણ મહત્ત્વનું છે. તે ફિલ્મમેકર્સને વધુ સારી અને હિંમતભરી ફિલ્મ્સ બનાવવા માટે પ્રેરણા આપે છે. જો માત્ર ઓડિયન્સની પસંદગી પર બધું ચાલે તો કદાચ સિનેમા વધુ સેફ અને ફોર્મ્યુલાયુક્ત બની જાય. તેથી બંને વચ્ચેનું સંતુલન જરૂરી છે. ■

**લાસ્ટ શોટ**

*હું ફિલ્મ્સ ક્રિટિક્સ માટે બનાવતો નથી, હું ઓડિયન્સ માટે બનાવું છું.* - *ક્વેન્ટીન ટેરેન્ટિનો*

---

## ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

### ફરહાન .... એક આગવો ‘ફિલોસોફર’



ફરહાન અખ્તર

ફરહાન અખ્તર હવે ફિલોસોફર થઇ ગયો છે. ના, ના... એણે ડાયરેક્શન છોડી નથી દીધું. વાત એવી છે કે ‘ડોન ૩’ ને લઈને રણવીરસિંહને સાથે એને કંકાસ થયો. હવે એક સમાચાર અનુસાર રણવીરે વચલો રસ્તો એવો કાઢ્યો કે એ આ ફિલ્મમાંથી તો દૂર થઇ જશે, પરંતુ ફરહાનની આગામી બે ફિલ્મમાં તે દસ કરોડનું રોકાણ કરશે... જોકે ફરહાનને તો ડોનનો ત્રીજો ભાગ તો બનાવવાનો જ છે એટલે એ તો એ બનાવશે...

એક તાજા ઇન્ટરવ્યૂમાં ફરહાનને પૂછવામાં આવ્યું કે ‘ડોન ૩’નાં વિવાદમાંથી તે શું શીખ્યો?’ તો એકદમ ફિલસોફી કરતાં ફરહાને જણાવ્યું કે હું આ વિવાદમાંથી એ શીખ્યો કે જીવનમાં ઓચિંતું ગમે તે થઇ શકે છે એણે એ પણ ઉમેર્યું કે તેને એમ પણ લાગે છે કે જ્યારે આવો કોઈ આકસ્મિક બનાવ બને તો તેને સ્વીકારી લેવો જોઈએ... ફરહાનને એમ પણ સમજાઈ ગયું છે કે જ્યાં સુધી કોઈ ફિલ્મ પૂરી ન થાય ત્યાં સુધી ગમે તે થઇ શકે છે, આથી ફિલ્મ પૂરી થાય પછી જ નિર્માતાઓ અને નિર્દેશકોએ રાહતનો શ્વાસ લેવો જોઈએ.

જોકે એ ઇન્ટરવ્યૂમાં રણવીરસિંહ વિષે ફરહાને કોઈ વાત કરી નથી. હવે જ્યારે વિવાદનો અંત (લગભગ) આવી જ ગયો છે તો ફરહાનનાં માનવા અનુસાર જે થયું એને ભૂલી જઈને આગળ વધવામાં જ સમજદારી છે.

### હા , હવે થઇ સાચી ‘હેરાફેરી’


ફિરોઝ નડિયાદવાલા

‘હેરાફેરી’ની ફ્રેન્ચાઈઝ ભારતીય ફિલ્મ ઇતિહાસમાં અનોખી છે. તેનાં બંને ભાગ આજે પણ આપણા દર્શકો વારેવારે જોવે છે. એટલું જ નહીં, પરંતુ આજની પેઢી આ ફિલ્મના મીમ્સ બનાવી અને જોઇને એન્જોય કરે છે.

જોકે ખરી હેરાફેરી તો હવે થવા જઈ રહી છે. ફિરોઝ નડિયાદવાલાએ ઓલરેડી ‘હેરાફેરી’નાં ત્રીજા ભાગની જાહેરાત કરી દીધી છે, પરંતુ પરેશ રાવળ સાથે ટેક્નિકલ વિવાદ થયા પછી ફિલ્મ હાલપૂરતી કોમામાં જતી રહી છે.

બીજી તરફ, ‘સેવન આર્ટ્સ ઇન્ટરનેશનલ’ના કોઈ જીપી વિજયકુમારે મદ્રાસ હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરીને કહ્યું છે કે ‘હેરાફેરી’ની સિક્વલ બનાવવાના રાઈટ્સ તેમની પાસે છે અને આથી ફિરોઝભાઈને તેનો ત્રીજો ભાગ બનાવવાનો કોઈ અધિકાર નથી.... !

કોઈને પણ આ દલીલ સાંભળીને આશ્ચર્ય થાય અને ધક્કો પણ લાગે, પરંતુ ફિરોઝ નડિયાદવાલા આ કેસથી ગભરાયા નથી.

ફિરોઝભાઈને આ કેસ વિશે જાણ થઇ તો તે તરત પહોંચ્યા મુંબઈનાં આંબોળી પોલીસ સ્ટેશન અને આ જીપી (ગોપાલા પિલ્લાઇ) વિજયકુમાર વિરુદ્ધ ચિટિંગની ફરિયાદ - એફઆઈઆર કરી દીધી. એમાં એમણે સ્પષ્ટ કરી દીધું છે કે ‘હેરાફેરી’ ફ્રેન્ચાઈઝનાં તમામ રાઈટ્સ તેમની પાસે જ છે અને આ વાતને સાબિત કરવા માટે તેમની પાસે દસ્તાવેજી પુરાવા પણ છે. આમ જોઈએ તો વાત જીપી વિજયકુમાર દ્વારા થોડો વિવાદ ઊભો કરીને સસ્તી લોકપ્રિયતા મેળવવાની ઈરાદો લાગે છે તેનાથી વિશેષ કશું નહીં.

### ‘થ્રી ઈડિયટ્સ’ સિક્વલ ઈઝ ઓન... !


આર. માધવન

આમિર ખાન હાલમાં એનાં દીકરાની ફિલ્મ રિલીઝમાં બિઝી છે. પણ આ વ્યસ્તતાની વચ્ચે પણ તેણે એક ઉત્સાહવર્ધક સમાચાર આપ્યા છે. ફિલ્મનાં પ્રમોશન દરમિયાન જ્યારે તેને દાદાસાહેબ ફાળકેની બાયોપિક અંગે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે, ‘એ ફિલ્મ બાબતે હું ખૂબ ભાવુક છું, પરંતુ મને ખ્યાલ છે ત્યાં સુધી રાજુ (રાજકુમાર હિરાણી) અને અભિજાત જોશી હાલમાં ‘થ્રી ઈડિયટ્સ ટુ’ની વાર્તા લખવામાં બીઝી છે.’

ટૂંકમાં આમિર મિયાંનું માનીએ તો ‘થ્રી ઈડિયટ્સ’ની સિક્વલ ચોક્કસ આવી રહી છે. ક્યારે? એ ખબર નહીં. તો પછી આપણે એમ માનવાનું કે આમિર ખાન પહેલાં આ સિક્વલ પતાવશે અને પછી દાદાસાહેબની બાયોપિક પર કામ શરૂ કરશે? એટલે આમિર ખાન અને રાજુ હિરાણી પાસે બે પેન્ડિંગ પ્રોજેક્ટ છે એમ પણ માની લેવાનું ને?

આતો થઇ આમિરની વાત, પણ થોડાં સમય અગાઉ જ્યારે આર. માધવન જે ‘થ્રી ઈડિયટ્સ’નો મહત્ત્વપૂર્ણ હિસ્સો હતો તેને આ ફિલ્મની સિક્વલ વિષે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું હતું કે, ‘અમારાં બધાંની ઉંમર તો જુઓ? શું તમને લાગે છે કે અમે આ ઉંમરે અને આટલા બધા બદલાઈ ગયેલા ચહેરે એવાં જ લાગીશું જેવાં અમે પહેલાં ભાગમાં લાગતાં હતાં?’

જોકે હવે જ્યારે આમિરે પેપર ફોડી જ નાખ્યું છે તો એ માનવું રહ્યું કે ‘થ્રી ઈડિયટ્સ’ની સિક્વલ આવી રહી છે, પણ માધવને જે કહ્યું એને પણ ધ્યાનમાં લેવા જેવું ખરું. ■

**કટ એન્ડ ઓકે...**



*સૈફ અલી ખાનનો ક્રાઈમ ડ્રામા ‘કર્તવ્ય’ ૧૫ મે ના ‘નેટફ્લિક્સ’ પર રિલીઝ થશે, જેને શાહરૂખ ખાનની ‘રેડ ચીલીઝે’ પ્રોડ્યુસ કરી છે.*

# રિયાન પરાગને વૅપિંગ કરવું ભારે પડ્યું : મેચ ફીના પચીસ ટકાનો દંડ

નવી દિલ્હીઃ રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગને ગુરુવારે મેચ ફીના પચીસ ટકાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. તેને આ દંડ મુલ્લાનપુરમાં પંજાબ કિંગ્સ સામેની આઈપીએલ મેચ દરમિયાન કેમેરા પર ઈ-સિગરેટ પીતા (વૅપિંગ) ઝડપાયા બાદ રમતની છબી ખરાબ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. મંગળવારે રાત્રે રોયલ્સની ઇનિંગ દરમિયાન પરાગે કરેલી આ હરકતોની સોશ્યલ મીડિયા પર વ્યાપક ટીકા થઈ હતી.

ઓન-ફીલ્ડ અમ્પાયર તન્મય શ્રીવાસ્તવ અને નીતિન મેનનએ મેચ સમાપ્ત થયા પછી તરત જ મેચ રેફરી અમિત શર્માને ઘટનાની જાણ કરી ન હતી, પરંતુ તેઓએ વીડિયો જોયા બાદ આ અંગે ફરિયાદ કરી હતી. મેચ રેફરી શર્માએ ત્યારબાદ પરાગને આઈપીએલના નિયમો અનુસાર આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા પ્રકરણે દોષિત ઠેરવ્યો હતો. લેવલ-૧ ના ગુનામાં મેચ ફીમાંથી પચીસ ટકા કપાત અને એક ડિમેરિટ પોઈન્ટ છે.

આઈપીએલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રિયાને ગુનો અને મેચ રેફરી અમિત શર્મા દ્વારા લાદવામાં આવેલ દંડ સ્વીકારી લીધો છે. વધુમાં કહેવામાં આવ્યું છે કે આઈપીએલની વિશ્વસનીયતા જાળવી રાખવા માટે બીસીસીઆઈ ભૂલ કરનારી ટીમ, તેના અધિકારીઓ અને ખેલાડીઓ સામે કડક કાર્યવાહી કરવા માટે અન્ય વિકલ્પો પર પણ વિચાર કરી રહ્યું છે.

બીસીસીઆઈના સેક્રેટરી દેવજીત સાઇકિયાને રાજસ્થાન રોયલ્સ સામે સંભવિત કાર્યવાહી વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે ''અમે ટીમ સામે શું કાર્યવાહી કરવી જોઈએ તે વિચારી રહ્યા છીએ. હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.' ■

# બોલરોની કમાલ પછી બૅટરોની ધમાલઃ ગુજરાતે હરાવ્યું બેંગ્લૂરુને



અમદાવાદઃ હોમગ્રાઉન્ડ રમી રહેલી ગુજરાત ટાઇટન્સની ટીમના બોલરોએ ૧૯.૨ ઓવરમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુનો ફક્ત ૧૫૫ રનમાં વીંટો વાળી દીધા પછી કેપ્ટન શુભમન ગિલ અને જોસ બટલરની આક્રમક બેટિંગની મદદથી ગુજરાતે ૧૫.૫ ઓવરમાં છ વિકેટે વિજયી લક્ષ્ય સિદ્ધ કર્યું હતું. હા, ભુવનેશ્વર કુમાર (૨૮ રનમાં ૩ વિકેટ) અને રોમારિયો શેફર્ડ (૩૦ રનમાં બે વિકેટ)ની બોલિંગને લીધે ગુજરાત માટે થોડી મુશ્કેલી થઈ હતી પરંતુ ગિલ અને બટલરે એટલી ઝડપથી શરૂઆતમાં રન બનાવ્યા હતા કે રન રેટ કોઈ મુશ્કેલી નહોતો. અંતે ઇમ્પેક્ટ પ્લેયર રાહુલ તેવટિયા (૧૭ બોલ, ૨૭ રન)એ ગુજરાતની નૈયા પાર લગાવી હતી. ગિલ (૧૮ બોલ, ૪૩ રન) અને બટલર (૧૯ બોલ, ૩૯ રન)ને કારણે ગુજરાતનો સ્કોર આઠમી ઓવરમાં ૯૨ રન હતો.

અગાઉ, ગુજરાત ટાઇટન્સ સામે પ્રથમ બેટિંગ કરતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુ ૧૯.૨ ઓવરમાં માત્ર ૧૫૫ રન જ બનાવી શક્યું. તેમના તરફથી દેવદત્ત પડિક્કલે સૌથી વધુ ૪૦ રન કર્યા હતા. ગુજરાત તરફથી અરશદ ખાને ત્રણ વિકેટ લીધી, જ્યારે જેસન હોલ્ડર અને રાશિદ ખાને બે-બે વિકેટ લીધી. મોહમ્મદ સિરાજ અને કગિસો રબાડાએ પણ એક-એક વિકેટ લીધી હતી.ટોસ શુભમન ગલિ જીત્યો હતો.

રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુની શરૂઆત ખૂબ જ સારી રહી અને વિરાટ કોહલી પણ શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો હતો. તેણે કગિસો રબાડાની પહેલી અને બીજી ઓવરમાં સતત પાંચ ચોગ્ગા ફટકાર્યા હતા. જોકે, ત્રીજી ઓવરમાં મોહમ્મદ સિરાજે જેકેબ બેથેલને રાશિદ ખાનના હાથે કેચ કરાવીને પહેલો ફટકો આપ્યો હતો. ત્યારબાદ રબાડાએ કોહલીને આઉટ કર્યો હતો. કોહલીએ ૧૩ બોલમાં ૨૮ રન કર્યા હતા.

રજત પાટીદાર ૧૯ રને અર્શદ ખાનનો શિકાર બન્યો હતો. જિતેશ શર્મા (૧) ખાસ કંઈ કરી શક્યો નહીં, હોલ્ડરની પહેલી ઓવરના પહેલા બોલ પર જોસ બટલરને કેચ આપી બેઠો હતો. ગુજરાત તરફથી અર્શદ ખાન સૌથી સફળ બોલર રહ્યો, તેણે ત્રણ વિકેટ લીધી, જ્યારે જેસન હોલ્ડરે બે વિકેટ ઝડપી હતી. ■

# બુમરાહને બક્ષો, એ પણ માણસ છેઃ પોલાર્ડ

મુંબઈઃ મુંબઈ ઈન્ડિયન્સના બેટિંગ કોચ કાઇરોન પોલાર્ડે જણાવ્યું હતું કે જસપ્રીત બુમરાહ જેવા દિગ્ગજ ફાસ્ટ બોલરનો પણ ક્યારેક ખરાબ દિવસ અથવા ખરાબ સત્ર આવી શકે છે. પોલાર્ડે ભારતના આ સ્ટાર ઝડપી બોલરને બહવી દેવાની વાત કરી હતી. બુમરાહે આઈપીએલમાં પોતાનો ત્રીજો સૌથી મોંઘો સ્પેલ ફેંક્યો હતો. બુમરાહે બુધવારે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ચાર ઓવરમાં ૫૪ રન આપ્યા હતા અને તેને એક પણ વિકેટ મળી નહોતી. હૈદરાબાદ છ વિકેટથી આ મેચ જીતી ગયું હતું.

મુંબઈ ઈન્ડિયન્સે રિયાન રિકલ્ટનના અણનમ ૧૧૩ રનની મદદથી ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૪૩ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં હૈદરાબાદે ૧૮/૪ ઓવરમાં ચાર વિકેટે ૨૪૯ રન કરીને વિજય મેળવ્યો હતો. જ્યારે પત્રકારોએ વર્તમાન આઈપીએલમાં બુમરાહની બોલિંગ પર સવાલ ઉઠાવ્યો ત્યારે પોલાર્ડે કહ્યું હતું કે, ''જ્યારે કોઈ ક્રિકેટર સારું પ્રદર્શન કરી રહ્યો નથી ત્યારે અમે તેના દરેક પાસાને જોઈએ છીએ કે તે શા માટે સારું પ્રદર્શન કરી રહ્યો નથી અને જસપ્રીત બુમરાહનો કેસ પણ અલગ નથી.''

વધુમાં પોલાર્ડે કહ્યું હતું કે '' એક માણસ તરીકે તમને ભૂલો કરવાનો, દિવસ, સીઝન કે મહિનો ખરાબ જવો તમારો હક છે. મને લાગે છે કે આપણે ક્યારેક તેણે કરેલી સારી બોલિંગને યાદ રાખવી જોઈએ. હા, આપણે વર્તમાનમાં જીવવાનો પ્રયાસ કરીએ છીએ અને તેણે અપેક્ષા મુજબ સારું પ્રદર્શન કર્યું નથી, પરંતુ તે લાંબા સમયથી મુંબઈ ઇન્ડિયન્સ અને ભારત માટે નંબર વન બોલર રહ્યો છે. મને લાગે છે કે ક્યારેક આપણે ક્રિકેટરોને થોડી રાહત આપી શકીએ છીએ કારણ કે કમનસીબે આપણે હંમેશાં લોકોની નજરમાં હોઈએ છીએ. ■



# હાર્દિકના કેમ હાલહવાલ?

## મુંબઈ ઈન્ડિયન્સના કંગાળ દેખાવને કારણે હવે તેની કેપ્ટનશિપ સામે સવાલઃ પર્સનલ લાઇફના પ્રોબ્લેમ્સ કારણ હોવાની ચર્ચા



નવી દિલ્હીઃ આઈપીએલ ૨૦૨૬ના ૪૧મો મુકાબલો મુંબઈ ઈન્ડિયન્સ (એમઆઇ) અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાયો હતો. મુંબઈએ પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ૫ વિકેટના નુકસાન પર ૨૪૩ રન બનાવ્યા હતા. જેના જવાબમાં સનરાઈઝર્સ હૈદરાબાદે ૧૮.૪ ઓવરમાં ૪ વિકેટ ગુમાવી ૨૪૯ રન બનાવીને લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. આઇપીએલ પોઈન્ટ ટેબલમાં હાલ મુંબઈ છેલ્લેથી બીજા (નવમા) ક્રમે છે અને પ્લેઓફમાં પહોંચવાનું પણ મુશ્કેલ લાગી રહ્યું છે. આ દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યાની કેપ્ટનશિપ સામે સવાલ ઊભો થયો છે અને તેની અંગત બાબતોને લઈને પણ ચર્ચામાં આવ્યો છે. સોશ્યલ મીડિયા પર મુંબઈની હારના બદલે હાર્દિકની પર્સનલ લાઈફ ટ્રેન્ડ થઈ રહી છે. મુંબઈએ આઈપીએલ સીઝનની પ્રથમ મેચ જીતી હતી, ત્યાર પછી એક વીડિયો વાયરલ થયો હતો. વાયરલ વીડિયોમાં હાર્દિકની ગર્લફ્રેન્ડ બસમાંથી ઉતરીને સીધી જ તેના તરફ દોડી હતી અને ભેટી પડી હતી. આ મામલો અહીંથી જ નહોતો અટક્યો. એવા પણ અહેવાલ સામે આવ્યા કે, હાર્દિકની ગર્લફ્રેન્ડ સાથે હોવાથી મુંબઈ ઈન્ડિયન્સની ટીમ બસને આશરે ૨૦ મિનિટ સુધી રાહ જોવી પડ હતી.

આ ઉપરાંત સોશ્યલ મીડિયા પર બીજો એક ટ્રેન્ડ શરૂ થયો છે, જે મુજબ જ્યારથી માહિકા શર્મા સ્ટેડિયમમાં આવી છે ત્યારથી મુંબઈ ઈન્ડિયન્સ એક પણ મેચ જીતી શક્યું નથી. ક્રિકેટ ચાહકોએ હાર્દિકની કેપ્ટનશિપ પર સવાલ પણ ઉઠાવ્યા છે. ભલે આ અતિશયોક્તિ લાગતી હોય પરંતુ ફેન્સ હવે તેને ટીમના પ્રદર્શન સાથે જોડીને જોઈ રહ્યા છે. ■

# આઈપીએલ સ્પીનરો બોલને સ્પીન જ નથી કરાવતા : મુરલીધરન

મુંબઈઃ શ્રીલંકાના દિગ્ગજ સ્પિનર મુથૈયા મુરલીધરનનું માનવું છે કે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં સ્પિનર્સ બોલને સ્પિન કરવાનો પ્રયાસ કરતા નથી કારણ કે તેમણે નાની ઉંમરથી આ કૌશલ્ય શીખ્યું નથી અને ટૂર્નામેન્ટ દરમિયાન તે કલા શીખવી અશક્ય છે.

મુરલીધરને કહ્યું હતું કે આજકાલ સ્પિનર્સ બોલને ટર્ન કરવા અને બેટ્સમેનોને વિચારવા માટે મજબૂર કરવાની કળા શીખતા નથી કારણ કે તેઓનું ધ્યાન ફક્ત વિવિધતા મારફતે રન રોકવા પર રહે છે. બુધવારે મુંબઈ ઇન્ડિયન્સ સામે સનરાઇઝર્સ હૈદરાબાદની છ વિકેટની જીત બાદ મુરલીધરને કહ્યું, ''ઘરેલુ ક્રિકેટમાં પણ સ્પિન બોલરો માટે પરિસ્થિતિ આવી જ રહી છે. જ્યારે અમે ક્રિકેટ રમતા હતા ત્યારે સ્પિનર તરીકે તમારે બોલને ટર્ન કરવો પડતો હતો. તે તમારો પ્રાથમિક ઉદ્દેશ્ય રહેતો હતો. આજકાલ તે મુખ્ય વાત રહી નથી કારણ કે દરેક વ્યક્તિ ટેસ્ટ ક્રિકેટ રમવા વિશે વિચારી રહ્યો નથી. તેઓ વન-ડે ક્રિકેટ રમવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.'' તેમણે કહ્યું હતું કે, ''નાની ઉંમરે પણ તેઓ ફક્ત ઝડપી બોલિંગ કરવાનો અને બોલમાં વિવિધતા ઉમેરવાનો પ્રયાસ કરે છે, તેને ટર્ન કરાવવાનો નહીં.'' ■

# સ્ટાર્કની એન્ટ્રી આજે દિલ્હીને રાજસ્થાન સામે જીત અપાવી શકશે?

જયપુરઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ મેચમાં આજે દિલ્હી કેપિટલ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મેચ રમાશે. અક્ષર પટેલની કેપ્ટનશિપ હેઠળની દિલ્હી કેપિટલ્સ માટે આ સીઝન મુશ્કેલ રહી છે. ટીમના પ્રદર્શનમાં છેલ્લી બે મેચમાં નોંધપાત્ર ઉતાર-ચઢાવ આવ્યો છે. એક તરફ તેઓએ ૨૫૦થી વધુ રન કર્યા હતા પરંતુ વિરોધી ટીમે તે લક્ષ્ય હાંસલ કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો હતો જ્યારે બીજી તરફ તેઓ રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુ સામે ફક્ત ૭૫ રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા. બીજી તરફ ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્ક ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તરફથી મંજૂરી મળ્યા બાદ ટીમમાં વાપસી કરવા માટે તૈયાર છે. શું તેની વાપસી દિલ્હીના ભાગ્ય પલટાવી શકશે?

અગાઉ દિલ્હીએ ગુજરાત ટાઇટન્સ સામેની મેચ એક રનની ગુમાવી હતી. દિલ્હી ત્રણ જીત અને ચાર હાર સાથે પોઈન્ટ ટેબલમાં સાતમા ક્રમે છે અને તેણે પ્રદર્શન સુધારવાની જરૂર છે. દિલ્હીની સૌથી મોટી ચિંતા તેમની બેટિંગમાં સાતત્યનો અભાવ છે. લોકેશ રાહુલ, ડેવિડ મિલર, ટ્રિસ્ટન સ્ટબ્સ અને સમીર રિઝવી જેવા ખેલાડીઓએ મોટી ઈનિંગ રમી છે પરંતુ સમગ્ર ટીમ એકસાથે સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહી છે.

છેલ્લી મેચમાં અભિષેક પોરેલે 'ઈમ્પેક્ટ પ્લેયર' તરીકે બેટિંગ કરીને ટીમને શરમજનક સ્કોર પર ઓલઆઉટ થવાથી બચાવી હતી. તેથી ટીમ મેનેજમેન્ટ તેને પ્લેઈંગ ઈલેવનમાં તક આપવાનું વિચારી શકે છે. બો લુંગી એનગિડી ઉપલબ્ધ ન હોવાના કારણે સ્ટાર્કની વાપસી દિલ્હીની બોલિંગને મજબૂત કરશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે જેમિસન અથવા દુષ્મંથા ચમીરાનું સ્થાન લેશે. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दहकना | પાખંડી |
| दहलीज | ડર |
| दहशत | ગર્જના |
| दहाडना | ઉંબરો |
| दांभिक | બળવું |

## જાણવા જેવું

આશા પારેખે માતાના આગ્રહને કારણે અત્યંત નાની ઉંમરે શાસ્ત્રીય નૃત્યની તાલીમ લેવાની શરૂઆત કરી હતી. નૃત્ય કાર્યક્રમમાં હાજર ફિલ્મમેકર બિમલ રોય પ્રભાવિત થયા અને દસ વર્ષની ઉંમરે 'બાપ બેટી' ફિલ્મથી સિનેપ્રવેશ થયો. સોળ વર્ષની ઉંમરે 'સ્ટાર મટિરિયલ' ન હોવાને કારણે ફિલ્મ 'ગૂંજ ઊઠી શહનાઇ' ફિલ્મમાંથી વિજય ભટ્ટે કાઢી મૂક્યાં હતાં.

## ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ચિત્રપટ સૃષ્ટિના સુવર્ણ દોરની અત્યંત પ્રસિદ્ધ જોડી ઉપેન્દ્ર ત્રિવેદી - સ્નેહલતાની સુપરહિટ ફિલ્મનું નામ જણાવો.

અ) શેતલને સથવારે
બ) રાજા ભરથરી
ક) કાદુ મકરાણી
ડ) મેરુ માલણ

## નોંધી રાખો

ભારતીય સિને જગતની પ્રથમ ડબલ રોલવાળી ફિલ્મ 'લંકા દહન' હતી જેમાં અન્ના સાળુંકેએ રામ - સીતાનો ડબલ રોલ કર્યો હતો.

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ■ | | ■ | ૮ | |
| ૯ | | | ■ | ૧૦ | | | ૧૧ | ■ | |
| ■ | ■ | | ■ | | ■ | ■ | ૧૨ | | ■ |
| ૧૩ | | | ■ | ૧૪ | ૧૫ | | ■ | ■ | ■ |
| ■ | ■ | ■ | ૧૬ | | | ■ | ૧૭ | | |
| ■ | ૧૮ | ૧૯ | ■ | ■ | | ■ | | | ■ |
| ૨૦ | ■ | ૨૧ | ૨૨ | | | ■ | ૨૩ | | ૨૪ |
| ૨૫ | ૨૬ | ■ | | ■ | ■ | ૨૭ | | ■ | |
| ૨૮ | | | | ■ | ■ | ૨૯ | | | |

### આડી ચાવી

૧. મૂળાક્ષરોનો અનુક્રમ (૪)
૪. સહેજે, વીના મહેનતે (૪)
૭. --- થોડી ને વેષ ઝાઝા (૨)
૮. --- પાછળ અંધારું (૨)
૯. બોલ, શબ્દ (૩)
૧૦. એક ઘરના હોય તેવો ગાઢ સંબંધ (૪)
૧૨. સૂકું, ભીનું નહીં તેવું (૨)
૧૩. પૃથ્વી (૩)
૧૪. બળ, શક્તિ (૩)
૧૬. વેપાર (૩)
૧૭. આવા બલા --- ગલા (૩)
૧૮. પોતાનું (૨)
૨૧. જાદુ, કુનેહ (૪)
૨૩. પાપી (૩)
૨૫. ઔષધ (૨)
૨૭. વહેમ (૨)
૨૮. ડરામણું, ભયાનક (૪) (જો.છૂ.)
૨૯. સસલું (૪)

### ઊભી ચાવી

૧. કજિયો, કંકાસ (૩)
૨. ક્રમ પ્રમાણે એક પછી એક (૫)
૩. પદ્ધતિ, રૂઢિ (૨)
૪. સમુદ્ર (૩)
૫. ટીપ, વિગતવાર નોંધ (૨)
૬. લીલ (૩)
૧૦. તોફાન, ભયંકર યુદ્ધ (૪)
૧૧. સાવ બોડું કેશ રહિત માથું (૨)
૧૫. --- નહીં શીખાતા આપસ મેં બેર રખના (૪)
૧૭. બીજાનું ભલું કરવું તે (૫)
૧૯. જીદ, હઠ (૨)
૨૦. યાદવોની અંદરઅંદરની લડાઈ (૩)
૨૨. ફળદ્રુપ (૩)
૨૪. તૃષા (૩)
૨૬. સત્ત્વ, કસ (૨)
૨૭. એક જાતની દરિયાઈ પ્રાણીનું કોટલું (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ પ્ર | ૨ સ | ન | | | ૩ જ | ૪ ન | ૫ ક | |
| ૫અ ગ | ભા | રો | | | ૬ રો | | ૭ વી | ર | તા |
| | ૮ વ | જ | ૯ ન | | ૧૦ જ | ૧૧ મા | ન | ત | |
| ૧૨ દ | શા | | | ૧૩ લા | | હે | | ૧૪ બ | ૧૫ ગ |
| ૧૬ બ | ળી | યા | | ૧૭ લ | ૧૮ હે | ર | | | ણ |
| દ | | | ૧૯ સં | સા | ર | | ૨૦ સાં | ૨૧ પ્ર | ત |
| ૨૨ બો | ૨૩ લી | | ચા | | ત | | | ૨૪ ભા | ર |
| | ૨૫ લા | ૨૬ પ | ર | ૨૭ વા | | ૨૮ પુ | ૨૯ નિ | ત | |
| ૩૦ ગા | ગ | ર | | પુ | | | ૩૧ ગા | ફે | લ |
| | ૩૨ ર | મ | ણી | | | ૩૩ પ્ર | હ | રી | |

## ઓળખાણ પડી?



અનિલ કપૂર - માધુરી દીક્ષિતની જોડી કેટલીક ફિલ્મોમાં સાથે જોવા મળી છે. રાજકુમાર સંતોષી દિગ્દર્શિત ફિલ્મની ઓળખાણ પડી?

અ) તેજાબ બ) બેટા ક) રામ લખન ડ) પુકાર

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

ગ્રેટેસ્ટ શોમેન રાજ કપૂરે કારકિર્દીમાં અનેક હીરોઈન સાથે કામ કર્યું છે. મીના કુમારી સાથે એમની જોડી કઈ ફિલ્મમાં હતી એ જણાવો.

અ) બૂટ પૉલિશ બ) અનાડી ક) શારદા ડ) પરવરીશ

## માઈન્ડ ગેમ

સંખ્યાબંધ ફિલ્મોમાં ખલનાયકની ભૂમિકા કર્યા પછી મનોજ કુમારની કઈ ફિલ્મમાં પ્રાણ અલગ પ્રકારના રોલમાં દેખાયા હતા એ ખબર છે?

અ) રોટી કપડાં ઔર મકાન બ) ઉપકાર ક) દસ નંબરી ડ) ક્રાંતિ

## સુડોકુ-૯૨૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | ૬ | ૪ | | |
| ૪ | | | ૩ | | ૭ | | | ૬ |
| | ૮ | ૩ | ૧ | | | | ૨ | |
| ૨ | | | | | | ૭ | | |
| | ૧ | | | ૭ | | | ૪ | |
| | | ૬ | | | | | | ૯ |
| | ૨ | | | | ૮ | ૯ | ૬ | |
| ૫ | | | ૬ | | ૨ | | | ૧ |
| | | ૮ | ૯ | | | | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૯ | ૮ | ૬ | ૭ | ૫ | ૧ | ૪ |
| ૭ | ૮ | ૫ | ૯ | ૧ | ૪ | ૩ | ૬ | ૨ |
| ૧ | ૬ | ૪ | ૨ | ૩ | ૫ | ૮ | ૭ | ૯ |
| ૩ | ૧ | ૭ | ૬ | ૯ | ૨ | ૪ | ૮ | ૫ |
| ૬ | ૪ | ૮ | ૧ | ૫ | ૩ | ૨ | ૯ | ૭ |
| ૫ | ૯ | ૨ | ૪ | ૭ | ૮ | ૬ | ૩ | ૧ |
| ૪ | ૫ | ૧ | ૩ | ૮ | ૯ | ૭ | ૨ | ૬ |
| ૯ | ૭ | ૩ | ૫ | ૨ | ૬ | ૧ | ૪ | ૮ |
| ૮ | ૨ | ૬ | ૭ | ૪ | ૧ | ૯ | ૫ | ૩ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दस्त | જુલાબ |
| दस्तक | ટકોરા |
| दस्तखत | હસ્તાક્ષર |
| दस्ताना | હાથનું મોજું |
| दस्तूर | રિવાજ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
નૈન ચકચૂર છે

**ઓળખાણ પડી?**
શોં કોનરી

**માઈન્ડ ગેમ :**
હદ કર દી આપને

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
જુગનુ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) નીતા દેસાઈ (૮) ભારતી બુચ (૯) હર્ષા મહેતા (૧૦) પુષ્પા પટેલ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજિતા ખોના (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) ભાવના કર્વે (૧૫) કમલ માતલિયા (૧૬) ભરત કજરિયા (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) જ્યોત્સના ગાંધી (૨૪) રમેશભાઈ દલાલ (૨૫) હિનાબેન દલાલ (૨૬) ઈનાક્ષીબેન દલાલ (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) નિતીન જયંતીલાલ બજરિયા (૩૦) અંજુ ટોલિયા (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) પુષ્પા ખોના (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અરવિંદ કામદાર (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) મહેશ દોશી (૩૮) ડો. પ્રકાશ કટકિયા (૩૯) પ્રતિમા પમાણી (૪૦) ધીરેન્દ્ર મુલરાજ (૪૧) મહેશ સંઘવી (૪૨) પ્રવીણ વોરા

**ક્વિઝ ૧૬૯ જવાબ** ૧) પજેરો ગાડી ૨) ઝંડુ બામ ૩) મરફી રેડિયો ૪) ફેવિકોલ ૫) કેડબરી, અમૂલ, કોમ્પ્લેન ૬) કોકા કોલા ૭) ચવનપ્રાશ

**ક્વિઝ ૧૭૦ જવાબઃ** ૧) ઉજાલા - શમ્મી કપૂર, માલા સિન્હા ૨) એરાઉન્ડ ધ વર્લ્ડ - રાજ કપૂર, રાજશ્રી ૩) બહુ બેગમ - મીના કુમારી ૪) તીસરી કસમ - રાજ કપૂર ૫) હાથી મેરે સાથી - રાજેશ ખન્ના ૬) અપના દેશ - રાજેશ ખન્ના, મુમતાઝ ૭) ગુપ્ત - બોબી દેઓલ

# તળાજા મતગણતરી કેન્દ્રો પર પત્ની વિજેતા બની પણ સન્માન પતિઓએ મેળવ્યું!



ભાવનગર જિલ્લાના તળાજાના છેવાડે આવેલી હોટલના ગ્રાઉન્ડ નજીક પાર્ક કરેલ લકઝરી બસ સાથે બાઈક અથડાતા ચાલકનું મોત થયું હતું. આ અકસ્માતમાં જુના શોભાવડ ગામના પ્રજાપતિ ચીમનભાઈ રણછોડભાઈ આશાપુરાનું મોત થયું હતું. બાઈકચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા પાર્ક કરેલી લકઝરી બસ સાથે બાઈક અથડાતા ગંભીર ઈજા થવાના કારણે તેઓનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. (તસવીરઃ વિપુલ હિરાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૫૦% મહિલા અનામત સુધીની જોગવાઈનો અમલ પણ થઈ રહ્યો છે તો તેની સાથે જમીની વાસ્તવિકતા અલગ છે. તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં તાલુકા અને જિલ્લા પંચાયતના મતદાન કેન્દ્રો પર મહિલા ઉમેદવારના બદલે તેઓના પતિ જ આવ્યા હતા. વિજેતાઓએ પત્નીના બદલે પતિઓએ ફૂલહાર અને સન્માન સ્વીકારી લીધા હતા.

ન્યાયપાલિકા ક્ષેત્રે પણ મહિલાઓને એક્ઝિક્યુટિવ કમિટીમાં સમાવેશ કરવાના આદેશનું પાલન થઈ રહ્યું છે. મહિલાઓ માટે જન પ્રતિનિધિત્વને લઈ અનામત બેઠકો આપવામાં આવે છે તેમ છતાંય તળાજા વિસ્તારમાં મહિલાઓને પણ પ્રાધાન્ય આપવામાં આવતું નથી. મહિલા અનામત હોય તેનો લાભ પણ પતિદેવો જ મેળવતા જોવા મળે છે. આ ચૂંટણીમાં તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીના પ્રચારથી લઈ છેક મતગણતરી કેન્દ્ર સુધી મહિલા પોતે ઉમેદવાર હોવા છતાંય ભાગ્યેજ ક્યાંક જોવા મળી હતી.

મતગણતરી કેન્દ્રની બહાર વિજેતા મહિલાના પતિ અથવા તો પરિવારના સભ્યો જ પોતે જ જાણે ઉમેદવાર હોય તે રીતે ફૂલહાર પહેરતા અને સન્માન મેળવતા જોવા મળ્યા હતા. એકલ દોકલને બાદ કરતા એકપણ પતિ પોતાની પત્નીને લાવ્યા નહોતા. જીત પત્નીની થઈ પરંતુ શુભેચ્છાઓ અને સન્માન લેવા માટે તેમના પતિઓ પહોંચ્યા હતા. ■

# રાપરમાં ખેડૂતના ૩૦૦ મણ એરંડામાં મધરાતે લગાવાઈ આગ, લાખોનું નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સીમાવર્તી રાપર તાલુકાના નલિયા ટીમ્બા ગામે મોડી રાત્રે એક ખેડૂતની વાડીમાં રાખેલા એરંડાના ઢગલામાં અજાણ્યા શખ્સોએ આગ ચાંપતા ચકચાર મચી ગઈ હતી. અંદાજે ૩૦૦ મણ જેટલા એરંડાના જથ્થાને નુકસાન પહોંચાડવાના આ કૃત્ય પાછળ અસામાજિક તત્ત્વોનો હાથ હોવાની શંકા સેવવામાં આવી રહી હતી.

સૂત્રો દ્વારા મળતી વિગતો પ્રમાણે આ ઘટના નલિયા ટીમ્બાના ખેડૂત રૂપસંગજી ભગુજી જાડેજાની વાડીમાં બની હતી. રાત્રિના સમયે ગામમાં લગ્ન પ્રસંગ હોવાથી ડીજેના અવાજ અને ઉત્સાહના માહોલ વચ્ચે કોઈ અજાણ્યા શખ્સે રાત્રે અંદાજે ૩ વાગ્યાની આસપાસ વાડીમાં રાખેલા એરંડાના ઢગલામાં દીવાસળી ચાંપી હતી. લગ્નના ઘોંઘાટને કારણે શરૂઆતમાં કોઈનું ધ્યાન આગ તરફ ગયું નહોતું.

વહેલી સવારે શાકભાજી લેવા નીકળેલા રાહદારીએ વાડીમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોયા હતા. તેણે તુરંત ખેડૂત પરિવારને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ ગામલોકો અને ટ્રેક્ટર માલિકો પાણીના ટેન્કર અને કેરબા લઈને ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવાયો હતો, પરંતુ ત્યાં સુધીમાં એરંડાના જથ્થાનો ત્રીજો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો. જો સમયસર જાણ ન થઈ હોત તો લાખોની કિંમતના ૩૦૦ મણ એરંડા સંપૂર્ણપણે નાશ પામ્યા હોત.

આ અંગે ગાગોદર પોલીસ મથકે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ કોઈ અંગત અદાવતનું પરિણામ છે કે અન્ય કોઈ કારણ? તે જાણવા માટે પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. ■

# કચ્છનું 'સફેદ સોનું': ઔષધીય ગુણોથી ભરપૂર ઊંટડીનું દૂધ હવે વૈશ્વિક ફલક પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના રણપ્રદેશમાં વસતા ઊંટ આજે માત્ર વાહનવ્યવહારનું સાધન જ નહીં, પણ આરોગ્ય માટે 'અમૃત' સમાન ગણાતા દૂધના સ્રોત તરીકે ઊભરી રહ્યા છે. વનસ્પતિઓ આરોગતા ઊંટનું દૂધ તેના અદભુત ઔષધીય ગુણોને કારણે હવે 'સફેદ સોનું' તરીકે ઓળખાઈ રહ્યું છે. કચ્છના ઊંટ ખારી જાર, બાવળ, કેરડો, લીમડો, ખીજડો અને થોર જેવી ૨૦થી વધુ પ્રકારની વનસ્પતિઓ ચરે છે. નિષ્ણાતોના મતે, આ જંગલી વનસ્પતિઓના સેવનથી ઊંટડીના દૂધનું પોષણમૂલ્ય અનેકગણું વધી જાય છે.

સઉદી જર્નલ ઓફ બાયોલોજિકલ સાયન્સના રિસર્ચ મુજબ, ઊંટડીના દૂધમાં ગાયના દૂધ કરતાં ત્રણથી પાંચ ગણું વધુ વિટામિન-સી હોય છે. વળી, તેનું પ્રોટીન માળખું માનવ દૂધ (માતાના દૂધ) સાથે સામ્યતા ધરાવતું હોવાથી તે નવજાત શિશુઓ અને એલર્જી ધરાવતા લોકો માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. ઊંટડીનું દૂધ વિટામિન બી-૧૨, ઝીંક, આયર્ન અને કેલ્શિયમથી સમૃદ્ધ છે. જે લોકો લેક્ટોઝ અસહિષ્ણુતા ધરાવે છે અથવા જેમને ગાય-ભેંસના દૂધથી એલર્જી છે, તેમના માટે આ દૂધ આશીર્વાદરૂપ છે. આ સાથે ડાયાબિટીસના દર્દીઓ માટે તે અત્યંત અસરકારક છે અને હાડકાંની મજબૂતી તેમજ રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

ભારતના કુલ ઊંટોના ૯૦ ટકા વસ્તી ગુજરાત અને રાજસ્થાનમાં છે. જોકે, આંકડાકીય દ્રષ્ટિએ ઊંટોની સંખ્યામાં ચિંતાજનક ઘટાડો નોંધાયો છે. વર્ષ ૧૯૭૦માં ૧૧ લાખની સંખ્યા સામે ૨૦૧૯માં માત્ર ૨.૫ લાખ ઊંટ જ વધ્યાં છે. ૨૦૧૯માં ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ દ્વારા ઊંટના દૂધને ખાદ્ય પદાર્થ તરીકે માન્યતા મળ્યા બાદ પશુપાલકોમાં નવો ઉત્સાહ જોવા મળ્યો છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે અગાઉ જે દૂધ ૨૦-૨૫ રૂપિયે વેચાતું હતું, તેની માગ વધતા હવે દૈનિક ૫૦૦૦ લિટર જેટલું દૂધ એકત્રિત કરવામાં આવે છે. આ 'કચ્છી અમૃત'નો પાવડર વિદેશમાં નિકાસ કરવાની તૈયારીઓ પણ જોરશોરથી ચાલી રહી છે, જે આગામી સમયમાં કચ્છના પશુપાલકો માટે આર્થિક સમૃદ્ધિના નવા દ્વાર ખોલશે. કચ્છમાં મુખ્યત્વે રબારી, ફકીરાણી જત અને સમા સમુદાય ઊંટ ઉછેર સાથે સંકળાયેલા છે. ધર્મના ભેદભાવ વગર ૩૫૦થી વધુ પરિવારો સાથે મળીને આ વ્યવસાયના નિર્ણયો લે છે. ખારાઈ ઊંટ, જે દરિયાના પાણીમાં તરી શકે છે, તે કચ્છની ઓળખ બની ગયા છે. ■

# સિવિયર હિટવેવની આગાહી વચ્ચે કચ્છમાં અંગ દઝાડતો તાપ, ભુજમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં પણ ગરમીનો પારો સતત ઊંચો આવી રહ્યો છે. જિલ્લાના મુખ્ય મથક ભુજમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી જતાં આ કિલ્લેબંધ શહેર જાણે ગરમ તવામાં ફેરવાયું હતું, જ્યારે કંડલા એરપોર્ટ મથકે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર પહોંચતાં ગાંધીધામ, આદિપુર,અંજાર,મેઘપર બોરીચી સહિતના વિસ્તારોએ તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો.

૪૧ ડિગ્રીએ તપેલા ભુજમાં દિવસભર પ્રતિ કલાક ૨૨થી ૨૫ કિલોમીટરની તેજ ગતિએ ફૂંકાતા ઉના પવને ગરમીનો ડંખ વધારતાં શહેરીજનો અકળાયા હતા. કાળઝાળ ગરમીના કારણે મધ્યાહ્ને બજારો અને જાહેર માર્ગો પર નહિવત્ ચહલ પહલ જોવા મળી રહી હતી. વળી, મોબાઈલ ફોનના વેધર એપ્લિકેશનમાં બપોરે એક વાગ્યે ભુજનું ૪૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું અને અલ્ટ્રા વાયોલેટનો ઇન્ડેક્સ પણ ૧૦ નોંધાયો હતો.

કચ્છના પશ્ચિમ કાંઠાના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં પણ તાપમાન ૩૮ ડિગ્રી પર પહોંચતાં અંગ દઝાડતી ગરમીનો પ્રકોપ જોવા મળ્યો હતો. સીમાવર્તી રાપરમાં ઉષ્ણતામાનનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચતાં વાગડ વિસ્તાર લૂથી લાલચોળ બન્યો હતો. આ સાથે ખાવડામાં પારો ૪૨ ડિગ્રીએ પહોંચતા રણકાંધી પણ ધગધગી ઊઠી હતી. રાત્રે પણ ૨૫થી ૨૮ ડિગ્રી જેટલું ઊંચું તાપમાન રહેતાં ગરમીથી છુટકારો મળતો નથી. દરિયાકાંઠાનાં શહેરો જેવા કે, માંડવી, મુંદરા ખાતે પણ મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી જેટલું રહેવા પામ્યું હતું. ■



ભાવનગર નજીકના ઘોઘાના મુખ્ય કબ્રસ્તાનની અંદર આવેલા હઝરત રોશન ઝમીર પીર સૈયદ ઈબ્રાહીમશા બગદાદી (ર.અ.) નો ઉર્ષ શરીફ શાનદાર રીતે ઉજવવામાં આવ્યો હતો. આ ઉર્ષ પ્રસંગે ઘોઘા ગામમાં મીલાદ શરીફ સાથે સંદલ શરીફનું ઝુલુસ નીકળ્યું હતું. આ ઝુલુસ દરગાહ શરીફમાં પહોંચતા દરગાહ શરીફમાં સંદલ શરીફ, ચાદર શરીફ, સલાતો સલામસ સામુહીક દુવાઓ, ન્યાઝ શરીફ, મીલાદ શરીફ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ ઉર્ષ પ્રસંગે મોટી સંખ્યામાં હિંદુ-મુસ્લીમો ઉપસ્થિત રહેતા કોમી એક્તા અને ભાઈચારાના દર્શન પણ થયા હતા. આ દરગાહ શરીફ કોમી એક્તાનું પ્રતિક છે. (તસવીરઃ વિપુલ હિરાણી)

# રાપરના અમરાપરમાં તળાવમાં ન્હાવા પડેલા ૧૫ વર્ષીય કિશોરનું ડૂબી જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના રાપર તાલુકાના પલાંસવા નજીક આવેલા અમરાપર ગામે તળાવમાં ન્હાવા ગયેલા ચાર મિત્રો પૈકી એક કિશોરનું પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું હતું. અંદાજે ત્રણ કલાકની ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા કિશોરના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. ૧૫ વર્ષીય કિશોરનું અકાળે મોત થતા સમગ્ર પંથકમાં ભારે શોકનો માહોલ છવાઈ ગયો હતો.

અમરાપર ગામના તળાવમાં ચાર બાળકો ન્હાવા માટે ગયાં હતાં. આ દરમિયાન ૧૫ વર્ષીય કિશોરનો અચાનક પગ લપસી જતાં તે ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. તેની સાથેના અન્ય મિત્રોએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તંત્રને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ ભચાઉ ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન આધુનિક કેમેરા અને સાધનોની મદદ લેવામાં આવી હતી. અંદાજે ત્રણ કલાકની શોધખોળ બાદ તેનો મૃતદેહ મળી આવ્યો હતો. માસૂમ પુત્રના મોતના સમાચારથી અમરાપર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સ્થાનિક પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી હતી. ■

# ભુજથી હાવડા વચ્ચે વન-વે સ્પેશિયલ ટ્રેન દોડાવાશે, ઉનાળુ વેકેશનમાં રાહત રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઉનાળુ વેકેશન દરમિયાન પ્રવાસીઓના ધસારાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા કચ્છ સહિત ગુજરાતનાં ચાર શહેરોથી પશ્ચિમ બંગાળના હાવડા સુધી વન-વે સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ ગાંધીધામથી માલદા ટાઉન વચ્ચે બે ટ્રીપ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ હવે ભુજ, રાજકોટ, સાબરમતી અને વટવાથી હાવડા માટે વિશેષ સુવિધા ઊભી કરવામાં આવી છે.

રેલવેના જનસંપર્ક અધિકારીના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૦૯૪૧૧ (ભુજ-હાવડા વન-વે સ્પેશિયલ) તારીખ ૩૦ એપ્રિલ, ગુરુવારના રોજ ભુજથી બપોરે ૦૩:૩૦ કલાકે રવાના થશે. આ ટ્રેન મુસાફરીના ત્રીજા દિવસે સાંજે ૦૫:૨૫ કલાકે હાવડા સ્ટેશને પહોંચશે. આ સ્પેશિયલ ટ્રેન લાંબા અંતરના પ્રવાસીઓની સુવિધા માટે વિવિધ રાજ્યોનાં મુખ્ય સ્ટેશનો પર થોભશે. રેલવેના આ નિર્ણયથી ખાસ કરીને પૂર્વ ભારત તરફ જતા શ્રમિકો અને પ્રવાસીઓને મોટી રાહત મળશે.

ગાંધીધામ, ભચાઉ, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર, બાંદીકુઈ અને ભરતપુર,ઈદગાહ આગ્રા, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, સુબેદારગંજ, મિર્ઝાપુર, પંડિત દીનદયાલ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર અને પટના, બખ્તીપુર, મોકામા, શિવસાગર રોડ, ભાગલપુર, સાહિબગંજ, ન્યૂ ફરક્કા, માલદા ટાઉન, અઝીમગંજ અને બંદેલ સહિતનાં સ્ટેશનો પર સ્ટોપેજ આપવામાં આવ્યા છે. પ્રવાસીઓની સુવિધા માટે આ સ્પેશિયલ ટ્રેનમાં સ્લીપર ક્લાસ, સેકન્ડ ક્લાસ, ચેરકાર અને જનરલ ક્લાસના કોચ જોડવામાં આવશે. ■

# મુંદરા કસ્ટોડિયલ ડેથ કેસમાં સુપ્રીમ કોર્ટે પૂર્વ સરપંચના વચગાળાના જામીન ફગાવ્યા

ભુજઃ રાષ્ટ્રીય સ્તરે ચકચારી બનેલા મુંદરા પોલીસ મથકના જાન્યુઆરી-૨૦૨૧ના કસ્ટોડિયલ ડેથ કેસમાં જેલમાં બંધ આરોપી અને સમાઘોઘાના પૂર્વ સરપંચ જયવીરસિંહ વિક્રમસિંહ જાડેજાને સુપ્રીમ કોર્ટમાંથી કોઈ રાહત મળી નથી. વર્ષ ૨૦૨૧થી પાલારા જેલમાં જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ રહેલા આરોપીએ હાઈ કોર્ટમાં નિયમિત જામીન અરજી પડતર હોવા છતાં, કેસની કાર્યવાહી દરમિયાન વચગાળાના જામીન પર મુક્ત થવા સુપ્રીમ કોર્ટમાં દાદ માંગી હતી. જોકે, સર્વોચ્ચ અદાલતે તમામ કાગળોની ચકાસણી અને સરકાર પક્ષની રજૂઆતો સાંભળ્યા બાદ આ જામીન અરજી રદ કરી દીધી હતી.

સુપ્રીમ કોર્ટમાં સરકાર પક્ષે એડવોકેટ કુ. સ્વાતિ ઘીલદયાલ અને કુ. નેહાસિંઘ હાજર રહ્યાં હતાં. ગત જાન્યુઆરી ૨૦૨૧માં ઘરફોડ ચોરીના કથિત ગુનામાં મુંદરા પોલીસે ત્રણ યુવકોને અચાનક ઉઠાવી, પોલીસ મથકમાં ગોંધી રાખીને અમાનુષી અત્યાચાર ગુજારતાં બે યુવકોના દર્દનાક મોત થયાં હતાં. જ્યારે એકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ચકચારી મામલે તત્કાલિન પોલીસ ઇન્સ્પેક્ટર પઢિયાર સહિત પાંચ પોલીસ કર્મી, ગ્રામ રક્ષક દળના બે જવાનો અને સમાઘોઘાના પૂર્વ સરપંચ સહિત દસ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ■

(તસવીરઃ વિપુલ હિરાણી)



ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય પ્રધાન નિમુબેન બાંભણિયાએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજેતા જનપ્રતિનિધિઓ સાથે બેઠક યોજીને જનસેવા માટે સક્રિય રહેવા અનુરોધ કર્યો હતો.

# અંજારમાં તસ્કરો બેફામ! બંધ મકાનને નિશાન બનાવી રૂપિયા ૨.૯૫ લાખની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અંજારઃ પૂર્વ કચ્છના અંજાર શહેરમાં તસ્કરોએ ફરી એકવાર તરખાટ મચાવ્યો હતો. અંજારની સ્વામી વિવેકાનંદ સોસાયટીમાં આવેલા એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત કુલ રૂ. ૨.૯૫ લાખની મતા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. વેપારી પરિવાર સામાજિક પ્રસંગે બહારગામ ગયો હતો ત્યારે તસ્કરોએ આ ખાતર પાડ્યું હતું.

ગાયત્રી ચાર રસ્તા પાસે આવેલી સ્વામી વિવેકાનંદ સોસાયટીમાં રહેતા અને છરી-ચપ્પાના વ્યવસાય સાથે સંકળાયેલા રાજેશભાઈ જયરામભાઈ પ્રજાપતિ ગત તારીખ ૨૬મી એપ્રિલના રોજ પરિવાર સાથે આણંદ ખાતે એક સામાજિક પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. આ દરમિયાન તેમનું મકાન બંધ હતું, જેનો લાભ તસ્કરોએ ઉઠાવ્યો અને ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. આ સમગ્ર મામલે પાડોશીએ ફોન કરી જાણ કરી હતી કે તેમના ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો છે. જેથી પરિવાર સત્વરે ઘરે આવી ગયો હતો.

ફરિયાદ પ્રમાણે ધારદાર હથિયાર વડે નકુચો તોડીને ઘરમાં પ્રવેશ કરનારા તસ્કરોએ લોખંડની તિજોરીમાં રાખેલા ત્રણ તોલાનું સોનાનું મંગળસૂત્ર, ત્રણ જોડી સોનાની બુટ્ટી, સોનાની ચેઈન, બે વીંટી અને વ્યવસાયના કામ માટે રાખેલા રૂપિયા ૨ લાખ રોકડા મળી કુલ રૂપિયા ૨,૯૫,૦૦૦ની મતાની ચોરી કરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આ ઘટના અંગે અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધીને સોસાયટી અને આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી હતી. આ સાથે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે પોલીસે તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં હતાં. ■

# આદિપુરમાં છરીની અણીએ રૂપિયા ૨.૪૫ લાખની મતા લૂંટ, ૧૦ દિવસ બાદ નોંધાઈ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઔદ્યોગિક પાટનગર ગાંધીધામ સંકુલમાં ગુનેગારો કેટલા બેફામ બન્યા છે, તેનો જીવતો જાગતો પુરાવો આદિપુરમાં સામે આવ્યો છે. અહીં એક મહિલાએ રડતા-રડતા લિફ્ટ માગી વેપારીની માનવતાનો ગેરફાયદો ઉઠાવી, પોતાના સાગરીત સાથે મળી ધોળા દિવસે રૂપિયા ૨.૪૫ લાખની લૂંટ ચલાવી હોવાની ઘટના સામે આવી હતી.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે વરસામેડીની બાગેશ્રી ટાઉનશિપમાં રહેતા અને ગાંધીધામમાં પ્લાયવૂડની દુકાન ચલાવતા વેપારી શનિ ગુપ્તા ગત તારીખ ૧૯ એપ્રિલના રોજ પોતાની કારમાં ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન આદિપુર નર્મદા ભવન પાસે મોઢે દુપટ્ટો બાંધેલી એક અજાણી મહિલાએ રડતા-રડતા તેમની કાર અટકાવી હતી. પોતે મુસીબતમાં છે અને ભાડાના પૈસા નથી તેમ કહી જુમાપીર ફાટક સુધી લિફ્ટ માગતા વેપારીએ તેને કારમાં બેસાડી હતી. ગાડી જુમાપીર ફાટક પાસે પહોંચતા જ મહિલાએ અગાઉથી ફોન કરીને બોલાવેલો તેનો સાગરીત મોટરસાઇકલ લઈને ત્યાં આવી પહોંચ્યો હતો અને વેપારીની કારમાં બેસી ગયો હતો. ત્યારબાદ વેપારીના ગળા પર છરી રાખી સોનાની ચેન અને રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૨.૪૫ લાખની લૂંટ ચલાવી હતી. ગભરાયેલા વેપારીએ બૂમાબૂમ કરતા આસપાસના યુવાનો દોડી આવતાં બંને આરોપીઓ નાસી છૂટ્યા હતા. નાસતા પહેલા આરોપીએ ધમકી આપી હતી કે, ''મારું નામ કાસમ ચાવડા છે, કિડાણામાં પૂછી લેજે, જો પોલીસ ફરિયાદ કરી તો જાનથી મારી નાખીશ.'' વેપારીએ સમયસૂચકતા વાપરી શખ્સની મોટરસાઇકલ (જીજે-૩૯-એચ-૬૫૫૨) અને બંને આરોપીઓના ફોટા પાડી લીધા હતા. જોકે, આશ્ચર્યની વાત એ છે કે ધોળા દિવસે બનેલી આ ગંભીર ઘટનાની ફરિયાદ ઘટનાના ૧૦ દિવસ બાદ નોંધાઈ હતી. હાલ આદિપુર પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા કવાયત શરૂ કરી હતી. ■